CMYK
CMYK
RNI NO. 46434/87,
ઓફિસઃ શ્રી નૂતન સૌરાષ્ટ્ર
દૈનિક, ભકિતનગર રેલ્વે સ્ટેશન
સર્કલ, મહારાણી લક્ષ્મીબાઈ
કન્યા વિદ્યાલય પાસે, ટાગોર રોડ,
રાજકોટ.
Email:
nutanpress@yahoo.com,
snssamachar.com

# શ્રી નૂતન સૌરાષ્ટ્ર

SINCE 1948
SHRI NUTAN SAURASHTRA

તંત્રી વિભાગ
૦૨૮૧-૨૪૬૬૭૭૨
૯૮૯૮૦૯૩૯૩૫
જાહેર ખબર વિભાગ
૯૮૯૮૨૦૩૫૩૬
ઓફિસ/વોટ્સએપ
૯૪૦૮૯૯૧૪૪૯

તંત્રી : વિક્રમ હસમુખરાય રાવલ, પુસ્તક–૧૧૦, અંકઃ ૧૭૧, વિક્રમ સંવત ૨૦૮૧, ફાગણ સુદ (૧૦), રવિવાર તા.૦૯–૦૩–૨૦૨૫, પાના– ૮, કિંમત રૂ.૧–૫૦ પૈસા

# હું વિશ્વનો સૌથી ધનિક વ્યક્તિ, મારા જીવનના ખાતામાં કરોડો માતાઓ અને બહેનોના આશીર્વાદ છેઃ વડાપ્રધાન

## મહિલાઓનું સન્માન એ સમાજ અને દેશના વિકાસ તરફનું પ્રથમ પગલું છેઃ મોદી



નવસારી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી મહિલા દિવસ નિમિત્તે ગુજરાતના નવસારી પહોંચ્યા છે. અહીં તેમણે મબહિલાઓને સંબોધિત કરતા કહ્યુ હતું કે "આજનો દિવસ મહિલાઓ પાસેથી પ્રેરણા લેવાનો અને કંઈક શીખવાનો છે. આ દિવસે, હું ગર્વથી કહી શકું છું કે હું વિશ્વનો સૌથી ધનિક વ્યક્તિ છું કારણ કે મારા જીવનના ખાતામાં કરોડો માતાઓ અને બહેનોના આશીર્વાદ છે, જે સતત વધી રહ્યા છે."પ્રધાનમંત્રીએ વધુમાં કહ્યું, "આપણા શાસ્ત્રોમાં મહિલાઓને નારાયણી કહેવામાં આવી છે. મહિલાઓનું સન્માન એ સમાજ અને દેશના વિકાસ તરફનું પ્રથમ પગલું છે.

તેથી, ભારતને વિકસિત બનાવવા માટે, ભારતના ઝડપી વિકાસ માટે, આજે ભારત મહિલા ભૂમિ વિકાસના માર્ગ પર આગળ વધ્યું છે." નરેન્દ્ર મોદીએ કહ્યું, "૨૦૧૪ થી, લગભગ ૩ કરોડ મહિલાઓ ગૃહિણી બની છે. આજે, સમગ્ર વિશ્વમાં જળ જીવન મિશનની પણ ખૂબ ચર્ચા થઈ રહી છે. જળ જીવન મિશન દ્વારા, આજે દેશના દરેક ગામ સુધી પાણી પહોંચી રહ્યું છે."વધુમાં મોદીએ કહ્યું કે અમારી સરકાર મહિલાઓના જીવનમાં સન્માન અને સુવિધા બંનેને સર્વોચ્ચ પ્રાથમિકતા આપે છે. અમે કરોડો મહિલાઓ માટે શૌચાલય બનાવીને તેમનું સન્માન વધાર્યું છે.

પીએમ મોદીએ કહ્યું, "અમે કરોડો મહિલાઓના બેંક ખાતા ખોલ્યા અને તેમને બેંકિંગ સિસ્ટમ સાથે જોડ્યા, ઉજ્જવલા સિલિન્ડર પૂરા પાડ્યા અને તેમને ધુમાડાની સમસ્યાથી બચાવ્યા. ટ્રિપલ તલાક સામે કડક કાયદો બનાવીને, અમારી સરકારે લાખો મુસ્લિમ બહેનોના જીવન બરબાદ થતા બચાવ્યા. જ્યારે કાશ્મીરમાં કલમ ૩૭૦ લાગુ થઈ, ત્યારે ત્યાંની બહેનો અને દીકરીઓ ઘણા અધિકારોથી વંચિત રહી ગઈ. જો તેઓ રાજ્યની બહાર કોઈ સાથે લગ્ન કરે, તો તેમનો પૈતૃક સંપત્તિ મેળવવાનો અધિકાર છીનવાઈ ગયો."તેમણે વધુમાં કહ્યું કે કલમ ૩૭૦ નાબૂદ થયા પછી, જમ્મુ અને કાશ્મીરમાં મહિલાઓને પણ તે બધા અધિકારો મળ્યા છે જે ભારતની દીકરીઓ અને બહેનોને મળે છે.

નરેન્દ્ર મોદીએ કહ્યું, "રાજકીય ક્ષેત્ર હોય કે રમતગમત ક્ષેત્ર, ન્યાયતંત્ર હોય કે પોલીસ, દેશના દરેક ક્ષેત્રમાં મહિલાઓનો ધ્વજ ઉંચો લહેરાતો રહ્યો છે. ૨૦૧૪ થી, દેશમાં મહત્વપૂર્ણ પદો પર મહિલાઓની ભાગીદારી ઝડપથી વધી છે. ૨૦૧૪ પછી જ કેન્દ્ર સરકારમાં સૌથી વધુ મહિલા મંત્રીઓની નિમણૂક કરવામાં આવી હતી. સંસદમાં પણ મહિલાઓની હાજરીમાં મોટો વધારો થયો છે. ૧૮મી લોકસભામાં, ૭૪ મહિલા સાંસદો લોકસભાનો ભાગ છે. ન્યાયતંત્રમાં મહિલાઓની ભાગીદારી એટલી જ વધી છે."

તેમણે કહ્યું કે ઘણા રાજ્યોમાં, સિવિલ જજ તરીકે નવી ભરતીઓમાં આપણી પચાસ ટકા કે તેથી વધુ દીકરીઓની પસંદગી કરવામાં આવી છે. આજે ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ છે. આમાં મહિલા રોકાણકારોની ભૂમિકા છે.પીએમ મોદીએ કહ્યું, "ગાંધીજી કહેતા હતા કે દેશનો આત્મા ગ્રામીણ ભારતમાં રહે છે. આજે હું તેમાં એક વધુ વાક્ય ઉમેરું છું કે ગ્રામીણ ભારતનો આત્મા ગ્રામીણ મહિલાઓના સશક્તિકરણમાં રહે છે. એટલા માટે અમારી સરકારે મહિલા અધિકારો અને મહિલાઓ માટે નવી તકોને ખૂબ પ્રાથમિકતા આપી છે."

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ 'એક્સ'અને ઈન્સ્ટાગ્રામ એક દિવસ માટે વિવિધ ક્ષેત્રોમાં સફળતા પ્રાપ્ત કરનારી મહિલાઓને સોંપ્યા છે. આજે મહિલા દિવસની શુભેચ્છા પાઠવતા, પીએમએ 'એક્સ' પર પોસ્ટ કરી અને લખ્યું, 'મહિલા દિવસ પર અમે મહિલા શક્તિને સલામ કરીએ છીએ.' અમારી સરકારે હંમેશા મહિલાઓને સશક્ત બનાવવા માટે કામ કર્યું છે, જે અમારી યોજનાઓ અને કાર્યક્રમોમાં પ્રતિબિંબિત થાય છે. આજે, વચન મુજબ, મારી સોશિયલ મીડિયા પ્રોપર્ટીઝ એવી મહિલાઓ સંભાળશે જે વિવિધ ક્ષેત્રોમાં પોતાની છાપ છોડી રહી છે!

વીડિયોમાં, પીએમ મોદીએ કહ્યું, "બધું જ્ઞાન દેવીના વિવિધ સ્વરૂપોની અભિવ્યક્તિ છે અને વિશ્વની બધી સ્ત્રી શક્તિ પણ તેનું પ્રતિબિંબ છે. આપણી સંસ્કૃતિમાં, દીકરીઓ માટે આદર સર્વોપરી રહ્યો છે. આ સદીમાં, વૈશ્વિક વિકાસમાં મહિલાઓની ભાગીદારી ખૂબ જ મોટી પરિબળ બનવાની છે. જે દેશ, સમાજ મહિલાઓને વધુ ભાગીદારી આપે છે, તે ઝડપથી વિકાસ કરશે. આજે ભારતમાં મહિલાઓના નેતૃત્વ હેઠળ વિકાસનો યુગ છે."

# બિહારના મુખ્યમંત્રી નીતિશે શ્રીકૃષ્ણના દુશ્મન નંબર વન જરાસંઘની પ્રતિમાનું અનાવરણ કર્યુ!

નાલંદા,તા.૮

જરાસંધ મથુરાના રાજા કંસના સસરા હતા. આ ઉપરાંત, તે શ્રી કૃષ્ણનો દુશ્મન નંબર વન પણ હતો. મહાભારત કાળ દરમિયાન તેઓ મગધ રાજ્ય (જેમાં આજના આધુનિક બિહારનો પણ સમાવેશ થાય છે) ના સમ્રાટ હતા. તે સમયે મગધની રાજધાની રાજગૃહ (આધુનિક રાજગીર) હતી. એવું કહેવાય છે કે કંસના વધ પછી, જો કોઈએ ભગવાન કૃષ્ણને સૌથી વધુ પરેશાન કર્યા હોય, તો તે જરાસંધ હતા. જરાસંધના પિતાનું નામ બૃહદ્રથ હતું અને તે મગધ જેવા શક્તિશાળી સામ્રાજ્યના સમ્રાટ હતા. જરાસંધે ઘણા રાજાઓને પોતાની જેલમાં બંધક બનાવ્યા હતા. જોકે, તેમણે કોઈને માર્યા નહીં કારણ કે તેઓ ચક્રવર્તી સમ્રાટ બનવા માંગતા હતા. તેની યોજના એવી હતી કે જે દિવસે તે ૧૦૧મા રાજાને બંદી બનાવશે, તે દિવસે તે મહાદેવને પ્રસન્ન કરવા માટે તેનું બલિદાન આપશે. જરાસંધની બે પુત્રીઓ અસ્તી અને પ્રાપ્તિના લગ્ન કંસ સાથે થયા હતા. પોતાના જમાઈ કંસની હત્યાનો બદલો લેવા માટે, જરાસંધે મથુરા પર ૧૭ વાર હુમલો કર્યો. પાછળથી, શ્રી કૃષ્ણને મથુરા છોડીને ભાગી જવું પડ્યું અને તેમણે દ્વારકા (આધુનિક ગુજરાત) માં પોતાનું નિવાસસ્થાન બનાવ્યું. એટલા માટે શ્રી કૃષ્ણને રણછોડ પણ કહેવામાં આવે છે. ચૂંટણી વર્ષમાં, બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે રાજગીરમાં એ જ જરાસંધની પ્રતિમાનું અનાવરણ કર્યું છે.

જરાસંધનો અખાડો બિહારના રાજગીરમાં આવેલો છે. આ અખાડાનો ઉલ્લેખ મહાભારતમાં પણ છે. કહેવાય છે કે જરાસંધે ૯૯ રાજાઓને હરાવ્યા હતા અને તેમને બલિદાન આપવા માટે કેદ કર્યા હતા. જરાસંધ એક શક્તિશાળી અને અજેય પહેલવાન હતો, તેથી તે રાજાઓને તેના કુસ્તીના મેદાનમાં



તેની સાથે કુસ્તી કરવા માટે પડકાર આપતો હતો. જરાસંધનો નાશ કરવા માટે, ભગવાન કૃષ્ણએ ભીમને દ્વંદ્વયુદ્ધમાં કપટનો ઉપયોગ કરીને તેને મારવાની સલાહ આપી. આ સ્થળ જરાસંધના દ્વંદ્વયુદ્ધનું પૌરાણિક સ્થળ માનવામાં આવે છે. આખરે, શ્રી કૃષ્ણના આ કપટથી જરાસંધનો અંત આવ્યો. હવે તે જ જગ્યાએ, બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે જરાસંધની વિશાળ પ્રતિમાનું અનાવરણ કર્યું.

રાજગીરના જરાસંધ સ્મૃતિ ઉદ્યાનમાં ૧૧ ફૂટ ઊંચા શિખર પર મગધ સમ્રાટની ૨૧ ફૂટ ઊંચી પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે. જરાસંધની ભવ્ય પ્રતિમા પિત્તળ ધાતુની બનેલી છે. જરાસંધ સ્મૃતિ પાર્ક આશરે ૧૫ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવ્યો છે. આ આખું સ્મારક જરાસંધના વારસાને સમર્પિત છે. રાજગીરમાં આવેલ જરાસંધ સ્મારક સંકુલ ભીંતચિત્રો દ્વારા જરાસંઘના જન્મથી લઈને મલયુદ્ધના યુદ્ધ સુધીની ઘટનાઓનું નિરૂપણ કરે છે. જરાસંધ સ્મારકની મુલાકાત લેતા ભારત અને વિદેશના પ્રવાસીઓ તેના ભવ્ય ઈતિહાસ અને સાંસ્કૃતિક વારસા વિશે માહિતી મેળવી શકશે.

૨૭ નવેમ્બર, ૨૦૨૨ ના રોજ, નીતિશ કુમારે જરાસંધની પ્રતિમાના નિર્માણની જાહેરાત કરી હતી. તેનું બાંધકામ ૨૦૨૩ માં શરૂ થયું હતું. ઉદ્ઘાટન પ્રસંગે મુખ્યમંત્રી નીતિશ કુમારે કહ્યું કે સમ્રાટ જરાસંધની ૨૧ ફૂટ ઊંચી પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે અને અહીં એક પાર્ક પણ તૈયાર છે.




શ્રી નૂતન સૌરાષ્ટ્ર
SINCE 1948
SHRI NUTAN SAURASHTRA

# હિન્દી વિરોધ પાછળ વોટબેંકનું રાજકારણ

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત ત્રણ ભાષાઓની નીતિ છે, જેમાં એક રાજ્યની ભાષા, અંગ્રેજી અને એક અન્ય ભારતીય ભાષાનું અધ્યયન સામેલ છે. જોકે આ નીતિમાં સ્પષ્ટ રૂપે એ નથી કહેવામાં આવ્યું કે ત્રીજી ભાષા હિંદી જ હોવી જોઈએ બલ્કે તે કોઈપણ ભારતીય ભાષા હોઈ શકે છે. તેમ છતાં તમિલનાડુ સરકાર તેને એક રીતે હિંદી થોપવાની કોશિશ રૂપે જોઈ રહી છે. તમિલનાડુમાં હિંદી વિરોધ ત્યાંના રાજકારણના ખાસ મુદ્દાઓમાં એક છે. આ વિરોધ આઝાદી બાદથી જ આંદોલન રૂપે સતત ચાલતો આવ્યો છે. એક વાર ફરી હિંદી વિરોધને રાજ્યની જનતાના હિતો વિરુદ્ધ ગણાવીને રાજ્ય સરકાર આવનાર ચૂંટણીમાં એક મુદ્દા રૂપે જોઈ રહી છે. જે નવો વિવાદ હિંદી ને લઈને રાજ્ય સરકાર પૈદા કરી રહી છે તે નવી શિક્ષણ નીતિને લાગુ કરવાને લઈને છે. કેન્દ્ર સરકાર સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત મળનારી આર્થિક સહાયતામાં તમિલનાડુમાં કપાતનો સંકેત આપ્યો છે, જેને તમિલનાડુ સરકાર બ્લેકમેલિંગ રૂપે જોઈ રહી છે. દેખીતી રીતે તમિલનાડુ સરકારે તેને રાજકીય મુદ્દો બનાવીને રાજ્યના હિત વિરુદ્ધ હિંદી વિરોધ સાથે સીધેસીધો જોડી દીધો છે. તેનાથી સતત વિવાદ વધી રહ્યો છે. વૈશ્વીકરણના યુગમાં માતૃભાષા ઉપરાંત વધારેમાં વધારે ભાષા શીખવાની જરૂર જણાવવામાં આવે છે. પછી હિંદી ભારતમાં એંસી ટકાથી વધારે લોકોની ભાષા છે. એવામાં તમિલનાડુના લોકો માટ હિંદી શીખવી કેવી રીતે તેમના હિતો પર કુઠારાઘાત કહી શકાય, એ સ્ટાલિને સ્પષ્ટ ન કર્યું.

મુખ્યમંત્રી સ્ટાલિને જે રીતે હિંદી વિરોધમાં ટિપ્પણી કરી છે તેનાથી હિંદીને લઈને રાજ્યમાં નવો વિવાદ ઊભો થઈ ગયો છે. સ્ટાલિનનું કહેવું છે કે તમિલનાડુની કોલેજોમાં ત્રીજી ભાષા ફોર્મ્યૂલા અંતર્ગત હિંદી થોપવામાં નહીં આવે. તેમની હિંદી વિરોધી આ ટિપ્પણીમાં કોઈ નવી વાત નથી. દેખીતી રીતે તમિલનાડુની રાજનીતિ હિંદી વિરોધને લઈને દાયકાઓથી ચાલી આવે છે. ક્યારેક તો હિંદી વિરોધ કરતાં કરતાં દેશનો વિરોધ પણ થયો છે. જેનાથી દેશભરમાં તીખી પ્રતિક્રિયાઓ આવી છે, પરંતુ હિંદી વિરોધ તમિલનાડુની રાજનીતિમાં સૌથી ખાસ મુદ્દા રૂપે રાજકીય પક્ષો વાપરવાનું ચૂકતા નથી. ત્યાં ચૂંટણી જીતવાનો આ સૌથી વજનદાર મુદ્દો રહ્યો છે. રાજનીતિના જાણકારોનું કહેવું છે કે તમિલનાડુમાં ભારતીય જનતા પાર્ટી પોતાનો ફેલાવો કરી રહી છે, જેને સ્ટાલિન પોતાના શાસન માટે પડકાર રૂપે જોઈ રહ્યા છે. હિંદી ભારતની રાજભાષા છે. કેન્દ્રીય કાર્યાલયોમાં અંગ્રેજીની સાથે તેનો ઉપયોગ અનિવાર્ય છે. રાજ્યની સ્કૂલોમાં તમિલ સાથે અંગ્રેજીનો ઉપયોગ ભાષાના માધ્યમ રૂપે થાય છે, પરંતુ હિંદી ન થઈ શકે! સ્ટાલિન હિંદી થોપવાની વાત કેન્દ્ર સરકારની ભાષા નીતિ સાથે અસહમત કે વિરોધ રૂપે ચર્ચાનો વિષય બનાવવા માગે છે. તેઓ તેને એ રીતે રજૂ કરે છે જાણે તમિલનાડુના બાળકો સાથે કેન્દ્ર સરકાર બહુ અનર્થ કરવાની છે. સ્ટાલિન એ ભૂલી જાય છે કે ભારત વિવિધતાઓનો દેશ છે. તમામ રાજ્યો પોતાની આંચલિક ભાષાને રાજ્યમાં લાગુ કરવા માટે સંપૂર્ણ રીતે આઝાદ છે.

# ભારત ટેરિફ ઘટાડવા સંમતઃ ટ્રમ્પ

વોશિંગ્ટન,તા.૮

અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું કે ભારત ટેરિફ ઘટાડવા માટે સંમત થયું છે. ટ્રમ્પે કહ્યું, “ભારત આપણા પર ખૂબ ઊંચા ટેરિફ લાદે છે. તમે ભારતમાં કંઈપણ વેચી શકતા નથી.” અગાઉ, ટ્રમ્પે કહ્યું હતું કે ૨ એપ્રિલ, ૨૦૨૫ થી અમેરિકા કરતા વધુ કર વસૂલનારા તમામ દેશો પર પારસ્પરિક ટેરિફ લાદવામાં આવશે. ટ્રમ્પ કહે છે કે ટેરિફથી અમેરિકન ઉત્પાદનને વેગ મળશે અને રોજગારમાં વધારો થશે.

અમેરિકા અને ચીન હાલમાં ટેરિફને લઈને આમને-સામને છે. ચીને ચેતવણી આપી છે કે તે આ માટે તૈયાર છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચીની માલ પર ટેરિફ વધારી દીધો છે. હવે બંને દેશો આ અંગે ખુલ્લેઆમ આમનેસામને આવી ગયા છે. અમેરિકાએ ચીની આયાત પર ૨૦ ટકા ટેરિફની જાહેરાત કરી, ત્યારબાદ ચીનની નજર ભારત પર ટકેલી છે.

ચીનના વિદેશ મંત્રી વાંગ યીએ શુક્રવારે (૭ માર્ચ ૨૦૨૫) ભારત અને ચીનને સાથે મળીને કામ કરવા અને વર્ચસ્વવાદ અને સત્તાના રાજકારણનો વિરોધ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવા હાકલ કરી. તેમણે કહ્યું કે જો ચીન અને ભારત હાથ મિલાવે છે, તો આંતરરાષ્ટ્રીય બાબતોમાં વધુ લોકશાહી વ્યવસ્થા અને મજબૂત વૈશ્વિક દક્ષિણની સંભાવનાઓમાં ઘણો સુધારો થશે.

ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે જ યુક્રેન અને રશિયા પર ટિપ્પણી કરી હતી. તેમણે કહ્યું હતું કે તેઓ રશિયા પર અનેક નવા પ્રતિબંધો લાદવાનું વિચારી રહ્યા છે. આમાં મોટા પાયે બેંકિંગ નિયંત્રણો અને ટેરિફનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું, “રશિયા હાલમાં યુદ્ધના મેદાનમાં યુક્રેનનો નાશ કરવા માટે તૈયાર છે તે હકીકતને ધ્યાનમાં રાખીને, હું રશિયા પર મોટા પાયે બેંકિંગ પ્રતિબંધો અને ટેરિફ લાદવાનું ગંભીરતાથી વિચારી રહ્યો છું. યુદ્ધવિરામ અને અંતિમ શાંતિ કરાર ન થાય ત્યાં સુધી આ પ્રતિબંધો યથાવત રહેશે. હું રશિયા અને યુક્રેનને ખૂબ મોડું થાય તે પહેલાં, હમણાં જ વાટાઘાટો માટે સંમત થવા વિનંતી કરું છું.”

ટ્રમ્પે શુક્રવારે ફોક્સ બિઝનેસ ન્યૂઝ પર આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે તેમણે ઈરાનના



વિસ્તરતા પરમાણુ કાર્યક્રમ અંગે સુપ્રીમ લીડર આયાતુલ્લાહ અલી ખામેનીને પત્ર લખ્યો છે.

“મેં ગઈકાલે તેમને એક પત્ર લખ્યો હતો જેમાં લખ્યું હતું કે, ‘મને આશા છે કે તમે વાટાઘાટો કરશો કારણ કે જો આપણે લશ્કરી રીતે તણાવ વધારવો પડશે, તો તે એક ભયંકર બાબત હશે,’” ટ્રમ્પે કહ્યું. મને સોદો કરવા માટે વાટાઘાટો કરવી ગમશે. મને ખાતરી નથી કે બધા મારી સાથે સહમત થશે, પરંતુ આપણે એવો સોદો કરી શકીએ છીએ જે લશ્કરી રીતે જીતવા જેટલો જ સારો હોય. પરંતુ સમય આવી ગયો છે. સમય આવી રહ્યો છે. એક યા બીજી રીતે, કંઈક તો થવાનું જ છે.”

### ૬૦,૦૦૦ વર્ષ ચાલે એટલી વીજળી પેદા કરી શકશે

# ચીનના હાથમાં આવ્યો ‘થોરિયમ’નો કુબેર ભંડાર



બેઈજીંગ, તા.૮

રશિયા-યુક્રેન યુદ્ધનો અંત આણવા માટે અમેરિકા મધ્યસ્થી કરી રહ્યું છે એમાં એનો યુક્રેનના પેટાળમાં દટાયેલા દુર્લભ ખનીજો હડપી લેવાનો સ્વાર્થ છે. આ બાબતે અમેરિકાને જીદે ચઢેલું જોઈને ખ્યાલ આવે છે કે ખનીજોનું મહત્ત્વ શું છે. દરમિયાન તાજેતરમાં ચીનમાં એક એવા ખનીજનો મબલખ ભંડાર મળી આવ્યો છે જે ચીનને ૬૦,૦૦૦ વર્ષ સુધી અખૂટ ઊર્જા આપી શકે છે.

ચીનમાં જે બહુમૂલ્ય ખનીજનો અધધધ ખજાનો મળી આવ્યો છે એનું નામ છે થોરિયમ. ચીનના ભૂસ્તરશાસ્ત્રીઓએ દાવો કર્યો છે કે થોરિયમનો એટલો મોટો જથ્થો મળી આવ્યો છે કે એનાથી ચીનને ૬૦,૦૦૦ વર્ષ સુધી અખૂટ ઊર્જા મળી રહેશે.

ચીનના ઉત્તર ભાગમાં આવેલા ‘ઈનર મોંગોલિયા’ (આંતરિક મોંગોલિયા) પ્રાંતમાં આવેલા ‘બાયાન ઓબો’ ખાણ પરિસરમાંથી થોરિયમનો વિપુલ ખજાનો મળી આવ્યો છે. હકીકતમાં ત્યાં લોખંડ મેળવવા માટે ખોદકામ કરાઈ રહ્યું હતું, જે દરમિયાન થોરિયમનો વિશાળ ભંડાર મળી આવ્યો હતો. આ ક્ષેત્ર આમ પણ દુર્લભ ખનીજો ધરાવતો દુનિયાનો સૌથી મોટો વિસ્તાર ગણાતું આવ્યું છે, એમાં હવે થોરિયમનો ‘થપ્પો’ થતાં એનું મહત્ત્વ ઔર વધી ગયું છે. થોરિયમ (Thorium) એક કિરણોત્સર્ગી ધાતુ છે. ચાંદીની જેમ સફેદ ચળકાટ ધરાવતી આ ધાતુ યુરેનિયમ કરતાં ૨૦૦ ગણી વધુ ઊર્જા ઉત્પન્ન કરે છે. એટલે કે જે કામ યુરેનિયમ કરે છે એ જ કામ થોરિયમનો એટલો જ જથ્થો વાપરીને ૨૦૦ ગણો ફાયદો મેળવી શકાય છે. યુરેનિયમમાંથી ઊર્જા મેળવવા માટે પરંપરાગત પરમાણુ રિએક્ટરનો ઉપયોગ કરવામાં આવે છે, પણ થોરિયમમાંથી ઊર્જા મેળવવા માટે ‘મોલ્ટેન-સોલ્ટ રિએક્ટર’ (MSR) ની જરૂર પડે છે. એની અંદર થોરિયમને લિથિયમ ફ્લોરાઈડ સાથે મિશ્રિત કરીને ૧૪૦૦ ડીગ્રી સેન્ટિગ્રેડના તાપમાને ગરમ કરવામાં આવે છે. આ પ્રક્રિયા થોરિયમને યુરેનિયમ-૨૩૩માં પરિવર્તિત કરે છે, જે પછી વિભાજનમાંથી પસાર થઈને ઊર્જા મુક્ત કરે છે.

### અગાઉ કર્યો હતો ઈનકાર

# અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં હોળી મિલન કાર્યક્રમને મંજૂરી

અલીગઢ, તા.૮

ઉત્તર પ્રદેશની અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓને ધૂળેટી રમવાની પરવાનગી મળી ગઈ છે. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં ધૂળેટી રમવાની લેખિત પરવાનગી સાથે સંબંધિત મામલાની માહિતી આપતા AMU પ્રોવોસ્ટ બીબી સિંહએ જણાવ્યું કે, વિદ્યાર્થીઓ ૧૩ અને ૧૪ તારીખે એમ ૨ દિવસ NRSC કેમ્પસમાં ધૂળેટી રમી શકે છે. યુનિવર્સિટીમાં ધૂળેટી રમવા માટે કોઈ પ્રતિબંધ નથી. AMUમાં ધૂળેટી રમવાની પરવાનગી અંગે વિવાદ શરુ થયો હતો, જેમાં AMUના વિદ્યાર્થી અખિલ કૌશલે NRSC હોલમાં હોળી મિલન કાર્યક્રમ અંગે ૨૫ ફેબ્રુઆરીએ લેખિત અરજી કરીને પરવાનગી માંગી હતી. પરંતુ AMU વહીવટીતંત્રે લેખિત પરવાનગી આપવાનો ઈનકાર કરી દીધો હતો. એવામાં હવે અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં ધૂળેટી રમવાની પરવાનગીને લઈને ચાલી રહેલા વિવાદનો સંપૂર્ણ અંત આવ્યો છે. હવે વિદ્યાર્થીઓ બે દિવસ ધૂળેટી રમી શકશે. AMU પ્રશાસને હવે સ્પષ્ટ કર્યું છે કે કોઈપણ વ્યક્તિ ગમે ત્યાં ધૂળેટી રમી શકે છે. અગાઉ યુનિવર્સિટીમાં ધૂળેટી રમવા પર પ્રતિબંધ મૂકવાના નિર્ણયના કારણે ઘણો વિરોધ થયો હતો. હિન્દુ વિદ્યાર્થીઓએ છર્રે પ્રશાસન પર ભેદભાવનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે, AMUને તમામ ધર્મોનું સન્માન કરીને તેના કાર્યક્રમો કરવા દેવા જોઈએ.

આ સમગ્ર મામલે રાજકારણ પણ ગરમાવા લાગ્યું હતું. અલીગઢના બીજેપી સાંસદ સતીશ ગૌતમે તો ત્યાં સુધી કહી દીધું હતું કે, AMU કેમ્પસમાં વિદ્યાર્થીઓને ધૂળેટી રમવાથી કોઈ રોકી શકશે નહીં. જો હિન્દુઓને ધૂળેટી રમવામાં કોઈ મુશ્કેલી આવે તો હું તેમની મદદ કરવા હાજર રહીશ.

### અજ્ઞાત વ્યક્તિથી આતંકી સંગઠનો દહેશતમાં

# કુલભૂષણ જાધવનું અપહરણ કરનારા આતંકવાદીની હત્યા

ઈસ્લામાબાદ, તા.૮

ભારતીય વેપારી અને પૂર્વ ભારતીય નેવીના અધિકારી કુલભૂષણ જાધવનું અપહરણ કરવામાં ISI ને મદદ કરનારા મુફ્તી શાહ મીરની તુર્બત પ્રાંતમાં અજાણ્યા વ્યક્તિએ ગોળી મારીને હત્યા કરી હોવાના રિપોર્ટ્સ આવી રહ્યા છે. ઘટના ઘટી ત્યારે મીર પાકિસ્તાનના બલુચિસ્તાન પ્રાંતના તુર્બતમાં એક મસ્જિદમાં નમાજ પઢીને બહાર નીકળી રહ્યો હતો.



મળતી માહિતી મુજબ અજાણ્યા લોકો મોટરસાઈકલ પર સવાર થઈને આવ્યા અને ફાયરિંગ કર્યું. મુફ્તી શાહ મીરને ગોળીઓ વાગવાથી ગંભીર ઈજાઓ થઈ અને તેને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો જ્યાં તેનું મોત નિપજ્યું. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યાં મુજબ આ હુમલો પૂર્વનિયોજિત કાવતરું લાગે છે કારણ કે હુમલાખોરો રાહ જોઈને બેઠા હતા. અત્રે જણાવવાનું કે પૂર્વ નેવી અધિકારી કુલભૂષણ જાધવનું ઈરાનથી અપહરણ કરવામાં પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી આઈએસઆઈને મદદ કરવામાં આ મુફ્તી શાહ મીર પણ સામેલ હોવાનું કહેવાય છે. પાકિસ્તાનનો દાવો છે કે પૂર્વ ભારતીય નેવી અધિકારીની ૩ માર્ચ ૨૦૧૬ના રોજ બલુચિસ્તાનમાંથી ધરપકડ કરાઈ હતી. પાકિસ્તાને આરોપ લગાવતા કહ્યું હતું કે તે જાસૂસી માટે પાકિસ્તાન આવ્યા હતા. જ્યારે ભારતીય પક્ષનું કહેવું છે કે કુલભૂષણ જાધવનું ઈરાનથી અપહરણ થયું હતું.

# નેપાળમાં ભૂકંપઃ થોડા કલાકોમાં બે વાર ધરતી ધ્રુજી

કાઠમંડુ,તા.૮

ભારતના પાડોશી દેશ નેપાળ ફરી એકવાર ભૂકંપના તીવ્ર આંચકાથી હચમચી ઉઠ્યું છે. અહીં થોડી મિનિટોના અંતરે આવેલા ભૂકંપને કારણે ધરતી બે વાર ધ્રુજી ઉઠી. આના કારણે લોકો ગભરાઈ ગયા અને પોતાના ઘરની બહાર દોડવા લાગ્યા. શનિવારે સવારે નેપાળના અલગ અલગ વિસ્તારોમાં બે વાર હળવા તીવ્રતાનો ભૂકંપ અનુભવાયો હોવાનું જણાવવામાં આવી રહ્યું છે.

જોકે, રાહતની વાત એ છે કે ભૂકંપને કારણે કોઈપણ પ્રકારના નુકસાન અંગે હજુ સુધી કોઈ તાત્કાલિક માહિતી નથી. નેપાળના રાષ્ટ્રીય ભૂકંપ દેખરેખ કેન્દ્ર અનુસાર, કાઠમંડુથી લગભગ ૩૦૦ કિમી દૂર બાગલંગ જિલ્લામાં સવારે ૬.૨૦ વાગ્યે ભૂકંપ આવ્યો હતો.

નેપાળમાં આવેલા ભૂકંપથી સ્થાનિક લોકોમાં ગભરાટ ફેલાયો છે. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૪.૧ માપવામાં આવી હતી. તેનું કેન્દ્ર જિલ્લાનો ખુખાણી વિસ્તાર હોવાનું કહેવાય છે. અગાઉ કહેવામાં આવ્યું હતું કે બાગલંગથી લગભગ ૪૦ કિમી દૂર મ્યાગડી જિલ્લામાં સવારે ૩.૧૪ વાગ્યે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. કેન્દ્રએ જણાવ્યું હતું કે ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪ માપવામાં આવી હતી અને તેનું કેન્દ્રબિંદુ મ્યાગડી જિલ્લાના મુરી વિસ્તાર હતું.

# યુક્રેનમાં અમેરિકાની ગુપ્ત માહિતી બંધ થયા બાદ રશિયાએ કિવ પર મોટો હુમલો કર્યો, ૧૧ના મોત

કિવ,તા.૮

યુક્રેનને અમેરિકી ગુપ્ત માહિતી મળવાનું બંધ થયા બાદ રશિયાએ કિવ પર મોટો હવાઈ હુમલો કર્યો છે. રશિયાએ યુક્રેનના અશાંત ડોનેટ્સક ક્ષેત્રના એક શહેર પર આ હુમલો કર્યો. આ રશિયન હુમલામાં ઓછામાં ઓછા ૧૧ લોકો માર્યા ગયા હતા. જ્યારે ઘણા લોકો ઘાયલ થયા છે. તમને જણાવી દઈએ કે યુક્રેન સાથે સેટેલાઈટ છબીઓ શેર કરવાનું બંધ કરવાના અમેરિકાના નિર્ણય બાદ, રશિયાએ શ્રેણીબદ્ધ હવાઈ હુમલાઓ કર્યા છે. શુક્રવારે મોડી રાત્રે રશિયન સેનાએ અનેક હુમલા કર્યા. આ હુમલામાં ત્રીસ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ પણ છે, જેમાં ડોબ્રોપિલ્યા શહેરમાં આઠ એપાર્ટમેન્ટ બ્લોક્સને નુકસાન થયું હતું, જે મોરચાની નજીક છે જ્યાં રશિયન સૈનિકો સતત આગળ વધી રહ્યા છે. યુક્રેનની રાજ્ય કટોકટી સેવાએ જણાવ્યું હતું કે બચાવ કાર્યકરો સળગતી ઈમારતોને ઓલવવા માટે સંઘર્ષ કરી રહ્યા હતા ત્યારે એક રશિયન ડ્રોને યુક્રેનિયન ફાયર ટ્રકને નુકસાન પહોંચાડ્યું હતું.કિવના ડોનેટ્સક ક્ષેત્રમાં રશિયન હુમલામાં ૧૧ લોકોના મોત બાદ લોકોમાં ગભરાટ ફેલાયો છે. ડોનેટ્સકના ગવર્નર વાદિમ ફિલ્યાશ્કિને શનિવારે પ્રદેશમાં શોકનો દિવસ જાહેર કર્યો હતો અને ચેતવણી આપી હતી કે કાટમાળમાંથી વધુ પીડિતો મળી શકે છે. "રશિયન મિસાઈલો અને ડ્રોન દ્વારા નાશ પામેલા ઘરો અને બળી ગયેલી કાર આપણા શહેરના શરીર પર એક ભયંકર ઘા છે, પરંતુ સૌથી ભયાનક બાબત એ છે કે પીડિતોની સંખ્યા. હાલમાં, અમે જાણીએ છીએ કે ૧૧ લોકો માર્યા ગયા છે અને ૩૦ ઘાયલ થયા છે, પરંતુ શોધ કામગીરી ચાલુ છે અને આ સંખ્યા હજુ પણ વધી શકે છે," તેમણે ટેલિગ્રામ પર એક નિવેદનમાં જણાવ્યું હતું.

# બંગાળમાં ભારત-બાંગ્લાદેશ સરહદ પર ગોળીબારઃ અથડામણમાં એકનું મોત

સિલિગુડી,તા.૮

બાંગ્લાદેશમાં સત્તા પરિવર્તન થયા બાદથી ભારત સાથેની સરહદ પર સતત અપ્રિય ઘટનાઓ જોવા મળી રહી છે. ક્યારેક ગોળીબારના તો ક્યારેક અથડામણના સમાચાર આવતા રહે છે. આ દરમિયાન, પશ્ચિમ બંગાળમાં ભારત-બાંગ્લાદેશ સરહદ પર ફરી એકવાર એક અપ્રિય ઘટના બની છે. શુક્રવારે બોર્ડર સિક્યુરિટી ફોર્સ (બીએસએફ) એ અહીં દાણચોરીના પ્રયાસને નિષ્ફળ બનાવતા એક અજાણ્યા વ્યક્તિનું મોત નીપજ્યું હતું અને એન્કાઉન્ટરમાં એક જવાન ઘાયલ થયો હતો. એક પ્રવક્તાએ આ માહિતી આપી. આ ઘટના શુક્રવારે વહેલી સવારે દાર્જિલિંગ જિલ્લાના ખાલપારા ગામ પાસે બની હતી. બીએસએફના પ્રવક્તાએ જણાવ્યું હતું કે ૧૫ થી ૨૦ બાંગ્લાદેશી બદમાશોનું એક જૂથ ગેરકાયદેસર રીતે આંતરરાષ્ટ્રીય સરહદ પાર કરીને ભારતીય ક્ષેત્રમાં ઘૂસી ગયું હતું. પ્રવક્તાએ જણાવ્યું હતું કે આ લોકો પશુઓ અને પ્રતિબંધિત માલની દાણચોરી માટે ભારતીય ક્ષેત્રના ગુનેગારો સાથે સાંઠગાંઠમાં છે.

તેમણે કહ્યું કે જ્યારે બીએસએફ પેટ્રોલિંગ ટીમે તેમને આત્મસમર્પણ કરવાનું કહ્યું, ત્યારે બધા બદમાશોએ તેમના પર તીક્ષ્ણ હથિયારો અને લાકડીઓથી હુમલો કર્યો, તેમણે પથ્થરમારો પણ કર્યો. બદમાશોએ એક સૈનિક પાસેથી હથિયાર છીનવી લેવાનો પ્રયાસ કર્યો. પ્રવક્તાએ કહ્યું, "પોતાના જીવને જોખમ હોવાનું અનુભવીને, જવાને પોતાની રાઈફલમાંથી ગોળીબાર કર્યો અને બદમાશો ભાગી ગયા."

તેમણે કહ્યું કે બીએસએફનો એક જવાન "ગંભીર રીતે ઘાયલ" થયો હતો અને ઘટનાસ્થળે એક અજાણ્યા વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યો હતો. તેમણે કહ્યું કે બાંગ્લાદેશી દાણચોરોએ સરહદ પર સુરક્ષા વાડને નુકસાન પહોંચાડ્યું છે. તેમણે કહ્યું કે મૃતકોની રાષ્ટ્રીયતા જાહેર કરી શકાતી નથી.

## સુડોકુ નં. ૧૮૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 1 | | | 9 | | | 6 | |
| 8 | | 3 | 6 | | 5 | 1 | | 7 |
| | | | 7 | | 3 | | | |
| 3 | | 6 | | 7 | | 4 | | 9 |
| | | | | | | | | |
| 9 | | 4 | | 5 | | 2 | | 1 |
| | | | 5 | | 4 | | | |
| 6 | | 5 | 9 | | 1 | 3 | | 2 |
| | 4 | | | 3 | | | 9 | |

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧)દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨)દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩)પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪)શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૧૮૭ નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 5 | 1 | 2 | 9 | 3 | 8 | 4 | 7 |
| 4 | 9 | 2 | 5 | 8 | 7 | 1 | 3 | 6 |
| 8 | 3 | 7 | 4 | 1 | 6 | 2 | 5 | 9 |
| 9 | 7 | 3 | 8 | 2 | 5 | 4 | 6 | 1 |
| 5 | 6 | 8 | 1 | 7 | 4 | 3 | 9 | 2 |
| 2 | 1 | 4 | 6 | 3 | 9 | 5 | 7 | 8 |
| 7 | 2 | 6 | 3 | 4 | 8 | 9 | 1 | 5 |
| 3 | 8 | 5 | 9 | 6 | 1 | 7 | 2 | 4 |
| 1 | 4 | 9 | 7 | 5 | 2 | 6 | 8 | 3 |

# આપની આજ...

મેષઃ તમારે કડવાશને મીઠાશમાં રૂપાંતરિત કરવાની કળા શીખવી પડશે. તમને તમારા જીવનસાથી તરફથી સહયોગ મળશે. સંતાન તરફથી નિરાશાજનક સમાચાર મળી શકે છે.

વૃષભઃ આજે તમને પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળશે. આજીવિકાના ક્ષેત્રે ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી બનશે. કર્મચારીઓનો આદર અને સહયોગ પણ પૂરતો રહેશે.

મિથુનઃ આજે તમારો દિવસ મિશ્રિત રહેશે, પરંતુ સ્વાસ્થ્ય નરમ રહેશે. કોઈ પ્રતિકૂળ સમાચાર સાંભળીને તમારે અચાનક પ્રવાસ પર જવું પડી શકે છે. તમારી વાતોને લીધે કોઈની સાથે મતભેદો અને વિવાદ થઈ શકે છે.

કર્કઃ આજનો દિવસ સંતોષપૂર્ણ અને શાંતિપૂર્ણ બની રહી શકે છે. રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે. સરકાર અને સત્તા વચ્ચેના જોડાણનો લાભ તમને મળી શકે છે.

સિંહઃ આજનો દિવસ પુત્ર, પુત્રીની ચિંતા અને તેમના કાર્યોમાં વિતાવશો. વિવાહિત જીવનમાં ઘણા દિવસોથી ચાલી રહેલી સમસ્યા સમાપ્ત થઈ જશે.

કન્યાઃ આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ તમને મળશે. સાસરિયા તરફથી પૂરતી રકમ મળી શકે છે. સાંજથી રાત સુધી સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેવાની તકો મળશે.

તુલાઃ આજે તમારી આસપાસ કોઈ સુખદ વાતાવરણ રહેશે. પરિવારના બધા સભ્યોની ખુશીમાં વધારો થશે. કેટલાક મોટા વ્યવહારોની સમસ્યા જે ઘણા દિવસોથી ચાલી રહી છે તે ઉકેલાઈ શકે છે.

વૃશ્ચિકઃ આજે વૃશ્ચિક રાશિના લોકોએ તેમના સ્વાસ્થ્યનું વધુ ધ્યાન રાખવું પડશે. વાયુ વિકારની ફરિયાદો હોઈ શકે છે. બ્લડ પ્રેશરના દર્દીઓના રોગમાં વધારો થઈ શકે છે. નોકરી-વ્યવસાયની દ્રષ્ટિએ દિવસ મિશ્રિત રહેશે.

ધનઃ આજની સ્થિતિમાં મન વિચલિત રહી શકે છે. આવકના નવા સ્ત્રોત સર્જાશે પરંતુ માનસિક મૂંઝવણને કારણે તમે લાભથી વંચિત રહી શકો છો. નમ્રતા-વાણીથી આદર મળશે.

મકરઃ આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. રાજ્યની પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. સંતાનની જવાબદારી નિભાવી શકાય છે. મુસાફરીની સ્થિતિ સુખદ અને લાભકારી રહેશે. સાંજથી રાત સુધી તમને પ્રિયજનોના દર્શન તેમજ શુભ સમાચાર મળશે.

કુંભઃ આજે તમને ભાગ્યનો સહયોગ મળશે. રોજગાર-વ્યવસાયના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયત્નોમાં કલ્પનાત્મક સફળતા પ્રાપ્ત થશે. સંતાન તરફથી પણ સંતોષકારક સુખદ સમાચાર મળશે.

મીનઃ આજે કોઈ કિંમતી વસ્તુની ચોરીનો ભય રહેશે. બાળકોના શિક્ષણમાં અથવા કોઈપણ સ્પર્ધામાં સફળતાના સમાચારોને લીધે મનમાં આનંદ થશે. કોઈપણ અટકેલા કામ સાંજે પૂર્ણ થશે.

# વસુંધરા રાજેએ તનોટ માતા મંદિરમાં શત્રુ વિનાશક યજ્ઞનું આયોજન કર્યું

જેસલમેર,તા.૮ઃ રાજસ્થાનના ભૂતપૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજેએ શનિવારે ભારત-પાકિસ્તાન સરહદ પર તૈનાત બોર્ડર સિક્યુરિટી ફોર્સના જવાનો સાથે પોતાનો જન્મદિવસ ઉજવ્યો. તેમણે તનોટ મંદિરમાં માતા દેવીની પૂજા કરી અને સૈનિકોની રક્ષા અને દેશની સુરક્ષા માટે શત્રુ વિનાશક યજ્ઞ કર્યો. વસુંધરા રાજેએ પણ રાજ્યની સમૃદ્ધિની કામના કરી. આ પ્રસંગે તેમની સાથે જેસલમેરના ધારાસભ્ય છોટુ સિંહ ભાટી અને પોકરણના ધારાસભ્ય પ્રતાપ પુરી મહારાજ પણ હાજર હતા. ભૂતપૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું, "માતેશ્વરી તનોટ રાયના આશીર્વાદથી કમળ ખીલતું રહે; પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ)નો આધાર વધતો રહે; અને મારી માતા રાજમાતા દ્વારા પ્રગટાવવામાં આવેલી વિચારધારાની જ્યોત ઝડપથી વધતી રહે.

OWNER, EDITOR, PRINTER & PUBLISHER: VIKRAM HASMUKHRAI RAVAL, PLACE OF PRITING PRESS: RASHTRIYA PRINTER,14/B, BHAKTINAGAR IND. ESTATE, DIST- RAJKOT, GUJART, PLACE OF PUBLICATION: SHRI NUTAN SAURASHTRA, MAHENDRA IND. ESTATE, NEAR MAHARANI LAXMIBAI KANYA VIDHYALAYA, TAGORE ROAD, DIST-RAJKOT, GUJARAT

# રાજસ્થાન વિધાનસભામાં પાકિસ્તાન - પાકિસ્તાનના નારા લાગ્યા, વિપક્ષ પણ ગુસ્સે થયો

જયપુર,તા.૮

એક વર્ષ પહેલા વિધાનસભાની ચૂંટણીઓ યોજાઈ હતી. ત્યારબાદ એક ચૂંટણી સભામાં પાકિસ્તાન ઝિંદાબાદના નારા લાગ્યા. તે સમયે, જ્યારે આ મુદ્દા પર હોબાળો થયો હતો, ત્યારે ભૂતપૂર્વ મંત્રી રાજેન્દ્ર ગુઢાએ કહ્યું હતું કે બંધારણમાં ક્યાં લખ્યું છે કે આપણે 'પાકિસ્તાન અમર રહે' કહી શકીએ નહીં. હવે રાજસ્થાન વિધાનસભામાં પણ પાકિસ્તાન પાકિસ્તાનના નારા લાગ્યા. જયપુરના સિવિલ લાઈન્સ વિધાનસભા મતવિસ્તારના ભાજપના ધારાસભ્ય ગોપાલ શર્માએ ગૃહમાં પાકિસ્તાની પાકિસ્તાની નારા લગાવ્યા, જેના પછી ગૃહમાં ભારે હોબાળો થયો. વિપક્ષના નેતા ટીકારામ જુલીએ સ્પીકર અને મુખ્યમંત્રી પાસેથી ધારાસભ્ય ગોપાલ શર્મા વિરુદ્ધ કડક કાર્યવાહીની માંગ કરી છે. વિપક્ષના નેતા ટીકારામ જુલીએ ભાજપના ધારાસભ્ય ગોપાલ શર્માની ટિપ્પણીઓને અશ્લીલ અને હલકી કક્ષાની ગણાવી. તેમણે કહ્યું કે કોંગ્રેસના ધારાસભ્ય રફીક ખાન પર કરવામાં આવેલી આ ટિપ્પણી વાહિયાત અને નીચ છે. જુલીએ કહ્યું કે ભાજપના નેતાઓમાં દિવસેને દિવસે પોતાના નિવેદનોનું સ્તર નીચું લાવવાની સ્પર્ધા ચાલી રહી છે. તેમને વિધાનસભામાં બોલવા અને રસ્તા પર આપવામાં આવતા ભાષણોમાં કોઈ ફરક દેખાતો નથી. તેઓ ભૂલી જાય છે કે રફીક ખાન શેખાવતીની ભૂમિથી આવે છે જ્યાં બધા ધર્મના લોકો સેનામાં જોડાય છે અને ગર્વથી આ દેશ માટે પોતાનો જીવ આપે છે. વિપક્ષના નેતા જુલીએ વિધાનસભા અધ્યક્ષ વાસુદેવ દેવનાની અને ગૃહના નેતા મુખ્યમંત્રી ભજનલાલ શર્મા પાસે આ બાબતની નોંધ લેવા અને ધારાસભ્ય સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. આવી ટિપ્પણીઓ અસહ્ય અને નિંદનીય છે. જુલીએ કહ્યું કે મુખ્યમંત્રીએ સ્પષ્ટ કરવું જોઈએ કે શું આવા નિવેદનો તેમની કબૂલાત છે.

## ઔરંગઝેબ વિવાદ: સપા નેતા અબુ આઝમીએ સ્પીકરને પત્ર લખીને સસ્પેન્શન પાછું ખેંચવા માંગ કરી

મુંબઈ,તા.૮

સમાજવાદી પાર્ટીના નેતા અબુ આઝમીની મુશ્કેલીઓ ઓછી થવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. મુઘલ શાસક ઔરંગઝેબનું મહિમા કરીને વિવાદમાં આવેલા અબુ આઝમીનું વિધાનસભા સભ્યપદ પણ સસ્પેન્ડ કરવામાં આવ્યું છે. હવે તેમણે વિધાનસભા અધ્યક્ષ રાહુલ નાર્વેકરને પત્ર લખીને સસ્પેન્શન પાછું ખેંચવાની માંગ કરી છે. અબુ આઝમી સમાજવાદી પાર્ટીના મહારાષ્ટ્ર પ્રમુખ પણ છે.

અબુ આઝમીએ પત્રમાં લખ્યું છે કે ૩ માર્ચે, ઓડિટોરિયમમાંથી બહાર કાઢી મૂક્યા પછી, મીડિયાના લોકોએ મારો પીછો કરવાનું શરૂ કર્યું. તેમણે મને ઔરંગઝેબ વિશે એક પ્રશ્ન પૂછ્યો કે આસામના મુખ્યમંત્રીએ ઔરંગઝેબની સરખામણી રાહુલ ગાંધી સાથે કરી છે. આ પ્રશ્નનો જવાબ આપતાં મેં કહ્યું કે ઔરંગઝેબના શાસનકાળ દરમિયાન ભારતને સોનાની પંખી કહેવામાં આવતું હતું. તેમના શાસનથી આકર્ષાઈને અંગ્રેજો ભારતમાં આવ્યા. મેં ઈતિહાસનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે ઔરંગઝેબ એક મહાન પ્રશંસક હતો. ઔરંગઝેબ અને છત્રપતિ શિવાજી મહારાજ કે છત્રપતિ સંભાજી મહારાજ વચ્ચે કોઈ ધાર્મિક યુદ્ધ નહોતું. તે સત્તા માટેનો સંઘર્ષ હતો. તે જમીન માટેનો સંઘર્ષ હતો.

તેમણે વધુમાં કહ્યું કે હું જાતિ અને ધર્મના આધારે ભેદભાવ કરતો નથી. મારા નિવેદનથી સ્પષ્ટ થાય છે કે મેં જે કંઈ કહ્યું તે ઈતિહાસના સંદર્ભમાં હતું. નિવેદન આપતી વખતે, મેં છત્રપતિ સંભાજી મહારાજ વિશે ક્યાંય કોઈ વિવાદાસ્પદ નિવેદન આપ્યું નથી. મને છત્રપતિ સંભાજી મહારાજ અને છત્રપતિ શિવાજી મહારાજ પ્રત્યે ખૂબ માન છે. મારા નિવેદનને મીડિયામાં ખોટી રીતે રજૂ કરવામાં આવ્યું છે તેથી હું વિનંતી કરું છું કે મારું સસ્પેન્શન પાછું ખેંચવામાં આવે.

### એક ને ડીપોર્ટ કરવા રૂ.૧૭.૪૧ લાખનો ખર્ચ પોષાતો નથી

# અમેરિકા હવે ડીપોર્ટ કરવા માટે આર્મીના વિમાનનો ઉપયોગ નહીં કરે

વોશિંગ્ટન,તા.૮

અમેરિકાએ ગેરકાયદે વસાહતીઓને ડીપોર્ટ કરવાની પ્રક્રિયામાં મિલિટરી એરક્રાફ્ટનો ઉપયોગ નહીં કરવાનો નિર્ણય લીધો છે. મિલિટરી એરક્રાફ્ટમાં એક વ્યક્તિને ડીપોર્ટ કરવાનો ખર્ચ ૨૦,૦૦૦ ડોલર (૧૭.૪૧ લાખ) થઈ રહ્યો હોવાથી ટ્રમ્પ સરકાર ચોંકી ઊઠી છે. અમેરિકન મિલિટરીની છેલ્લી ફ્લાઈટે ૧ માર્ચે ઊડાન ભરી હતી અને ત્યારબાદ નવી ફ્લાઈટ રવાના કરાઈ નથી. અમેરિકાના સંરક્ષણ સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ઊંચા ખર્ચના કારણે આગામી સમયમાં વસાહતીઓનો ડીપોર્ટ કરવાની પ્રક્રિયા દરમિયાન મિલિટરી એરક્રાફ્ટનો ઉપયોગ થશે નહીં. ટ્રમ્પ સરકારે ઈમિગ્રેશન પોલિસીના ચુસ્ત અમલ બાબતે સમગ્ર વિશ્વને સંકેત આપવા મિલિટરી ફ્લાઈટનો ઉપયોગ કર્યો હતો. અમેરિકામાં ગેરકાયદે વસાહતીઓને સાંખી લેવાશે નહીં, તેવું સાબિત કરવા સરકારે બેડીઓ પહેરાવીને વસાહતીઓને પોતાના દેશમાં પરત મોકલ્યા હતા. અમેરિકાના ડીફેન્સ સેક્રેટરી પીટ હેગસેઠે અમેરિકાનાં આ પગલાંને ઉચિત ઠરાવતા અગાઉ કહ્યું હતું કે, કાયદો તોડનાર દરેક વ્યક્તિ અપરાધી છે અને જ્યાં કોઈને પણ જવાનું ના ગમે તેવા ગુઆન્ટેનામો કિનારે તેમને મોકલી દેવામાં આવશે. વસાહતીઓને ડીપોર્ટ કરવાની નીતિના અમલ બાદ અમેરિકાએ મિલિટરી એરક્રાફ્ટ સી-૧૭ અને સી-૧૩૦ની કુલ ૪૨ ફ્લાઈટ મારફતે ઈમિગ્રન્ટ્સને ભારત, ગ્વાટેમાલ, ઈક્વાડોર, પેરુ, હાન્ડુરાસ, પનામા અને ગુઆન્ટાનમો કિનારે મોકલ્યા છે. ઈમિગ્રન્ટ્સના દેશનિકાલ માટે કરાયેલા ખર્ચનું સરવૈયું કાઢતાં અમેરિકા સરકારની આંખો પહોળી થઈ ગઈ હતી. એક વ્યક્તિને ગુઆન્ટાનમો મોકલવાનો ખર્ચ ૨૦,૦૦૦ ડોલર (અંદાજે ૧૭.૪૧ લાખ) અને ભારતની પ્રત્યેક ફ્લાઈટનો ખર્ચ ૩ મિલિયન ડોલર (અંદાજે ૨૬.૧૧ કરોડ) થયો હતો. અમેરિકામાં સિવિલિયન એરક્રાફ્ટમાં કલાકનો ખર્ચ ૮,૫૦૦ ડોલર થાય છે જ્યારે સી-૧૭ મિલિટરી એરક્રાફ્ટનો પ્રતિકલાક ખર્ચ ૨૮,૫૦૦ ડોલર છે. અમેરિકાએ ગેરકાયદે વસાહતીઓને પોતાના દેશમાં મોકલવાનું બંધ કર્યું હતું અને ત્યારબાદ ગુઆન્ટેનામો કિનારે તેમને ફ્લાઈટ મારફતે ઉતારી દેવામાં આવતા હતા. હવે કોલંબિયા અને વેનેઝુએલા પોતાની ફ્લાઈટ મારફતે ઈમિગ્રન્ટ્સને પોતાના દેશમાં લઈ જાય છે.

# હિઝબુલ મુજાહિદ્દીનના આતંકી ઉલ્ફત હુસૈનની મુરાદાબાદથી ધરપકડ

મુરાદાબાદ,તા.૮

યુપી એટીએસે આતંકવાદીઓ સામે મોટી કાર્યવાહી કરી છે. હિઝબુલ મુજાહિદ્દીનના ફરાર આતંકવાદી ઉલ્ફત હુસૈનની મુરાદાબાદથી ધરપકડ કરવામાં આવી છે. આ આતંકવાદી પર ૨૫ હજાર રૂપિયાનું ઈનામ હતું. એટીએસે કાટઘર પોલીસ સાથે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને આ આતંકવાદીની ધરપકડ કરી છે. ધરપકડ કરાયેલા આતંકવાદીએ ૧૯૯૯ થી ૨૦૦૦ ની વચ્ચે પાકિસ્તાનથી તાલીમ લીધી હતી, ત્યારબાદ તે ભારત આવ્યો હતો. આરોપી જમ્મુ અને કાશ્મીરનો રહેવાસી છે.એટીએસના સહારનપુર યુનિટે તેની ધરપકડ કરી છે.

અગાઉ, ઉત્તર પ્રદેશ પોલીસ અને પંજાબ પોલીસની એસટીએફે સંયુક્ત કાર્યવાહી હાથ ધરી હતી અને કૌશાંબી જિલ્લામાંથી બબ્બર ખાલસા ઈન્ટરનેશનલના એક કથિત સક્રિય આતંકવાદીની ધરપકડ કરી હતી. આતંકવાદીની ઓળખ શંકાસ્પદ આતંકવાદી લાઝર મસીહ તરીકે થઈ હતી, જે પંજાબના અમૃતસરના રામદાસ વિસ્તારના કુર્લિયન ગામનો રહેવાસી હતો. ઉત્તર પ્રદેશના ડીજીપી પ્રશાંત કુમારે આતંકવાદીની ધરપકડ અંગે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. તેમણે કહ્યું હતું કે આતંકવાદી લાઝર તાજેતરમાં પૂર્ણ થયેલા પ્રયાગરાજ મહાકુંભમાં આતંકવાદી ઘટનાને અંજામ આપવાની યોજના બનાવી રહ્યો હતો.

ઉત્તર પ્રદેશના ડીજીપી પ્રશાંત કુમારે ધરપકડ કરાયેલા બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ આતંકવાદી લઝાર વિશે ઘણા ચોંકાવનારા ખુલાસા કર્યા હતા. તેમણે કહ્યું હતું કે આતંકવાદી લજર સતત પાકિસ્તાનમાં બેઠેલી આઈએસઆઈના સંપર્કમાં હતો. પાકિસ્તાનમાં બેઠેલા કેટલાક હેન્ડલર્સ પણ તેને ડ્રોન દ્વારા સતત દારૂગોળો અને હથિયારો મોકલી રહ્યા હતા.

ઉત્તર પ્રદેશના ડીજીપી પ્રશાંત કુમારે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે લજર યુપીના પ્રયાગરાજ જિલ્લામાં આયોજિત મહાકુંભ દરમિયાન એક મોટી આતંકવાદી ઘટનાને અંજામ આપવા માંગતો હતો. આ પછી આતંકવાદી પોર્ટુગલ ભાગી જવાનો પ્રયાસ કરી રહ્યો હતો. જોકે, પોલીસની સતર્કતાને કારણે આતંકવાદી કંઈ કરી શક્યો નહીં. મહાકુંભ દરમિયાન, લાઝર યુપીના કૌશાંબી, લખનૌ અને કાનપુરમાં રોકાયા હતા.

### દર મહિને મળશે ૨૫૦૦ રૂપિયા

# દિલ્હીની મહિલાઓને ભેટ, મહિલા સમૃદ્ધિ યોજના લાગુ

નવી દિલ્હી, તા.૮

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે, ભાજપે દિલ્હી જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ ખાતે એક કાર્યક્રમનું આયોજન કર્યું હતું જેમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા, સીએમ રેખા ગુપ્તા અને દિલ્હી પ્રદેશ અધ્યક્ષ વીરેન્દ્ર સચદેવા, બૈજયંત પાંડા, મહિલા મોરચા પ્રમુખ વનથી શ્રીનિવાસન અને સાંસદ કમલજીત સેહરાવત હાજર રહ્યા હતા. આ બેઠકમાં મહિલા સમૃદ્ધિ યોજના અંગે એક મોટી જાહેરાત કરવામાં આવી છે.

કેબિનેટે આજે (શનિવાર, ૮ માર્ચ) મહિલા સમૃદ્ધિ યોજનાને મંજૂરી આપી છે. મહિલા સમૃદ્ધિ યોજના અંગે દિલ્હીના સીએમ રેખા ગુપ્તાએ કહ્યું કે માપદંડ અને પોર્ટલ ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે, જેના આધારે નોંધણી પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. માહિતી આપતાં દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ કહ્યું, "મહિલા દિવસના સુંદર પ્રસંગે, અમે અમારા મંત્રીમંડળની બેઠક યોજી હતી. અમારા બધા મંત્રીમંડળના સાથીઓ તેમાં હાજર હતા. અમે અમારી જાહેરાતોને પૂર્ણ કરવા માટે કામ કર્યું છે. આજે અમે મહિલા સમૃદ્ધિ યોજના શરૂ કરી છે. મંત્રીમંડળે મહિલા સમૃદ્ધિ યોજનાને મંજૂરી આપી છે. દિલ્હી મંત્રીમંડળે મહિલા સમૃદ્ધિ યોજના હેઠળ ૫૧૦૦ કરોડ રૂપિયા આપ્યા છે. અમે મહિલા સમૃદ્ધિ યોજના માટે એક સમિતિની રચના કરી છે, જેની અધ્યક્ષતા હું પોતે કરીશ."

કાર્યક્રમ દરમિયાન સીએમ રેખા ગુપ્તાએ મોરચાના સભ્યોનું સન્માન કર્યું. સમૃદ્ધિ યોજનાને લઈને મહિલા મોરચાના સભ્યોમાં ઘણો ઉત્સાહ હતો. આ અંતર્ગત, બીપીએલ પરિવારોની મહિલાઓને દર મહિને ૨૫૦૦ રૂપિયા આપવામાં આવશે.

જેએલએન સ્ટેડિયમમાં આવેલી મહિલાઓ આ યોજનાથી ખૂબ ખુશ દેખાઈ. તેમણે કહ્યું કે દિલ્હીની મહિલાઓ લાંબા સમયથી રાહ જોઈ રહી હતી. તે ખૂબ જ આનંદની વાત છે. રેખાજીએ અમને અપાર ખુશી આપી છે. જ્યારથી એક મહિલા મુખ્યમંત્રી બની છે ત્યારથી અમે ખૂબ ખુશ છીએ.

# ચાર્જશીટમાં નામ ન હોય તેવી વ્યક્તિ સમન્સ પહેલા સુનાવણીનો હકદાર નથી: SC

નવી દિલ્હી, તા.૮

સુપ્રીમ કોર્ટે ગુરુવારે એક મહત્ત્વપૂર્ણ આદેશમાં જણાવ્યું હતું કે આરોપી તરીકે આરોપનામામાં નામ ન હોય તેવી કોઈ વ્યક્તિ સમન્સ પહેલા ટ્રાયલ કોર્ટમાં સુનાવણી માટે હકદાર નથી. આવી વ્યક્તિને ક્રિમિનલ ટ્રાયલનો સામનો કરવા સમન્સની બજવણી કરવી જરૂરી છે.

જોકે ન્યાયાધીશ જે.બી. પારડીવાલા અને મનોજ મિશ્રાની બનેલી બેન્ચે જણાવ્યું હતું કે જો કોઈ કારણોસર ટ્રાયલ કોર્ટે આવી અરજી ફગાવી દીધા પછી હાઈકોર્ટ ફોજદારી કેસમાં આરોપી તરીકે વ્યક્તિને સમન્સ મોકલવાના મુદ્દા પર વિચાર કરે છે, તો આરોપીને સુનાવણીનો અધિકાર મળે છે. ખંડપીઠ ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ ૩૧૯ પરના કાનૂની સવાલ પર સુનાવણી કરી રહી હતી. આ કલમ મુજબ જો તપાસ અથવા ટ્રાયલ દરમિયાન એવું બહાર આવે કે જે વ્યક્તિનું નામ આરોપી તરીકે નથી પરંતુ તેણે ગુનો કર્યો છે, તો કોર્ટ ગુના માટે દોષિત જણાતી અન્ય વ્યક્તિઓ સામે કાર્યવાહી કરી શકે છે.

આ મામલો ૨૦૦૯ના એક હત્યા કેસ સંબંધિત છે, જેમાં ચાર્જશીટમાં આરોપી ન હતા તેવા બે વ્યક્તિને ટ્રાયલ કોર્ટ અને અલ્હાબાદ હાઈકોર્ટમાં સંખ્યાબંધ લિટિગેશન પછી ટ્રાયલનો સામનો કરવા માટે સમન્સ કરાયા હતાં. સુપ્રીમ કોર્ટે હત્યા કેસમાં આરોપી તરીકે જમીન અને અકીલને સમન્સ મોકલવાના નિર્ણયને માન્ય રાખ્યો હતો. ૨૦૦૯માં યુપીના હરદોઈમાં ઈર્શાદ, ઈરફાન, અબ્દુલ, જમીન અને અકીલ વિરુદ્ધ ફ્રીંઈ નોંધવામાં આવી હતી.

પોલીસે ઈર્શાદ અને ઈરફાન વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી હતી, જ્યારે અબ્દુલ, જમીન અને અકીલ વિરુદ્ધ તપાસ ચાલુ રાખી, જેમને ટ્રાયલનો સામનો કરવા માટે સમન્સ મોકલવામાં આવ્યું ન હતું. આ પછી બાકીના ત્રણ આરોપીને સમન્સ કરવાની ફરિયાદ પક્ષે ટ્રાયલ કોર્ટમાં અરજી કરી હતી, જેને ફગાવી દેવાઈ હતી.

# ઝારખંડમાં એનટીપીસીના ડીજીએમ કુમાર ગૌરવની ગોળી મારી હત્યા



હજારીબાગ,તા.૮

જિલ્લામાં શનિવારે સવારે ગોળીબારની ઘટના બની હતી. અહીં બદમાશોએ એનટીપીસીના ડીજીએમ કુમાર ગૌરવને નિશાન બનાવીને ગોળીબાર કર્યો. આ ગોળીબારમાં ડીજીએમ કુમાર ગૌરવને પણ ગોળી વાગી હતી, ત્યારબાદ તેમને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જોકે, હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. દિવસે ગોળીબાર કરીને થયેલી આ હત્યા બાદ એનટીપીસી કર્મચારીઓમાં ગુસ્સો છે. આ ઉપરાંત સ્થાનિક લોકોમાં પણ ભયનો માહોલ છે. હાલમાં પોલીસ ટીમ આ મામલાની તપાસમાં વ્યસ્ત છે.

હજારીબાગના એનટીપીસી કેરેદારીમાં કામ કરતા ડ્ઢય્સ્ કુમાર ગૌરવની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. તમને જણાવી દઈએ કે ગોળીબારની ઘટના આજે સવારે બની હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, અજાણ્યા ગુનેગારોએ ત્રણ રાઉન્ડ ફાયરિંગ કર્યું, ત્યારબાદ ડીજીએમ કુમાર ગૌરવનું હજારીબાગની આરોગ્ય હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું. આ સમગ્ર ઘટના હજારીબાગના કાટકમડાગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ફતાહા નજીક બની હોવાનું કહેવાય છે. ઘટના બાદ એનટીપીસીના અધિકારીઓ અને અન્ય કર્મચારીઓ હજારીબાગની આરોગ્યમ હોસ્પિટલ પહોંચ્યા અને સુરક્ષા અંગે પ્રશ્નો ઉઠાવતા જોવા મળ્યા.

હાલમાં, મૃતકનો મૃતદેહ હજારીબાગની આરોગ્યમ હોસ્પિટલમાં રાખવામાં આવ્યો છે. પોલીસ ઘટનાની તપાસમાં વ્યસ્ત છે. હજારીબાગના એસપી પણ ઘટનાસ્થળે પહોંચી ગયા છે અને મામલાની તપાસ કરી રહ્યા છે. ઘટના બાદ વિસ્તારના લોકોમાં ગભરાટનો માહોલ છે. તમને જણાવી દઈએ કે અગાઉ પણ એનટીપીસી હેઠળની કંપનીઓના કર્મચારીઓ પર ગોળીબારની આવી ઘટનાઓ બની છે જેમાં મૃત્યુ પણ થયા છે. ભૂતકાળમાં પણ આવી ઘટનાઓ બની છે, પરંતુ આ વખતે ગોળીબાર શા માટે થયો તે તપાસનો વિષય છે. (ઈનપુટ- મુન્નુ સિંહ)

# રશિયા પાસેથી ૨૪૮ મિલીયન ડોલરમાં ભારત બેટલ ટેન્ક ખરીદશે

નવી દિલ્હી, તા. ૮

ભારતે રશિયાની સોવિયેત યુગની બેટલ ટેક્ર ખરીદવા માટે રશિયાના શસ્ત્ર નિકાસકાર રોસોબેરોનએક્સપોર્ટ સાથે ૨૪૮ મિલીયન ડોલરનો સોદો કર્યો છે એમ સંરક્ષણ મંત્રાલયે એક યાદીમાં જણાવ્યું હતું. T-72 ટેન્ક જેને ભારતમાં સૌપ્રથમ વખત ૧૯૭૦માં ભારતના લશ્કરી કાફલામાં મુકવામાં આવી હતી. તે હાલમાં ૨૫૦૦ જેટલી આવી બેટલ ટેન્કસ ધરાવે છે જેમાં ૭૮૦ હોર્સપાવર (એચપી)નું એન્જિન ધરાવે છે.

ખરીદવામાં આવનારી નવી ૧,૦૦૦ એચપી એન્જિન્સ કાફલામાં હાલમાં સમાવિષ્ટ બેટલ ટેન્કનુ સ્થાન લેશે જેથી યુદ્ધના મેદનામાં મોબિલીટીમાં વધારો કરી શકાય છે અને ભારતીય લશ્કરની આક્રમણની ક્ષમતામાં વધારો કરી શકાય.

મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલી એક યાદીમાં જણાવ્યું હતુ કે આ બેટલ ટેક્રના સોદામાં રોબોનબેરોનએક્સપોર્ટ પાસેથી ટેક્નોલોજી ટ્રાન્સફરનો પણ સમાવેશ થાય છે તે ભારત સરકારની આર્મર્ડ વ્હિકલ્સ નિગમ લિમીટેડને તબદિલ કરાશે જેથી પરવાનાવાળા એન્જિન્સનું ઉત્પાદન કરી શકાય.

ભારત વિશ્વમાં શસ્ત્રનો સૌથી મોટો આયાતકાર દેશ છે અને રશિયા દાયકાઓથી બેટલ ટેક્ર સહિતના સંરક્ષણને લગતા શસ્ત્રોનો દાયકાઓથી નિકાસકાર દેશ રહ્યો છે. મોસ્કોની સિસ્ટમ્સ પૂરી પાડવાની ક્ષમતા તેના યુક્રેન સાથેના યુદ્ધથી નબળી પડી હોવા છતાં પણ નવી દિલ્હીને સપ્લાયર્સ માટે તેની તરફ નજર નાખવા માટે પ્રેરીત કરી છે.

# ટ્રેનની કન્ફર્મ ટિકિટ હશે તો જ સ્ટેશન પર મળશે એન્ટ્રી

### સ્ટેશન પર થતી ભીડને રોકવામાં મદદ મળશે, સ્ટેશનોની બહાર કાયમી વેઈટિંગ એરિયા બનાવવામાં આવશે

નવી દિલ્હી, તા.૮

મહાકુંભ દરમિયાન નવી દિલ્હી રેલવે સ્ટેશન પર તાજેતરમાં થયેલી ભાગદોડને લઈને રેલવે વિભાગે નવો નિર્ણય લીધો છે. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે એક મોટી બેઠક યોજી હતી. આ બેઠકમાં રેલવે સ્ટેશનો પર ભીડ ઘટાડવા માટેના નવા પગલાંની ચર્ચા કરવામાં આવી હતી. જણાવી દઈએ કે, રેલવે મંત્રીએ લીધેલા નિર્ણયમાં જણાવવામાં આવ્યું છે કે, હવે કન્ફર્મ ટિકિટ હશે તો જ ટ્રેનમાં ચડવા દેવામાં આવશે.

દેશના ૬૦ મુખ્ય રેલવે સ્ટેશનો હંમેશા ખૂબ જ ભીડવાળા જોવા મળે છે. હવે આ સ્ટેશનોની બહાર કાયમી વેઈટિંગ એરિયા બનાવવામાં આવશે. મુસાફરોને તેમની ટ્રેન આવવાની તૈયારીમાં હોય, ત્યારે જ પ્લેટફોર્મ પર જવાની મંજૂરી આપવામાં આવશે. આનાથી સ્ટેશન પર ધક્કામુક્કી ઓછી થશે અને અવરજવર સરળ બનશે. આ યોજનાની ટ્રાયલ નવી દિલ્હી, આનંદ વિહાર, વારાણસી, અયોધ્યા અને પટના સ્ટેશનો પર શરૂ થઈ ગઈ છે.આ ૬૦ સ્ટેશનો પર સંપૂર્ણ ઍક્સેસ કટ્રોલ હશે. મતલબ કે, કન્ફર્મ ટિકિટ ધરાવતા લોકોને જ પ્લેટફોર્મ પર પ્રવેશ મળશે. સુરક્ષા વધારવા અને અવરજવરને સરળ બનાવવા માટે, બધા ગેરકાયદેસર માર્ગો બંધ કરવામાં આવશે. આનાથી ટિકિટ વગરના લોકોની ભીડ ઓછી થશે અને સ્ટેશન પર સુરક્ષા પણ વધશે.

મહાકુંભમાં બે નવા પ્રકારના ફૂટ ઓવર બ્રિજ (FOB) ખૂબ ઉપયોગી રહ્યા હતા. એક ૧૨ મીટર (૪૦ ફૂટ) પહોળો અને બીજો ૬ મીટર (૨૦ ફૂટ) પહોળા બ્રિજ ખૂબ જ કામ લાગ્યા હતા. આ FOB હવે બધા મુખ્ય સ્ટેશનો પર બનાવવામાં આવશે. આનાથી મુસાફરોને મુસાફરી કરવામાં સરળતા રહેશે અને સુરક્ષામાં પણ વધારો થશે.

સ્ટેશનો અને આસપાસના વિસ્તારોમાં અનેક કેમેરા લગાવવામાં આવશે. આ કેમેરા ભીડ પર નજર રાખશે અને કોઈપણ ઘટના પર તાત્કાલિક કાર્યવાહી કરવામાં મદદ કરશે. આનાથી સુરક્ષા વધુ મજબૂત બનશે. આ ઉપરાંત, મોટા સ્ટેશનો પર ખાસ યુદ્ધ ખંડ બનાવવામાં આવશે. અહીં બધા વિભાગોના અધિકારીઓ સાથે મળીને કામ કરશે. બધા મુખ્ય રેલવે સ્ટેશનો પર સ્ટેશન ડિરેક્ટર તરીકે એક વરિષ્ઠ અધિકારીની નિમણૂક કરવામાં આવશે. તેમની પાસે નિર્ણયો લેવાની સંપૂર્ણ સત્તા હશે. તેઓ સ્ટેશન અને ટ્રેનોની ક્ષમતા અનુસાર ટિકિટના વેચાણને પણ નિયંત્રિત કરી શકશે. જેના દ્વારા સ્ટેશન પર ભીડને વધતી અટકાવવી અને સુરક્ષામાં પણ મોટો ફાયદો મળી શકશે.

### ગંભીર બેદરકારી!

# એમ્બ્યુલન્સમાં ઓક્સિજન ખૂટી પડતાં મધ્યપ્રદેશમાં ૩.૫ વર્ષની બાળકીનું મોત

ભોપાલ, તા.૮

મધ્ય પ્રદેશમાં હેલ્થ વિભાગની મોટી બેદરકારી સામે આવી છે. અહીં એમ્બ્યુલન્સમાં ઓક્સિજન પુરો થઈ જતાં ત્રણ વર્ષની બાળકીનું મોત નીપજ્યું છે. એમ્બ્યુલન્સ ચાલક અને ઈએમટી વાહનને લઈને ફરાર થઈ ગયા છે. તંત્રની બેદરકારીના લીધે એક માસૂમ બાળકીએ જીવ ગુમાવતાં મામલો ગરમાયો છે.

મધ્ય પ્રદેશમાં ફરી એકવાર હેલ્થ વિભાગની બેદરકારીનો કિસ્સો સામે આવ્યો છે. આ વખતે ૧૦૮ એમ્બ્યુલન્સમાં ઓક્સિજન સિલિન્ડર પુરો થઈ જવાથી એક સાડા ત્રણ વર્ષની બાળકીનું મોત નીપજ્યું છે. ગુના જિલ્લાના ધરનાવદા ગાવના રહેવાસી ઔકાર સિંહ કુશવાહે જણાવ્યું કે તેમની સાડા ત્રણ વર્ષની પૌત્રી હર્ષિતાને તાવ આવતાં ગુના જિલ્લા હોસ્પિટલમાં ભરતી કરાવવામાં આવી હતી. જ્યાં ડોક્ટરોએ સારવારમાં બેદરકારી દાખવતાં સવારે ૬:૪૦ વાગે ગંભીર હાલતમાં બાળકીને ૧૦૮ એમ્બ્યુલન્સથી ભોપાલ રીફર કરવામાં આવી હતી. જ્યારે બાળકીને લઈને ભોપાલ જઈ રહ્યા હતા ત્યારે રાજગઢ જિલ્લાના બ્યાવરાથી ૫ કિલોમીટર દૂર એમ્બ્યુલન્સમાં રાખેલો ઓક્સિજન ખતમ થઈ ગયો હતો.

ઓક્સિજન પુરો થઈ જતાં બાળકીની તબિયત બગડવા લાગી તો તેને સિવિલ હોસ્પિટલ લઈને પહોંચ્યા તો ડૉક્ટરોએ તેને મૃત જાહેર કરી. બાળકીના પરિવારજનોએ આરોપ લગાવ્યો હતો કે એમ્બ્યુલન્સ ચાલક તેમના કપડાં અને અન્ય સામાન ફેંકીને બાળકીનો કેસ અને જરૂરી કાગળો લઈને ભાગી ગયો. ત્યારબાદ તેમણે કાર્યવાહીની માંગ કરી હતી. ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલ્યો.

મળતી માહિતી અનુસાર ટાઈફોડગ્રસ્ત ત્રણ વર્ષની માસૂમ બાળકી હર્ષિતાને ગુનાની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. તેને ઉલટીઓ થતાં પરિવારજનોએ નર્સિંગ સ્ટાફને અને ડૉક્ટરને જાણ કરી હતી. હર્ષિતાની તબિયત વધુ બગડતાં ફરજ પર હાજર ડૉક્ટરે તેને ભોપાલ રીફર કરવાની સલાહ આઈ. સવારે ૬.૩૭ વાગે હર્ષિતાના પરિવારજનો સરકારી એમ્બ્યુલન્સમાં ભોપાલ જવા નીકળ્યા હતા.

### વનુઆતુ દેશની નાગરિકતા મેળવી

# લલિત મોદીએ ભારતીય પાસપોર્ટ સરેન્ડર કર્યો

નવી દિલ્હી, તા. ૮

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ના ભૂતપૂર્વ પ્રમુખ લલિત મોદીએ પોતાનો ભારતીય પાસપોર્ટ સરેન્ડર કરવા માટે અરજી કરી છે. તેને વનુઆતુની નાગરિકતા મળી છે. લલિત મોદી પર મની લોન્ડરિંગ અને ફોરેન એક્સચેન્જ કાયદાના ઉલ્લંઘનનો આરોપ છે. એજન્સીઓથી બચવા માટે તે ૨૦૧૦માં જ ભારત છોડીને ભાગી ગયો હતો. હવે બીજા દેશની નાગરિકતા મળ્યા બાદ લલિત મોદીનું પ્રત્યાર્પણ વધુ મુશ્કેલ બની ગયું છે. જે દેશ માટે નાગરિકતાનો દાવો કરવામાં આવ્યો છે તે એક નાનો દેશ છે જે પેસિફિક મહાસાગરમાં એક ટાપુ પર ફેલાયેલો છે. આ દેશ પહેલાથી જ પ્રત્યાર્પણ સંધિની બાબતો માટે કુખ્યાત છે.વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું, તેમણે લંડનમાં ભારતીય હાઈ કમિશનમાં પોતાનો પાસપોર્ટ સરેન્ડર કરવા માટે અરજી કરી છે. એવું માનવામાં આવે છે કે લલિત મોદી લાંબા સમયથી લંડનમાં રહે છે. મેહુલ ચોક્સીએ જે રીતે એન્ટિગુઆની નાગરિકતા લીધી હતી, લલિત મોદીએ પણ આવી જ ચાલ રમી છે. આંતરરાષ્ટ્રીય સૂત્રોના જણાવ્યા અનુસાર લલિત મોદીને ૩૦ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ જ વનુઆતુની નાગરિકતા મળી હતી.જયસ્વાલે કહ્યું કે, અમે તેમની સામે કાયદા મુજબ ગમે તે રીતે કાર્યવાહી કરીશું. લલિત મોદી પર ૨૦૦૯માં IPL માટે ૪૨૫ કરોડ રૂપિયાની ટીવી ડીલ કરવામાં નિયમોનું ઉલ્લંઘન કરવાનો આરોપ છે.

### ૩ મિત્રોને નહેરમાં ફેંક્યા, એકનું મોત

# કર્ણાટકમાં ઈઝરાયલી પર્યટક સહિત બે મહિલા પર ગેંગરેપ

હમ્પી, તા.૮

કર્ણાટકના વિશ્વ પ્રસિદ્ધ પર્યટન સ્થળ હમ્પી પાસે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં ઈઝરાયલની એક ૨૭ વર્ષીય પર્યટક અને એક હોમસ્ટે ચલાવનારી મહિલા સાથે સામૂહિક દુષ્કર્મની ઘટના સામે આવી છે. આ ઘટના ગુરૂવારે રાત્રે આશરે ૧૧:૩૦ વાગ્યે બની હતી, જ્યારે બંને મહિલાઓ સાનાપુર તળાવના કિનારે બેસીને તારાઓનો રમણીય નજારો જોઈ રહી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, પીડિત મહિલાઓ ત્રણ અન્ય પુરૂષ પર્યટકો સાથે હતી, જેમાંથી એક અમેરિકન નાગરિક અને બે ભારતીય નાગરિક (મહારાષ્ટ્ર અને ઓડીશા)ના હતાં. આ તમામ તુંગભદ્રા તળાવ પાસે સંગીત સાંભળતા હતાં અને રાતનો આનંદ લઈ રહ્યા હતાં. આ દરમિયાન ત્રણ અજાણ્યા લોકો મોટરસાઈકલ પર ત્યાં પહોંચ્યા. પહેલાં આરોપીઓએ પેટ્રોલ માટે પૂછપરછ કરી અને બાદમાં ઈઝરાયલની પર્યટક પાસે ૧૦૦ રૂપિયા માંગ્યા. જ્યારે તેણે પૈસા આપવાનો ઈનકાર કરી દીધો તો બંને વચ્ચે વિવાદ શરૂ થઈ ગયો. બાદમાં આ અજાણ્યા શખસોએ પુરૂષ પર્યટકો પર હુમલો કરી દીધો અને તેમને તળાવમાં ધક્કો મારી દીધો. બંનેને તળાવમાં ફેંકી તેઓએ મહિલાઓ પર દુષ્કર્મ આચર્યું અને બાદમાં ત્યાંથી ફરાર થઈ ગયાં. પુરૂષ પર્યટક અમેરિકન નાગિક ડેનિયલ અને મહારાષ્ટ્રનો પંકજ તળાવમાંથી બહાર નીકળી ગયાં છે. તેમજ ઓડિશાના બિબાશને બીજા દિવસે મૃત હાલતમાં બહાર કાઢવામાં આવ્યો.હોમસ્ટે ચલાવનારી મહિલાની ફરિયાદના આધારે, ગંગાવતી ગ્રામીણ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની ધારા ૩૦૯(૬) (ચોરી અથવા ખંડણી), ૬૪ (દુષ્કર્મ), ૭૦(૧) (સામુહિક દુષ્કર્મ), ૩૧૧ (લૂંટ અથવા ગંભીર ઈજા અથવા હત્યાનો ઈરાદો) અને ૧૦૯ (હત્યાનો પ્રયાસ) હેઠળ ગુનો નોંધ્યો છે. પોલીસે ૬ વિશેષ ટીમ ગોઠવી આરોપીઓને પકડવા માટે તપાસ શરૂ કરી છે. બંને પીડિત મહિલાઓએ વર્તમાનમાં સરકારી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. પોલીસના જણાવ્યા અનુસાર, અમે શંકાસ્પદોની ઓળખ કરી તેમની ધરપકડ કરી લીધી છે.આ ઘટનાને કારણે સ્થાનિક લોકો અને પર્યટકોમાં ભારે રોષ છે. આ ઘટના કર્ણાટકના પ્રવાસન ઉદ્યોગ માટે એક મોટો ઝટકો માનવામાં આવી રહ્યું છે, જે હમ્પી જેવા યુનેસ્કો વિશ્વ ધરોહર સ્થળ માટે જાણીતું છે. આ મામલે પોલીસ વધુ તપાસ કરી રહી છે.

# કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે જૂનાગઢ જિલ્લાના બ્રહ્માનંદ વિદ્યાધામ ખાતે વિવિધ સેવાકીય પ્રકલ્પોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું

જુનાગઢ તા.૮:કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે આજે જુનાગઢ જિલ્લાના ચાપરડા સ્થિત બ્રહ્માનંદ વિદ્યાધામ ખાતે શ્રી મુક્તાનંદ બાપુ ની પ્રેરક ઉપસ્થિતિમાં સૈનિક સ્કૂલ શાળા બિલ્ડીંગ, સૈનિક સ્કૂલ સ્ટાફ ક્વાર્ટર ભવન, જય અંબે હોસ્પિટલ ડોક્ટર ક્વાર્ટર બિલ્ડીંગ, જય અંબે હોસ્પિટલ મોડ્યુલર ઓપરેશન થિયેટર કોમ્પ્લેક્સ અને બ્રહ્માનંદ વિદ્યાધામ અતિથિ ભવનનું લોકાર્પણ તેમજ પૂજ્ય મુક્તાનંદ બાપુ મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ,શ્રી બ્રહ્માનંદ વિદ્યામંદિર સંસ્કૃત શક્તિ ગુરુકુળનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે આ અવસરે આનંદની લાગણી વ્યક્ત કરતા કહ્યું કે શ્રી મુક્તાનંદ બાપુ ના નેતૃત્વમાં બ્રહ્માનંદ ધામમાં ચાર હજારથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. શિક્ષણ ઉપરાંત અન્ય માનવસેવાના કાર્યો સંસ્થામાં આગળ વધી રહ્યા છે, શ્રી મુક્તાનંદ બાપુએ કચ્છ- કંડલામાં સેવા કાર્યો પણ કર્યા છે તે અંગે આનંદ વ્યક્ત કરતા વધુમાં કહ્યું કે મુક્તાનંદ બાપુએ મહાકુંભમાં પણ સેવા કાર્યો કર્યા છે.

મહાકુંભમાં સરકાર દ્વારા સારી વ્યવસ્થા કરવામાં આવી તે અંગે શ્રી મુક્તાનંદ બાપુએ વાત કરી એ સંદર્ભમાં ગૃહમંત્રીશ્રીએ કહ્યું કે મહાકુંભે ભારતની સનાતની સંસ્કૃતિનો મજબૂત સંદેશ સમગ્ર વિશ્વને આપ્યો છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના નેતૃત્વમાં આઝાદી પછી જે પેન્ડિંગ પ્રશ્નો હતા તેનું નિરાકરણ આવ્યું છે. રાષ્ટ્રની સુરક્ષામાં દેશ કટિબદ્ધ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ મજબૂત બન્યો છે.

દસ વર્ષ પહેલા ખેડૂતો માટે માત્ર ૨૨,૦૦૦ કરોડ



હતા હવે શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં તેનાથી છ ગણા વધારે ૧,૩૭,૦૦૦ કરોડ અને ૨૫ લાખ કરોડ ખેડૂતોને લોનમાટે આપવામાં આવ્યા છે તેમ પણ જણાવ્યું હતું.

દેશની સાંસ્કૃતિક વિરાસતોના વિકાસના સંદર્ભમાં કહ્યું કે કાશી કોરીડોર અને વિકાસ કાર્યો, રામ મંદિર નિર્માણ અને સોમનાથ મંદિર પણ સુવર્ણજડિત થઈ રહ્યું છે. આજે સોમનાથ મહાદેવના દર્શન, કોડીનારમાં સુગર ફેક્ટરીનું કાર્ય અને આજે સૈનિક સ્કૂલ બિલ્ડિંગનું લોકાર્પણ,આ મહત્વના કાર્યો આજે થયા તે અંગે આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે શ્રી મુક્તાનંદ બાપુએ રાષ્ટ્રપ્રથમની ભાવનાને આત્મસાત કરી, દેશને મજબૂત બનાવવા માટે આહુતિ આપવાનું આહવાન કરતા કહ્યું કે, રાષ્ટ્રધ્વજ અને બંધારણનો આદર તથા દેશ માટે વફાદારી અનિવાર્યતા છે, તેમ જણાવતા કહ્યું કે, સદીઓ બાદ દેશને સારું નેતૃત્વ પ્રાપ્ત થયું છે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહ ભારતવર્ષને ઉન્નતિના શિખરો પર લઈ જઈ રહ્યા છે. દેશને વિકસિત હરોળમાં પહોંચાડવા માટે જરૂરી કાર્ય કરવામાં આવી રહ્યા છે. દેશની સુરક્ષા મજબૂત બનાવવા, રોજગારી આપવા, મહિલા સશક્તિકરણના જરૂરી પગલાઓ લેવાની સાથે ખેડૂતો માટેના બજેટમાં પણ ખૂબ વધારો કર્યો છે. ઉપરાંત શ્રી મુક્તાનંદ બાપુએ કહ્યું કે, ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે દેશની આંતરિક સુરક્ષાઓ ખૂબ મજબૂત બનાવી ૩૭૦ની કલમ શાંતિપૂર્ણ રીતે દૂર કરી છે.

તેમણે કહ્યું કે, સરકારે ગિરનારના વિકાસ કાર્યો માટે રૂ. ૧૦૦ કરોડથી વધુનું અનુદાન આપ્યું છે, સાથે જ ગિરનાર ભારતવર્ષમાં એક આગવી ઓળખ બને તે દિશામાં કામગીરી પણ કરવામાં આવી છે.

આ પ્રસંગે શાબ્દિક સ્વાગત કરતા જૂનાગઢ જિલ્લા સહકારી બેંકના ચેરમેન શ્રી કિરીટભાઈ પટેલે કહ્યું કે, જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાના નાગરિકો માટે આજનો દિવસ ઐતિહાસિક છે, વર્ષોથી કોડીનારની સુગર ફેક્ટરી મીલ બંધ હતી, તે આજે દેશના ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે ફરી શરૂ થઈ છે. જેનો જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાના શેરડીનું વાવેતર કરતા ખેડૂતોને ફાયદો થશે. વધુમાં તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં જમ્મુ કશ્મીર રાજ્ય માટેના બંધારણના અનુચ્છેદ ૩૭૦ દૂર કરવાનો શ્રેય સફળ તરીકે ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહને જાય છે. ઉપરાંત શ્રી મુક્તાનંદ બાપુના સામાજિક શૈક્ષણિક ક્ષેત્ર સેવા કાર્યોનો ઉલ્લેખ કરતા કહ્યું કે, શ્રી મુક્તાનંદ બાપુએ ઝારખંડ, છત્તીસગઢ જેવા નક્ષલ પ્રભાવિત રાજ્યમાં પણ વિનામૂલ્ય શિક્ષણની સુવાસ પ્રસરાવી છે. આ સાથે બ્રહ્માનંદ પરિવારના દેશ વિદેશથી વર્ચ્યુઅલી જોડાયેલા સેવકોનું પણ સ્વાગત અભિવાદન કર્યું હતું.આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રીશ્રી અમિતભાઈ શાહનું સંસ્થાના ટ્રસ્ટીઓ તેમજ મુક્તાનંદ બાપુએ સ્વાગત કર્યુ હતું.

# કોડિનાર અને તાલાલા સુગર મિલોનો પુનરુદ્ધાર અને આધુનિકરણના પ્રારંભ સાથે ભૂમિપૂજન કરાવતાં કેન્દ્રીય ગૃહમંત્રી




(દિનેશ જોશી દ્વારા)

કોડીનાર તા ૮: કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે આજે સહકાર રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા અને સહકારી આગેવાનોની વિશેષ ઉપસ્થિતિમાં ગીર સોમનાથ જિલ્લાના કોડિનાર ખાતે કોડિનાર અને તાલાલા સુગર મિલોનો પુનરુધ્ધાર અને આધુનિકરણનો પ્રારંભ કરાવતાં સાથે ભૂમિપૂજન કર્યું હતું.

કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ આ અવસરે જણાવ્યું કે, ઇન્ડિયન પોટાશ કંપની દ્વારા આ સુગર મિલોની પુનરુદ્ધારથી આ વિસ્તારનો આર્થિક વિકાસ થશે અને ૧૦ હજાર થી વધુ ખેડૂતોના જીવનમાં મોટા પાયે સુધારાનો પ્રારંભ થવા સાથે તેમના જીવનમાં સમૃદ્ધિના દ્વાર ખુલશે.

આ સુગર મિલોની શરૂઆતથી આ વિસ્તારમાં આર્થિક ઉજાસ તો ફેલાશે જ, તે સાથે ખેડૂતો જે રીતે જગતને અન્ન પૂરુ પાડી 'અન્નદાતા' કહેવાય છે, તે જ રીતે આ સુગર ફેક્ટરી દ્વારા ઇથેનોલ અને તેમાંથી વીજળી બનાવી ઉર્જા તથા ગેસનું ઉત્પાદન થવાનું છે. ઇથેનોલના ઉત્પાદનથી દેશની પેટ્રોલિયમની આયાતમાં પણ ઘટાડો થશે અને ઇથેનોલની નિકાસ કરવા સાથે ભારતના ખેડૂતો 'ગ્લોબલ બાયોફ્યુઅલ પ્રોડ્યુસર' બની 'ઉર્જાદાતા' પણ બનવાના છે.

વર્ષોથી ખેડૂતોની અલગ 'સહકાર મંત્રાલય' બનાવવાની માંગણી હતી.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બીજી ટર્મમાં વડાપ્રધાન તરીકે કાર્યભાર સંભાળતા જ 'સહકાર મંત્રાલય' બનાવીને ખેડૂતોની આ માંગ પૂરી કરી છે. 'પેક્સ થી અપેક્સ' સુધી અને જિલ્લા અને અર્બન બેંકોનો સંગઠન બનાવવા સાથે ૬૦ કરોડથી વધુ ખેડૂતોને તેનો લાભ મળે તે રીતે આવનારા જીવન માટે વિકાસના દ્વાર ખોલી દીધાં છે.

ઇન્ડિયન પોટાશ લિમિટેડ આ વિસ્તારના ખેડૂતોને નવી શેરડીનું બિયારણ મળે, ઉત્પાદન વધે, ડ્રોન ટેકનીકથી ખાતરનો છંટકાવ થાય, નવા સાધનો મળે, ગેસનું ઉત્પાદન થાય વગેરે માટે પણ કાર્ય કરવાની છે. આ બધાથી આ વિસ્તારના ખેડૂતોની સમૃદ્ધિ ચોક્કસ વધશે જ તેઓ વિશ્વાસ મંત્રીશ્રી વ્યક્ત કર્યો હતો.

# ૧લી એપ્રિલથી મનપાને લગત સેવાઓ અંગેની ફરિયાદો ૧૫૫૩૦૪ પરથી જ નોંધાવી શકાશે

રાજકોટ, તા.૮

રાજકોટ મનપા દ્વારા મનપાની વિવિધ સેવાઓને લગત નાગરિકોની ફરિયાદોની નોંધણી માટે વર્ષ ૨૦૦૮ થી અમીન માર્ગ ખાતે ૨૪×૭ કોલ સેન્ટર ચાલુ કરવામાં આવેલ છે. જેમાં વાર્ષિક ૩.૭૫ લાખ ફરિયાદો નોંધવામાં આવે છે. આ માટે મનપા દ્વારા લેન્ડલાઈન નં.૦૨૮૧-૨૪૫૦૦૭૭ કે જેમાં ૦૫ હન્ટીંગ લાઈન સામેલ છે. તેમજ ટોલ ફ્રી નં.૧૮૦૦-૧૨૩-૧૯૭૩ પર શહેરના નાગરિકો ફોન દ્વારા તેઓની મનપાની સેવાઓ અંગે ફરિયાદો નોંધાવી શકે છે તે પ્રકારની વ્યવસ્થા અમલમાં મુકેલ છે. ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ કોમ્યુનીકિશન એન્ડ




ઈન્ફોર્મેશન ટેકનોલોજીના ડીપાર્ટમેન્ટ ઓફ ટેલીકોમ્યુનીકિશન દ્વારા ભારતની તમામ મનપાઓની વિવિધ સેવાઓ અંગેની ફરિયાદો માટે અલગ અલગ નંબરને બદલે તમામ ફરિયાદોની નોંધણી સમગ્ર દેશમાં એક જ કોમન નંબર દ્વારા કરી શકાય તેવી વ્યવસ્થા શરૂ કરવામાં આવેલ છે. આ માટે ૧૫૫૩૦૪ નંબરનો શોર્ટ કોડ અમલમાં મુકવામાં આવેલ છે. ભારત સરકારની આ યોજનાનો અમલ રાજકોટ મનપા દ્વારા કરવામાં આવેલ છે. હાલમાં કોલ સેન્ટરના નં.૦૨૮૧-૨૪૫૦૦૭૭ તેમજ ટોલ ફ્રી નં.૧૮૦૦-૧૨૩-૧૯૭૩ ના સ્થાને શોર્ટ કોર્ડ નં.૧૫૫૩૦૪ પરથી લોકો પોતાની મનપાની સેવાઓ અંગેની ફરિયાદો નોંધાવી શકશે.

# ધૂળેટી શુક્રવારે ખગ્રાસ ચંદ્રગ્રહણનો અદ્દભૂત અવકાશી નજારો

રાજકોટ, તા.૮

વિશ્વના અમુક દેશો, પ્રદેશોમાં શુક્રવાર તા.૧૪ મી માર્ચના રોજ ખંડગ્રાસ-ખગ્રાસ ચંદ્રગ્રહણનો અદભુત અવકાશી નજારો જોવા મળવાનો છે. ભારતના લોકોને આ ગ્રહણ જોવા મળશે નહિ. ગ્રહણની અવધિ ત્રણ કલાક ૩૮ મિનિટની રહેશે. અમેરિકા સહિતના દેશો-પ્રદેશોમાં આહલાદક જોવા મળશે. રાજ્યમાં ભારત જન વિજ્ઞાન જાથા ગ્રહણ સંબંધી વૈજ્ઞાનિક સમજ આપી લોકોને અવગત કરશે.

જાથાના રાજય ચેરમેન એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે સંવત ૨૦૮૧ ફાગણ સુદ પુનમ શુક્રવાર માર્ચ ૧૪ મી ૨૦૨૫ ના સૂર્ય કુંભ રાશિ અને પૂર્વ ભાદ્રપદ નક્ષત્રમાં તથા ચંદ્રસિંહ અને કન્યા રાશિ અને ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં થનારુ ખગ્રાસ ચંદ્રગ્રહણ ભારતમાં દેખાશે નહિ. આ ગ્રહણ અમેરિકા, પશ્ચિમ અમેરિકા, પશ્ચિમ યુરોપ, પેસિફિક, પશ્ચિમ આફ્રિકા, ઉપરાંત આર્કટિક મહાસાગર, બ્યુકોટ સમુદ્ર, લીંકોન સમુદ્ર, બફિનનો અખાત, ઉત્તર પેસિફિક મહાસાગર, દક્ષિણ પેસિફિક મહાસાગર, એન્ટાંકટિકા સર્કલ, એમુન્ડસેન સમુદ્ર વિગેરેમાં જોવા મળશે.

# લોન કૌભાંડમાં વધુ એક શખ્સના આગોતરા જામીન રદ

## અન્ય લોકોના નામની આર.સી. બુક, ઈન્સ્યોરન્સ પોલીસી, કારના કોટેશનો, બીલો સહિત ખોટા ડોકયુમેન્ટસ રજુ કરી ૧૦ કાર પર બેંકમાંથી લોન મેળવી'તી

રાજકોટ તા.૮:

વિજય કોમર્શિયલ કો.ઓ. બેંક પાસેથી ૧૦ કાર માટે લોન મંજુર કરાવી રૂ. ૯૩ લાખની રકમની ઉચાપત કરવાના ગુનામાં સંડોવાયેલા આરોપી શ્રૃજય વોરાની આગોતરા જામીન અરજી કોર્ટે ફગાવી દીધી છે.

આ કેસની હકીકત વિજય કોમર્શિયલ કો.ઓ. બેંકમાં બ્રાંચ મેનેજર તરીકે ફરજ બજાવતા દેવિકાબેન વસાએ શ્રૃજય વોરા અને લક્ષ્યાંક વિઠ્ઠલાણીએ સાથે મળી બે અલગ અલગ પેઢીઓના નામે રૂ. ૯૩.૧૫ લાખની લોન મંજુર કરવી હતી. આ લોન મેળવવા બન્નેએ કાવતરૂ રચી પોતાના સગા વ્હાલાઓ અને ઓળખીતાઓ તેમજ અન્ય લોકોના નામની આર.સી. બુક, ઈન્સ્યોરન્સ પોલીસી, મોટરકારના કોટેશનો તથા બીલો વિગેરે ખોટા ડોકયુમેન્ટસ રજુ કરી ૧૦ મોટર કારો માટે રૂ. ૯૩.૧૫ લાખની લોન મેળવી લીધી હતી. આ કૌભાંડ બહાર આવતા એ-ડીવીઝન પોલીસે પાંચ આરોપીઓ સામે ફરિયાદ દાખલ કરી હતી. જે કેસમાં સંડોવાયેલા આરોપી શ્રૃજય વોરાએ પોલીસ ધરપકડની દહેશતે સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા આરોપીના બચાવ પક્ષે અરજદાર શ્રૃજય વોરાની જામીન અરજીના સમર્થનમાં રજુઆત કરેલ હતી કે તેઓ આ બેંકમાં કોઈ હોદો ધરાવતા નથી તેથી તેઓએ આવા કોઈપણ કૌભાંડમાં કોઈ ભાગ ભજવેલ નથી.

જ્યારે સરકાર તરફે જીલ્લા સરકારી વકીલ એસ.કે. વોરાએ રજુઆત કરતા જણાવેલ હતુ કે, વિજય બેંકના આસીસ્ટન્ટ મેનેજરે ફરીયાદ કરી જણાવેલ છે કે રૂ. ૯૩.૧૫ લાખની લોન મેળવી લેવા માટે આરોપીઓએ જે દસ્તાવેજો રજુ કરેલ છે તે દસ્તાવેજો બનાવટી હોવાનું જાણવા છતા બ્રાંચ મેનેજર તરીકે આરોપી દેવિકાબેન વસાએ લોન મંજુર કરેલ છે. આ લોન મંજુર કરતા પહેલા તેણીની ફરજ હતી કે આ દસ્તાવેજો વાળા વાહન નંબરો આર.ટી.ઓ.માં નોંધાઈ આવે છે. આ અંગે ફરીયાદીએ તપાસ કરતા જાણવા મળેલ કે બેંકમાં રજુ થયેલ નંબરોવાળા વાહનોના દસ્તાવેજો આર.ટી.ઓ.માં જુદા વ્યકિતઓના નામે છે. આ રીતે આરોપીઓએ સંયુકત રીતે કાવતરૂ રચી એક વ્યકિતના નામે લોન મંજુર કરાવી બીજા વ્યકિતઓના નામે વાહનો ખરીદેલ છે. આ મુજબનો ગુનો ફકત પુર્વઆયોજીત કાવતરાથી જ આચરી શકાય છે તેથી અરજદારની આગોતરા જામીન અરજી રદ થવી જોઈએ. સુપ્રિમ કોર્ટના ચુકાદા મુજબ કોઈ આરોપીને આગોતરા જામીન આપવામાં આવે તો આવા આરોપીને પોલીસ રીમાન્ડ ઉપર સોંપી શકાતા નથી. જો પોલીસને આરોપીની રીમાન્ડ મળે નહી તો ગુના અંગેની કોઈ અસરકારક તપાસ થઈ શકે નહી જેનો સીધો લાભ આરોપીને ગેરવ્યાજબી રીતે મળે છે જેથી આરોપીને આગોતરા જામીન આપી શકાય નહી. જે સરકાર તરફેની રજુઆતોના અંતે સેશન્સ જજ ડી.એસ.સિંઘે આરોપી શ્રૃજય વોરાની આગોતરા જામીન અરજી રદ કરતો હુકમ કર્યો છે.

# રાજકોટ : પી.ડી.માલવિયા કોલેજ ખાતે મહિલા દિવસની ઉજવણી

રાજકોટ, તા.૯

શહેરના ગોંડલ રોડ પર આવેલી પી.ડી.માલવિયા કોલેજ ખાતે રાજકોટના ડેપ્યુટી કલેકટર ડો.ચાંદની પરમાર, કથન નૃત્યના નિષ્ણાંત બેન પલ્લવીબેન વ્યાસ, સંગીત ચિકિત્સક ફાલ્ગુની રાવલની ઉપસ્થિતિમાં એનસીસી ગર્લ્સ યુનિટ, એનએસએસ ગર્લ્સ યુનિટ અને કોલેજની રેગ્યુલર વિદ્યાર્થીની બહેનો સાથે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

ડો.ચાંદની પરમારે જણાવ્યું હતું કે સંઘર્ષથી સફળતા મળે જ છે સખત પરિશ્રમ કરવાથી આત્મવિશ્વાસ પેદા થાય છે અને એ આત્મવિશ્વાસ સફળતા તરફ લઈ જાય છે એક સાથે અનેક કાર્યો કરવાની સ્થિતિ જ્યારે ઉપસ્થિત થાય ત્યારે એક મહિલાને તેનો પોતાનો આત્મવિશ્વાસ આગળ દોરી જાય છે રેવન્યુમાં કામ કરતા આવી અનેક સ્થિતિ સામે જોઈ છે જેમાં સફળતા મળી છે.

કથક નૃત્યના નિષ્ણાંતક પલ્લવીબેન વ્યાસે જણાવ્યું હતુ કે વિશિષ્ટ કૌશલ્ય વિશિષ્ટ જ્ઞાન વિશિષ્ટ આવડતએ આપણા આત્મવિશ્વાસમાં પરિણમે છે. કોઈને કોઈ કળા શીખવી જોઈએ. ફાલ્ગુનીબેન રાવલ પોતાના નીજી જીવનની વાત કરતા જણાવે છે કે પોતાના કુટુંબીજનોના સાથ સહકારથી આગળ વધી શકાય છે. દિવ્યાંગ વ્યકિત પણ પોતાનામાં વિશિષ્ટ કૌશલ્યનો વિકાસ કરી શકે છે જેમાં શંકાને સ્થાન નથી.

કાર્યક્રમનુ સંચાલન ડો.દિપ્તીબેન એસ.ત્રિવેદીએ કર્યુ હતુ. ડો.બિનિતા જોલાપરા અને ડો.રીટાબેન જેઠવાએ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી. ઈલાબેન પટેલ અને ચાંદનીબેને સમગ્ર કાર્યક્રમ તૈયાર કરવામાં મદદ કરી હતી. કોલેજના તમામ અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.

# ધ્રોલ ઉમિયાજી મહિલા નર્સિંગ કોલેજ ખાતે ઓથ ટ્રેકિંગ કાર્યક્રમ

રાજકોટ, તા.૮

ઉમિયાજી મહિલા નર્સિંગ કોલેજ-ધ્રોલમાં નર્સિંગ કોલેજના પ્રિન્સિપાલ કે.ડી.મારવાણીયાના માર્ગદર્શન હેઠળ એએનએમ પ્રથમ વર્ષની વિદ્યાર્થીનીઓને ઓથ ટ્રેકિંગ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં અધ્યક્ષ સ્થાને ઉમિયાજી પરિવાર એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી(પૂર્વ કલેકટર) બી.એચ. ઘોડાસરા હાજર રહ્યા હતા. અતિથિ વિશેષમાં શિક્ષણ સમિતિના અધ્યક્ષ ભગવાનજી કાનાણી, જી.એમ.પટેલ કન્યા વિદ્યાલયના આચાર્ય વિજયાબેન બોડા, બી.એડ.કોલેજના આચાર્ય ડો.હિનાબેન કાનાણી, ઉમિયાજી મહિલા કોલેજના પ્રિન્સિપાલ જીતેન્દ્ર બોડા, બી.એ.સી.સાયાન્સ કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સીપાલ સાગરભાઈ ભેંસદડીયા તેમજ કોલેજના સ્ટાફમિત્રો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનુ સંચાલન કાનાણી ધારાબેન દ્વારા કરવામાં આવ્યું હતુ. કાર્યક્રમના અંતે આભારવિધિ બી.એડી.કોલેજના પ્રિન્સીપાલ ડો.હિનાબેન કાનાણી દ્વારા કરવામાં આવેલ.

# જામનગર એડવોકેટ હારુન પલેજા હત્યા કેસમાં બે શખ્સના જામીન મંજૂર કરતી હાઈકોર્ટ

## શિક્ષિકાના આપઘાત પ્રકરણમાં એડવોકેટ તરીકે રોકાયાનો ખાર રાખીને ૧૫ શખ્સે હત્યાને અંજામ આપ્યો 'તો

(નયના દવે દ્વારા)

જામનગર તા.૮:

જામનગરના બેડી વિસ્તારમાં એડવોકેટ હારુન પલેજા ની સરાજાહેર હત્યા નીપજાવવા અંગેના અતી ચકચારજનક પ્રકરણમાં પોલીસે કુખ્યાત સાઈચા બંધુઓ સહિત ૧૫ આરોપીઓ પૈકી બે શખ્સની જામીન અરજી હાઈકોર્ટે મંજૂર કરી છે. આ ચકચારિ બનાવની વિગત એવી છે કે જામનગરના મુસ્લિમ સમાજના આગેવાન અને જાણીતા એડવોકેટ હારુન પલેજા કે જેઓની બેડેશ્વર વિસ્તારમાં વાછાણી ઓઇલ મીલ સામેના ભાગમાં સરાજાહેર હત્યા નિપજવામાં આવી હતી.એડવોકેટ રોઝુ ખોલવા માટે બાઈક પર પોતાના ઘેર જઈ રહ્યા હતા, જે દરમિયાન પથ્થરમારો કર્યા પછી તેઓનાપર છરી-ધોકા-પાઇપ જેવા હથિયારો વડે હુમલો કરી દઇ વેતરી નાખ્યા હતા. તેઓને હોસ્પિટલમાં લઈ જવાયા હતા, જ્યા તબીબે મૃત જાહેર કર્યા હતા, અને આ બનાવ હત્યામાં પલટાયો હતો. હત્યાના બનાવમા કોર્પોરેટર નૂરમામદ ઓસમાણભાઈ પલેજાએ સીટી ડિવિઝન પોલીસ મથકમાં કાકા એડવોકેટ હારુન પલેજાની હત્યા નીપજાવવા અંગે ૧૫ આરોપીઓ સામે ફરિયાદ નોંધાવી છે. ૧૧ શખ્સોની ધરપકડ કરી હતી. પંચવટી વિસ્તારની શિક્ષિકાના આપઘાત પ્રકરણમાં મૃતક એડવોકેટ તરીકે રોકાયા હતા, જેનો ખાર રાખીને વકીલનો કાંટો કાઢી નાખવા માટે હત્યાને અંજામ અપાયાનું પોલીસમાં જાહેર થયું છે. તપાસ પૂર્ણ થતા જેલ હવાલે કર્યા હતા બાદ જામનગર સેશન્સ કોર્ટ દ્વારા ઓસમાણ ચાવડીયા અને ઉંમર ચાવડીયા ની જામીન અરજી રદ કરતા હાઇકોર્ટમાં જામીન પર છૂટવા અરજી કરી હતી જે જામીન અરજીની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ બચાવ પક્ષના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલમાં પોલીસના ચાર્જથી તદ્દન વિરુદ્ધ ની હકીકતો જોવાનું પથ્થરિયા રીતે જણાય આવતું હોય તેમજ બનાવ સ્થળે હાજર જણાય આવતું નથી ચાર્જસીટ રજૂ થઈ ગયેલ છે કે ચાલવા ઉપર આવી ગયેલ છે તમામ રજૂઆત ધ્યાને લઇ હાઇકોર્ટે સબીર ચાવડીયા અને ઉમર ચાવડીયાને શરતોને આધીન જામીન ઉપર મુક્ત કરતો હુકમ કર્યો છે. કેસમાં ગુજરાત હાઇકોર્ટના સિનિયર કાઉન્સિલર વિરાટભાઈ પોપટ અને ગોંડલના એડવોકેટ વિજયરાજસિંહ જાડેજા અને એચ.કે. ચનીયારા રોકાયા હતા

# ફેમિલી કોર્ટની મધ્યસ્થીથી દંપતીનું જીવન પુનઃ ધબકયુ

## છુટાછેડા માટે તૈયાર દંપતીનો સંસાર લોક-અદાલતોમાં પક્ષકારોના વકીલો, જજો અને મીડીએટરના પ્રયત્નોથી તકરારનો સુખદ અંત

રાજકોટ તા.૮:

રાજકોટ ફેમિલી કોર્ટની મધ્યસ્થીથી પતિ-પત્ની વચ્ચે સુખદ સમાધાન થયું છે. રાજકોટમાં રહેતા અગ્રણી ગર્વમેન્ટ કોન્ટ્રાકટર હરેશભાઈ ચોવટીયાનો પરીવાર ફરીથી ખુશીઓથી ધબકતો થયો છે.કોઈની હાર નહી કોઈની જીત નહીં. સમાધાન જેવી બીજી કોઈ રીત નહી તે કહેવત મુજબ રાજકોટના અગ્રણી સરકારી કોન્ટ્રાકટર હરેશભાઈ ચોવટીયા (ઉ.વ.૪૨) અને તેમની પત્ની સ્વેતાબેન ચોવટીયા (ઉ.વ. ૪૦) આ બન્ને પક્ષકારોના લગ્ન તા.૨૨/૦૪/૨૦૦૮ ના રોજ ગોંડલ મુકામે થયેલા. ત્યારબાદ બન્ને પતિ-પત્ની તરીકે રાજકોટમાં લગ્ન જીવન પસાર કરતા હતા. પરંતુ લગ્નજીવનમાં બન્ને વચ્ચે તકરારો થવા લાગેલી અને આ તકરારો એટલી હદે આગળ વધી ગયેલ કે બન્ને પતિ-પત્ની વચ્ચે છુટા છેડાની અરજી થયેલી. લગ્ન જીવનથી થયેલ સંતાન હાલ ૧૪ વર્ષના હોય અને જે રાજકોટની પ્રખ્યાત આર.કે.સી. કોલેજમાં અભ્યાસ કરે છે તેનો કબજો મળવા માટે પણ ગાર્ડીયન એન્ડ વોડઝ એકટ હેઠળ અરજીઓ થયેલી હતી. આ દરમ્યાન પોલીસ અરજીઓ પણ થયેલી. અને સ્વેતાબેન તેના પતિ હરેશભાઈ ચોવટીયા સામે ભરણપોષણની અરજી પણ કરેલી હતી. વર્ષ ૨૦૨૨ થી આ તકરારો ચાલતી હતી.કાયદામાં નવા પ્રસ્થાપીત થયેલ સીધ્ધાંત પ્રમાણે જયારે કૌટુંબીક તકરારો ઉપસ્થીત થયેલ હોય ત્યારે અદાલતોએ પક્ષકારો વચ્ચે સમાધાન થાય તે માટેના પ્રયત્નો કરાવવાના હોય છે. તે માટે અદાલતોમાં મીડીએશન સેન્ટર ચાલે છે. લોક-અદાલતોમાં પક્ષકારો વચ્ચે તકરારનું સુખદ નિરાકરણ થાય તે માટે પક્ષકારોના વકીલો તેમજ જજો દ્વારા તેમજ મીડીએટર દ્વારા પ્રયત્નો કરવામાં આવે છે. આવા પ્રકારની અભિગમ વાળી લોક-અદાલત આજરોજ ફેમેલી કોર્ટ મુકામે પણ યોજવામાં આવેલ. જે લોક-અદાલતમાં આ પતિ-પત્નીનું કાઉન્સીલીંગ પક્ષકારોના એડવોકેટ અર્જુન પટેલ, આર.કે.પટેલ, હેતલબેન રાજદેવ દ્વારા કરવામાં આવેલુ તેમજ હાજર રહેલ ફેમેલી કોર્ટના જજ બી.એસ.પરમાર, જી.ડી. યાદવ અને હિના .એન. દેસાઈ દ્વારા કાઉન્સીલીંગ કરવામાં આવેલુ હતું. સમજાવટ ના અંતે પક્ષકારોનુ લગ્ન જીવન પુનઃ ધબકતુ થયેલુ છે. પરીવારમાં ફરીથી ખુશીઓનુ વાતાવરણ મહેકેલ છે.

# આગામી મંગળવાર બાદ ગરમી કહેર વર્તાવશે

રાજકોટ, તા.૮:રાજ્યમાં હાલ છેલ્લા ૩ દિવસથી રાત્રીના અનુભવાતી ઠંડકમાં આગામી મંગળવારથી ધરખમ ઘટાડો નોંધાશે રાજ્યમાં મંગળવાર બાદ ગરમીનો કહેર જોવા મળશે. જેમાં આગામી ૪૮ કલાક બાદ રાજ્યમાં ગરમીનું યેલોએલર્ટ જાહેર કરાયેલ છે. તેમજ ત્યારબાદ પ્રચંડ ગરમીનું મોજુ આગામી મંગળવાર બાદ પાંચ દિવસ સુધી રાજ્યમાં ફરી વળશે. જેમાં સંદર્ભે હવામાન વિભાગ દ્વારા હિટવેવની આગાહી વ્યકત કરવામાં આવી છે.

રાજ્યના અનેક ભાગોમાં દિવસે ગરમી અને મોડીરાત્રીના ઠંડક ભર્યા વાતાવરણનો અનુભવ થઈ રહયો છે. આગામી ૪૮ કલાકમાં વાતાવરણમાં પરિવર્તનની શકયતાઓ જન્મી હોવાથી દિવસના સમયે ગરમીમાં થોડો વધારો જોવા મળશે પરંતુ મંગળવાર બાદ પાંચ દિવસ દરમ્યાન ગરમીનો પારો ઝડપથી ઉંચો ચડવાની શકયતાઓ હોવાથી હવામાન નિષ્ણાંતો દ્વારા હિટવેવની આગાહી વ્યકત કરવામાં આવી છે.

# સુરત : આમરોલી સામુહિક આપઘાતમાં ૩ના મોત

રાજકોટ, તા.૮એક સમયે તેજીના ચળકાટથી તમામ કામધંધાને ઝાંખા પાડનાર હિરા ઉદ્યોગમાં છેલ્લા ઘણા સમયથી મંદિ ચાલી રહી હોવાથી સુરતમાં આવેલા હિરાના અનેક નાના-મોટા કારખાનાઓ મંદિના ગ્રહણના લીધે બંધ થતા હજ્જારો રત્ન કલાકાર પરિવારો આર્થિક અકળામણમાં સપડાય રહયા છે. સુરતના આમરોલી વિસ્તારમાં બેકારીના ખપ્પરમાં હોમાયેલા એક જ પરિવારના ૩ સભ્યોએ સામુહિક આત્મહત્યા કરતા સનસનાટી મચી જવા પામેલ છે.હિરાનગરી તરીકેનુ બિરૂદ મેળવનાર સુરત શહેરના આમરોલી વિસ્તારમાં આવેલ એન્ટિલીયા એપાર્ટમેન્ટમાં રહેતા એક જ પરિવારના પતિ-પત્નિ અને પુત્રએ આર્થિક અકળામણના કારણે અંતિમ પગલુ ભરી જીવનનો અંત આણેલ છે. મૃતકો ઘર (ફલેટ)માંથી મરણનોંધ પણ મળી આવેલ છે. આ મામલે પોલીસે વિસ્તૃત તપાસ હાથ ધરેલ છે.

# આરંભડા : આરોગ્યધામમાંથી એસીના આઉટડોરની ચોરી

## હીસાબનીશે પોલીસને કરી જાણ

મીઠાપુર, તા.૮

દેવભૂમી દ્વારકા જીલ્લાના ઓખા મંડળના આરંભડા હદવિસ્તારમાં આવેલ દ્વારકાધીશ આરોગ્યધામમાંથી એસી.નું આઉટડોર કોઈ ચોરી કરી જતા આ મામલાની મીઠાપુર પોલીસને જાણ કરતા આ હોસ્પિટલના એકાઉન્ટન્ટ પારસભાઈ ગોંડલીયા દ્વારા કરવામાં આવેલી છે.

# જંબુસરમાં સગીરા સાથે ગેંગરેપ

રાજકોટ, તા.૮: ભરૂચ જીલ્લાના જંબુસર ખાતે એક વિકલાંગ યુવતિ સાથે ૨ શખ્સો દ્વારા ગેંગરેપ આચરાયાની ઘટના બહાર આવતા પોલીસે ઘટના સ્થળે પહોચી ફરિયાદના આધારે ગેંગરેપ આચનાર શખ્સોની શોધખોળ હાથ ધરેલ છે.

# ટંકારાના રોહીશાળા-નેકનામ રોડ પર કારમાં દારૂનો જથ્થો લઈ જતા બે ઝડપાયા

(રવિ નિમાવત દ્વારા)

મોરબી તા.૮:

ટંકારા તાલુકાના રોહીશાળા-નેકનામ રોડ પરથી ક્રેટા કારમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો લઇ જતા બે ઇસમોને ઝડપી લઈને પોલીસે દારૂ-બીયર અને કાર સહીત ૭.૩૯ લાખનો મુદામાલ કબજે લઈને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે



ટંકારા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય દરમિયાન બાતમી મળી હતી કે કાળા કલરની ક્રેટા કાર નેકનામ જોધપર ગામ તરફથી આવવાની છે જે કારમાં દારૂ અને બીયરનો જથ્થો ભરેલ છે જેથી ટીમે વોચ ગોઠવી હતી અને કારને રોકી તલાશી લેતા અલગ અલગ બ્રાન્ડની દારૂની બોટલ નંગ ૩૧૮ કીમત રૂ ૧,૨૪,૩૬૨ અને બીયર નંગ ૪૮ કીમત રૂ ૫૫૬૨ મળી આવતા દારૂ-બીયર અને કાર તેમજ ૨ મોબાઈલ સહીત કુલ રૂ ૭,૩૯,૯૩૦ નો મુદામાલ કબજે લીધો હતો

તેમજ કારમાં સવાર આરોપીઓ ઉદયસિંહ સહદેવસિંહ ઝાલા રહે મેઘપર ઝાલા તા. ટંકારા અને કુલદીપસિંહ પ્રવીણસિંહ ઝાલા રહે જોધપર ઝાલા તા. ટંકારા એમ બે ઇસમોને ઝડપી લીધા છે અન્ય આરોપી યોગીરાજસિંહ ગીરીરાજસિંહ જાડેજા રહે અગાભી પીપળીયા તા. વાંકાનેર વાળાનું નામ ખુલતા વધુ તપાસ ચલાવી છે

**ત્રાજપર ખારીમાં મકાન પાસેથી દારૂની ૫૦ બોટલ સાથે એક ઝડપાયો**

ત્રાજપર ખારીમાં રહેતા ઇસમના મકાન સામેથી પોલીસે ઈંગ્લીશ દારૂની ૫૦ બોટલના જથ્થા સાથે આરોપીને ઝડપી લઈને કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે મોરબી સીટી બી ડીવીઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય દરમિયાન મોરબી-૨ રામકુવા શેરી ત્રાજપર ખારીમાં રહેતા આરોપી નીલેશ ભરત ડાભીના માકન સામે રેડ કરી હતી જ્યાં સ્થળ પરથી ઈંગ્લીશ દારૂની ૫૦ બોટલ કીમત રૂ ૧૦,૪૮૦ ના મુદ્દામાલ સાથે આરોપી નીલેશ ડાભીને ઝડપી લઈને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે

# જામનગરઃ રીક્ષા ચાલક વ્યાજખોરના વિષચક્રમાં ફસાઈ જતાં ઝેરી પ્રવાહી પી લીધું

(નયના દવે દ્વારા)

જામનગર તા.૮:

જામનગર માં વ્યાજ ખોરીનું દૂષણ દિન પ્રતિ દિન વધતું જાય છે, અને પોલીસ તંત્ર દ્વારા પણ આવા વ્યાજખોરોને શોધી કાઢીને તેની સામે ફરિયાદ નોંધવા સહિતની કાર્યવાહી કરવામાં આવી રહી છે. આવોજ એક કિસ્સો મહારાજા સોસાયટી વિસ્તારમાં બન્યો છે.

જામનગરમાં મહારાજા સોસાયટીમાં રહેતા અને રીક્ષા ચલાવતા તેમજ છૂટક કપડા ની ફેરીનો ધંધો કરતા અશરફ કાસમભાઇ મેમણ નામના ૪૮ વર્ષના રીક્ષા ચાલક યુવાને આજથી ત્રણ દિવસ પહેલા પોતાના ઘેર જંતુનાશક દવા પી લેતાં તેને વિપરીત અસર થવાથી સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં યઆવ્યો હતો.

આ બનાવ અંગેની પોલીસને જાણ થતા સિટી એ. ડિવિઝન નો પોલીસ સ્ટાફ જીજી હોસ્પિટલમાં દોડી ગયો હતો, અને બે દિવસની સારવાર બાદ અશરફ મેમણ નું નિવેદન નોંધ્યું હતું. જેમાં પોતે વ્યાજખોરોની ચુંગાલમાં ફસાઈ ગયો હોવાથી આત્મહત્યા નો પ્રયાસ કર્યાનું જણાવ્યું હતું.

પોલીસમાં વધુમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી યુવાનને આજથી ચારેક વર્ષ પહેલા પોતાના કપડા ની ફેરી ના ધંધા માટે પૈસા ની જરૂરિયાત હોવાથી જામનગરમાં મહારાજા સોસાયટી વિસ્તારમાં રહેતા ઇમયીયાઝ પટણી પાસેથી ૧ લાખ રૂપિયા ૧૫ ટકાના માસિક વ્યાજે મેળવ્યા હતા. જેનો દર મહિને ૧૫,૦૦૦ રૂપિયા વ્યાજ ચૂકવતો હતો, અને અત્યાર સુધીમાં કુલ સાત લાખ રૂપિયાની રકમ વ્યાજ પેટે ચૂકવી દીધી હતી. વ્યાજખોરોએ તેના બદલામાં બે કોરા ચેક પણ મેળવી લીધા હતા.

તાજેતરમાં આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાના કારણે અશરફ મેમણ દ્વારા હપ્તો આપવાનું બંધ કરાયું હતું. જેથી વ્યાજખોર ઇસતિયાક પટણી અને તેના સાગરીત જુનેદ પટણી સાથે ધસી આવ્યો હતો, અને પતાવી દેવાની ધમકી આપતાં અને વધુ વ્યાજ અને મુદ્દલ રકમ ની માંગણી કરતા પોતે હવે પૈસા ચૂકવી શકે તેમ ન હોવાથી આખરે જંતુનાશક પ્રવાહી ઉપી લીધું હોવાનું જણાવ્યું હતું. સીટી એ. ડિવિઝન પોલીસે અશરફભાઈ મેમણ ની ફરિયાદ ના આધારે ઇસતિયાક પટણી અને જૂનેદ પટણી સામે ગેરકાયદે નાણા ધીરધાર અંગેની કલમ તેમજ હુમલા અંગેની અન્ય જુદી જુદી કલમો હેઠળ ગુનો નોંધ્યો છે અને વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગર-ખંભાળિયા હાઈવે રોડ પર હિટ એન્ડ રનના બનાવમાં દંપત્તિ ખંડિત

(નયના દવે દ્વારા)

જામનગર તા.૮:

જામનગર ખંભાળિયા ધોરી માર્ગ પર હિટ એન્ડ રન ના બનાવમાં એક દંપતિ ઘાયલ થયું હતું. જેમાં બાઈક સવાર યુવાનનું પોતાની પત્નીની નજર સમક્ષ કમ કમાટી ભર્યું મૃત્યુ નિપજ્યુ છે. જ્યારે પત્નીને ઈજા થઈ છે. આ ઉપરાંત અન્ય એક અકસ્માતમાં ખંભાળિયાના બે યુવાનોને ટ્રકની ઠોકરે ઇજા થઈ છે.

જામનગર શહેર અને જિલ્લામાં અકસ્માતો ની હારમાળા અવિરત ચાલુ રહી છે, અને ખંભાળિયા ધોરી માર્ગ પર મેઘપર નજીક એક દંપત્તિ ઈજાગ્રસ્ત બન્યું હતું. જેમાં પતિએ જીવ ગુમાવ્યો છે, અને પત્ની સારવાર હેઠળ છે. જામનગરમાં શંકર ટેકરી વિસ્તારમાં રહેતા રાજેશભાઈ અરજણભાઈ ચાવડા (૪૧) તેના પત્ની વનિતાબેન રાજેશભાઈ ચાવડા (૪૦) કે જેઓ દેવીપૂજક દંપતિ ગઈકાલે જામનગર-ખંભાળિયા ધોરી માર્ગ પર પડાણા ગામ ના પાટીયા પાસેથી પોતાના ગઈ કાલે સાંજે બાઇકમાં બેસીને જઈ રહ્યા હતા, જે દરમિયાન ટ્રક- ટેન્કર ચાલકે બાઈક ને ઠોકરે ચડાવતાં અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં રાજેશભાઈ ચાવડાને ગંભીર ઇજા થઈ હોવાથી તેઓનું પોતાની પત્નીની નજર સમક્ષ જ મૃત્યુ નીપજયું છે.

જયારે પત્ની વનિતાબેન ચાવડાને છોલછાલ સહિતની નાની મોટી ઈજા થઈ હોવાથી જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં સારવાર લેવી પડી છે.

આ અકસ્માતના બનાવ અંગે મૃતક રાજેશના પુત્ર સચિન રાજેશભાઈ ચાવડાએ પોલીસ ને જાણ કરતાં .એઘપર પડાણાં ના પોલીસ હેડ કોન્સ્ટેબલ એલ.જી.જાડેજા બનાવના સ્થળે દોડી ગયા હતા, અને મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ કરાવ્યું છે, જ્યારે ટેન્કર ચાલકની સામે ગુનો નોંધી તેની શોધખોળ ચલાવવામાં આવી રહી છે.

જામનગર ખંભાળિયા હાઈવે રોડ પરથી બાઈકમાં જઈ રહેલા ખંભાળિયા ના વતની હેમંતભાઈ જેઠાભાઇ પરમાર અને સંજય અશોકભાઈ પંડ્યા (૪૭) ગઈકાલે જામનગર-રાજકોટ હાઇવે રોડ પર બાઈક પરથી પસાર થઈ રહ્યા હતા, જે દરમિયાન બાણુંગાર ગામના પાટીયા પાસે જી.જે.૧૮ બી.ડબ્લ્યુ. ૧૭૨૮ નંબરના ટ્રક ના ચાલકે બાઈકને ઠોકરે ચડાવતાં બાઈક સવાર બંનેને નાની મોટી ઈજા થઈ હોવાથી સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા છે. પોલીસે ટ્રક ચાલક સામે ગુનો નોંધી તેની શોધ ખોળ હાથ ધરી છે.

# જામનગરના બે ચીટર સામે ટ્રક ભાડેથી ચલાવવાના બહાને છેતરપિંડી કરવા અંગે વધુ એક ફરિયાદ

(નયના દવે દ્વારા)

જામનગર તા.૮:

જામનગરના સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં બે ચીટર શખ્સો સામે ટ્રક ભાડેથી ચલાવી તેના હપ્તા ભરવાના બહાને છેતરપિંડી અંગેનો વધુ એક ગુનો દાખલ કરાયો છે, અને ટ્રક મેંળવી લીધા બાદ તેના બેન્ક સેટલમેન્ટ ના ૦૯ લાખ રૂપિયા પણ પડાવી લેવા અંગેની પોરબંદરના ટ્રક માલિક દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે પોરબંદરના વતની અને ટ્રક ચલાવતા દેવાભાઈ લાખાભાઈ કોડીયાતર કે જેઓએ જામનગરના સિટી બી. ડિવિઝન પોલીસ મથકમાં આમીન નોતીયાર તેમજ રામભાઈ ભીમશીભાઈ નંદાણીયા સામે પોતાનો એક ટ્રક ભાડેથી ચલાવવા અને તેનું બેંક સેટલમેન્ટ કરાવી હપ્તા ભરી દેવા ના બહાને મેળવી લીધા બાદ ટ્રક પરત નહીં કરી, ઉપરાંત બેન્ક સેટલમેન્ટના નવ લાખ રૂપિયા પણ પડાવી લેવા અંગેની ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી દેવાભાઈ કે જેઓ પોતાની પાસે રહેલા ટ્રકના હપ્તા ભરી શકે તેમ ન હોવાથી આરોપી આમીનના સંપર્કમાં આવ્યા હતા, અને પોતાનો ટ્રક આરોપીને આપીને બેંકમાંથી ટ્રકની લોનનું સેટલમેન્ટ કરીને એનઓસી કઢાવી આપશે તેમ જણાવ્યું હતું. પરંતુ લાંબા સમય સુધી લોનના હપ્તા નહીં ભરી સેટલમેન્ટ કર્યું ન હતું. જેથી આખરે ફરીયાદી દેવાભાઈએ નવ લાખ જેવી રકમ આપીને સેટલમેન્ટ કરી દેવાનું જણાવ્યું હતું. પરંતુ તે રકમ પણ ઉપરોક્ત બંને આરોપીઓ ઓળવી ગયા હતા, અને ટ્રક પરત નહીં કરતાં આખરે મામલો પોલીસ મથકે લઈ જવાયો છે, અને બંને સામે છેતરપિંડી અંગેની પોલીસ ફરિયાદ નોંધાવાઇ છે.

# મોરબીના ટીંબડી ગામની સીમમાં ટ્રક ટ્રેઈલરની ઠોકરે બાઈકચાલક આધેડનું મોત

(રવિ નિમાવત દ્વારા)

મોરબી તા.૮:

ટીંબડી ગામની સીમમાં આધેડ બાઈક લઈને જતા હતા ત્યારે ટ્રક ટ્રેઈલર ચાલકે ઠોકર મારી હતી જે અકસ્માતમાં ગંભીર ઈજા પહોંચતા આધેડનું મોત થયું હતું બનાવ મામલે મોરબી તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

મૂળ અમદાવાદના વતની અને હાલ મોરબી તાલુકાના અમરનગર નજીક ક્રેન સર્વિસ ઓફિસમાં કામ કરતા સલમાનખાન સલીમખાન પઠાણ નામના યુવાને ટ્રક ટ્રેઈલર આરજે ૩૨ જીડી ૯૩૮૩ ના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે જેમાં જણાવ્યું છે કે ફરિયાદીના પિતા સલીમખાન ભૂરાખાન પઠાણ પોતાનું બાઈક લઈને ટીંબડી ગામથી મોરબી તરફ જતા રોડ પરથી જતા હતા ત્યારે ટ્રક ટ્રેઈલર ચાલકે બાઈકને હડફેટે લેતા સલીમખાન પઠાણને પગ અને શરીરે ગંભીર ઈજા પહોંચતા મોત થયું હતું મોરબી તાલુકા પોલીસે ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે

# વાંકાનેર હાઈવે પર ટ્રક ટેન્કર સાથે અથડાયા બાદ ડિવાઈડરમાં અથડાયું, ચાલકનું મોત

(રવિ નિમાવત દ્વારા)

મોરબી તા.૮:

વાંકાનેર હાઈવે પર ટ્રક ટ્રેઈલર ટેન્કર સાથે અથડાયા બાદ ડીવાઈડર સાથે અથડાયું હતું જે અકસ્માતમાં ચાલકને ઈજા પહોંચતા મોત થયું હતું બનાવ મામલે વાંકાનેર તાલુકા પોલીસે ફરિયાદ નોંધી તપાસ ચલાવી છે

ઉત્તરપ્રદેશના રહેવાસી અર્જુનકુમાર રાધેશ્યામ પટેલે ટ્રક ટ્રેઈલર ચાલક વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે જેમાં જણાવ્યું છે કે ગત તા. ૦૭ માર્ચના રોજ વહેલી સવારના સુમારે ટ્રક ટ્રેઈલર ૦૧ એડી ૧૮૪૯ ના ચાલક રાજીવકુમાર ગીરીશકુમાર યાદવ (ઉ.વ.૨૬) રહે બિહાર વાળાએ પોતાનો ટ્રક ટ્રેઈલર પુરઝડપે ચલાવી વાંકાનેર ટોલટેક્ષથી આગળ ચોટીલા તરફ જતા હાઈવે પર પુરઝડપે ચલાવી ફરિયાદીના ટ્રક ટેન્કર જીજે ૩૯ ટી ૪૮૧૫ પાછળના ભાગે અથડાવી વાહન પર કાબુ ગુમાવી ફરિયાદીના ટ્રક ટેન્કરની ડાબી બાજુ અથડાવી બાદમાં ડિવાઈડર સાથે અથડાવી પોતાને ગંભીર ઈજા પહોંચાડી હતી અકસ્માતમાં ટ્રેઈલર ચાલક રાજીવકુમાર યાદવને ગંભીર ઈજા પહોંચતા મોત થયું હતુ વાંકાનેર તાલુકા પોલીસે ફરિયાદ નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે

# મોરબીના ગેસ્ટહાઉસ રોડ પર વરલી જુગાર રમતો ઇસમ ઝડપાયો

(રવિ નિમાવત દ્વારા)

મોરબી તા.૮:

શહેરના ગેસ્ટ હાઉસ રોડ પરથી પોલીસે જાહેરમાં વરલી આંકડા લખી નસીબ આધારિત જુગાર રમતા ઈસમને ઝડપી લઈને રોકડ રૂ ૩૬૦૦ જપ્ત કરી છે મોરબી સીટી એ ડીવીઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય દરમિયાન ગેસ્ટ હાઉસ રોડ પર ગુલાબ પાન પાસેથી આરોપી રાજેશ ચંદુભાઈ ગણાત્રા (ઉ.વ.૫૩) રહે સામાકાંઠે હાઉસિંગ બોર્ડ પાછળ ઋષભનગર વાળાને જાહેરમાં વરલી જુગાર રમતા ઝડપી લીધો હતો જે આરોપી પાસેથી જુગાર સાહિત્ય અને રોકડ રૂ ૩૬૦૦ જપ્ત કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે

# જામનગર નજીક કનસુમરામાં પોલીસનો જુગાર દરોડો, પાંચ પત્તાપ્રેમી પકડાયા

(નયના દવે દ્વારા) જામનગર તા.૮:જામનગર નજીક કનસુમરા ગામમાં ગઈકાલે રાત્રે પોલીસે જુગાર અંગે દરોડો પાડયો હતો, અને પાંચ પત્તા પ્રેમીઓને ઝડપી લીધા છે, અને રોકડ રકમ તથા જુગારનું સાહિત્ય કબજે કર્યું છે.

જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે પૂર્વ બાતમીના આધારે જામનગર તાલુકાના કનસુમરા ગામમાં જુગાર અંગે દરોડો પાડયો હતો, અને જાહેરમાં ગંજી પાના વડે જુગાર રમી રહેલા ગોલુ નંદરામ જાટવ, બંટી મેવાલાલ જાટવ, છોટુ મેવાલાલ જાટવ,ક્રિપારામ મહેશકુમાર વર્મા, અને જગન્નાથ અર્જુનભાઈ વર્માની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૪૧,૬૫૦ થી માલમતા કબજે કરી લીધી છે.

# જામનગર એસઓજી દ્વારા ધોરીમાર્ગો પર ખનિજ ચોરી પકડવા ચેકીંગઃ ૧૩ વાહનો કબ્જે

(નયના દવે દ્વારા)

જામનગર તા.૮:

જામનગર જિલ્લાના કેટલાક માર્ગો પર ગેરકાયદેસર રીતે ખનન કરાયેલા ખનીજ નો જથ્થો અને ખાસ કરીને રેતી નો જથ્થો વહન કરવામાં આવતો હોવાની વિગતો જિલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુ સુધી પહોંચતા તેઓએ ધોરીમાર્ગો પર વોચ રાખવા ટીમ એસઓજીને સૂચના આપતા આજ સવારથી પીઆઈ બી.એન. ચૌધરી ના વડપણ હેઠળ ની એસઓજીની ટૂકડી દ્વારા જોડિયા થી જામનગર તરફના અને લાલપુર સહિતના ધોરીમાર્ગો પર વોચ ગોઠવાઈ હતી. નાયબ પોલીસ વડા ના જણાવ્યા મુજબ આજ બપોર સુધી માં અંદાજે બે કરોડ ની કિંમતના ૧૩ થી વધુ ટ્રક કબજે કરી જુદા જુદા પોલીસ મથકોમાં રાખી દેવાયા છે. ઉપરાંત ધ્રાંગડા નજીક બિન વારસુ ૩૫૦ ટન રેતી નો જથ્થો પણ એસ. ઓ. જી. પોલીસે કબ્જે કર્યો હતો.આ કાર્યવાહી ને લઈ ને ખનીજ ચોરોમાં ફફડાટ મચી ગયો છે.

# મોરબી શ્રદ્ધા પાર્કના મકાનમાંથી દારૂની ૧૩૨ બોટલ સાથે એક ઝડપાયો



(રવિ નિમાવત દ્વારા)

મોરબી તા.૮:

શહેરના શ્રદ્ધા પાર્કના રહેણાંક મકાનમાં રેડ કરી પોલીસે ઈંગ્લીશ દારૂની ૧૩૨ બોટલનો જથ્થો જપ્ત કરી એક આરોપીને ઝડપી લીધો છે મોરબી સીટી બી ડીવીઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય દરમિયાન નવલખી રોડ પર શ્રદ્ધા પાર્ક સોસાયટીમાં રહેતો ધવલ આહીર પોતાના મકાનમાં દારૂનો જથ્થો ઉતારી ઈંગ્લીશ દારૂનું વેચાણ કરતો હોવાની બાતમી મળતા ટીમે રેડ કરી હતી જ્યાં આરોપીના મકાનમાંથી ઈંગ્લીશ દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલ નંગ ૧૩૨ કીમત રૂ ૮૬,૧૭૨ નો જથ્થો કબજે લઈને આરોપી ધવલ રાયધનભાઈ કોઠીવારને ઝડપી લઈને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે

# ટીલાળા ચોકડી પાસે બાઈક સ્લીપ થતા યુવકનું મોત

## ઇલેક્ટ્રિશિયન શાપરમાં કામ પતાવી રાજકોટ ઘરે પરત ફરતી વેળાએ નડ્યો અકસ્માત

રાજકોટ તા.૮:

મૂળ ગોંડલના ગુંદાસરા ગામના વતની અને હાલ રાજકોટમાં રહેતો ઇલેક્ટ્રિશિયન યુવાન શાપરમાં કામ પતાવી રાજકોટ પોતાના ઘરે પરત ફરી રહ્યો હતો ત્યારે ટીલાળા ચોકડી પાસે બાઈક સ્લીપ થતા યુવકનું મોત નીપજ્યું હતું. યુવકના મોતથી પરિવારમાં શોખની લાગણી પ્રસરી છે.આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ ગોંડલના ગુંદાસરા ગામના વતની અને હાલ રાજકોટમાં કાલાવડ રોડ ઉપર કણકોટના પાટીયા પાસે રહેતા અને ઇલેક્ટ્રીકનું કામ કરતા ભરતભાઈ ધીરજભાઈ ઠુંમર નામનો ૩૭ વર્ષનો યુવાન ગઈકાલે શાપરથી પોતાનું બાઈક લઇ રાજકોટ પોતાના ઘરે પરત ફરી રહ્યો હતો ત્યારે ટીલાળા ચોકડી પાસે પહોંચતા ભરતભાઈ ઠુંમરે ડ્રાઇવિંગ પરનો કાબુ ગુમાવતા બાઈક સ્લીપ થયું હતું. જે બાઈક અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા ઇલેક્ટ્રિશિયન યુવકને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં તેની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ મોત નીપજતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે. પ્રાથમિક પૂછપરછમાં મૃતક ભરતભાઈ ઠુંમર બે ભાઈ એક બહેનમાં વચ્ચેટ હતા અને તેમને સંતાનમાં એક પુત્ર છે શાપરમાં ઈલેક્ટ્રીકના કામ સબબ ગયા હતા અને ત્યાંથી પરત ફરતી વખતે બાઈક સ્લીપ થતા જીવલેણ અકસ્માત સર્જાયો હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# કટીંગ વેળાએ પોલીસે ત્રાટકી, રૂા. ૨.૧૩ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો

## શરાબની ૧૮૨૪ બોટલ, એકટીવા અને માલવાહક મળી રૂપિયા ૫.૩૩ લાખનો મુદ્દામાલ કબજે

રાજકોટ તા.૮:

જેતપુર તાલુકા પોલીસે ફિલ્મી ઢબે પીછો કરી ખીરસરા રોડ પર માલવાહક વાહનમાંથી રૂપિયા ૨.૭૩ લાખની કિંમતના વિદેશી દારૂ નો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે બે વાહનો અને દારૂ મળી રૂપિયા ૫.૩૩ લાખનો મુદ્દા માલ કબજે કર્યો છે પોલીસે બંને વાહન ચાલકોના નંબરના આધારે બુટલેગરોની શોધખોળ હાથ ધરી છે. વધુ વિગત મુજબ રાજકોટ જિલ્લામાં હોળી ધુળેટીના પર્વ પૂર્વે દારૂબંધીનો કડક અમલ કરવા એસપી હિમકરસિંહએ આપેલી સુચના ને પગલે જેતપુર તાલુકા પોલીસ મથકના પીઆઇ હેરમા સહિતના સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ હાથ ધર્યું હતું ત્યારે ખીરસરા રોડ પર જીજે ૩૨ પી ૪૯ ૬૬ નંબરમાં વિદેશી દારૂનું કટીંગ થતું હોવાની મળેલી બાતમીના આધારે એએસઆઇ ભુરાભાઈ માલીવાડ સહિતના સ્ટાફે દરોડો પાડયો હતો. બરોડા દરમિયાન નાશ ભાગ મચી જવા પામ્યો હતો અને માલવાહક માંથી રૂપિયા ૨.૭૩ લાખની કિંમતના ૧૮૨૪ નાની બોટલ મળી આવી હતી પોલીસે બનાવ સ્થળેથી એકટીવા દારૂ અને માલવાહક મળી રૂપિયા ૫.૩૩ લાખનો મુદ્દા માલ કબજે કર્યો છે પોલીસે બંને વાહનના નંબરના આધારે બુટલેગર સહિતની શખ્સોની શોધખોળ હાથ ધરી છે.

# વાંકાનેર તાલુકાના જાલીડા નજીક જીનીંગ મિલમાં વિકરાળ આગ લાગી

(રવિ નિમાવત દ્વારા)

મોરબી તા.૮:



જાલીડા ગામ નજીક આવેલ જીનીંગ મિલમાં શનિવારે બપોરના સમયે આગ લાગી હતી અને મોડી સાંજ સુધી પાણીનો મારો ચલાવ્યો હતો છતાં આગ કાબુમાં આવી ના હતી અને રાત્રી સુધીમાં આગ પર કાબુ મેળવી લેવાય તેવી શક્યતાઓ સેવાઈ રહી છે

વાંકાનેર તાલુકાના જાલીડા ગામ પાસે આવેલ સુમીનટર નામની જીનીંગ મિલમાં બપોરે બે વાગ્યાના અરસામાં કોઈ કારણોસર આગ લાગી હતી કારખાનામાં અંદાજે ૫૦ ટ્રક જેટલો કપાસનો જથ્થો રાખેલ હતો જેમાં આગ લાગતા રાજકોટ અને ચોટીલાથી ફાયરની ટીમો બોલાવવામાં આવી હતી વાંકાનેર નગરપાલિકાના ફાયર ફાયટરો ખરા સમયે કામ આવ્યા ના હતા અને બંધ હાલતમાં જોવા મળ્યા હતા જેથી ચોટીલા અને રાજકોટથી ફાયર ટીમો દોડી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવા પ્રયાસ કર્યો હતો ૫ કલાક કરતા વધુ સમય સુધી પાણીનો મારો ચલાવ્યા બાદ ભડકા બંધ થયા હતા જોકે કપાસના ઢગલામાં અંદર ઝબુકતી આગ પર કાબુ મેળવતા મોડી રાત્રી સુધી મથામણ કરવી પડે તેવી સ્થિતિ સર્જાઈ હતી આગ ક્યાં કારણોસર લાગી તે સ્પષ્ટ થયું નથી અને બનાવમાં કોઈ જાનહાની થવા પામી નથી.

# એરોમાઈટ એગ્રો કેમ ઈન્ડસ્ટ્રીઝના માલિકની દરખાસ્ત અન્ય કોર્ટમાં ટ્રાન્સફરની અરજી રદ

## કોર્ટ હેરનબા ઈન્ડસ્ટ્રીઝની તરફેણમા રૂા.૧.૫૨ લાખ વાર્ષિક ૧૮ ટકાના વ્યાજ સાથે ચૂકવવાનો હુકમ કરતા એરોમાઈટ ઈન્ડસ્ટ્રીઝના માલીકે કોર્ટમા દાદ માંગી તી

રાજકોટ તા.૮:

રાજકોટની એરોમાઈટ એચો કેમ ઈન્ડસ્ટ્રીઝના માલીક સામે મહારાષ્ટ્રની હેરનબા ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ કંપનીએ રાજકોટની કોર્ટમાં નાણા વસૂલવાની દિવાની દરખાસ્તના કામે મિલકત જપ્તીનું વોરંટ ઇસ્યુ થયાના તબક્કે દરખાસ્ત રાજકોટ કોર્ટમાંથી લોધીકા કોર્ટમાં ટ્રાન્સફરની આપેલી અરજી રાજકોટ સિવિલ કોર્ટ દ્વારા નામંજૂર કરવામાં આવી છે.આ કેસની હકીકત મુજબ, એરોમાઈટ એગ્રોકેમ ઈન્ડસ્ટ્રીઝના માલીક હીરેન પટેલે હેરનબા ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ કંપની પાસેથી રૂા.૧.૫૨ લાખનો માલ મંગાવેલો તે રકમની માંગણી કરવા છતાં રકમ ચૂકવતા ન હતા. આથી હેરનબા ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડ કંપની દ્વારા મુંબઈની કોર્ટમાં સ્પે. દિ. કેસ દાખલ કરેલો, જે કેસ ચાલી જતા મુંબઈ કોર્ટ દ્વારા હેરનબા ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ કંપનીને રકમ રૂા.૧.૫૨ લાખ તા.૫/ ૧/ ૨૦૨૩થી વાર્ષિક ૧૮ ટકાના વ્યાજ સાથે ચૂકવવાનો એરોમાઈટ એગ્રોકેમ ઈન્ડસ્ટ્રીઝના માલીક હીરેન પટેલને હુકમ કર્યો હતો. બાદ હેરનબા કંપની દ્વારા કાયદા મુજબ હાલની નાણા વસુલાતની દરખાસ્ત રાજકોટની કોર્ટમાં દાખલ કરવામાં આવેલી, દરખાસ્તના કામે એરોમાઈટ એગ્રોકેમ ઈન્ડસ્ટ્રીઝના માલીક હીરેન પટેલે કરેલી દરખાસ્ત રદ કરવાની અરજી સિવિલ કોર્ટે નામંજુર કરી અને એરોમાઈટ એગ્રોકેમ ઈન્ડસ્ટ્રીઝના માલીક હીરેન પટેલની સામે મિલ્કત જપ્તીના વોરંટની બજવણી કરતા એરોમાઈટ એગ્રોકેમ ઈન્ડસ્ટ્રીઝના માલીક હીરેન પટેલે સમૃધ્ધીભવન, ભક્તિનગર સ્ટેશન પ્લોટ, રાજકોટમાંથી વ્યવસાય બંધ કરી મેટોડા મુકામે વ્યવસાય કરવા જતા રહેલા અને મેટોડાનું સરનામે રજુ કરી વોરંટની બજવણી મેટોડા મુકામે કરાવી હતી. હીરેન પટેલનું લોધીકાનું સરનામું રેકર્ડ ઉપર આવેલ હોય જેથી દરખાસ્ત લોધીકા મુકામે ટ્રાન્સફર કરવાની અરજી આપેલી હતી. તે અરજીના વિગતવાર વાંધા હેરનબા ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડ કંપનીના એડવોકેટ દ્વારા આપવામાં આવેલા, જે ધ્યાને લઈ ૧૩મા એડિશનલ સિનિયર સિવિલ જજ જે.એમ. સોલંકીએ એરોમાઈટ એચોકેમ ઈન્ડસ્ટ્રીઝના માલીક હીરેન પટેલની દરખાસ્ત ટ્રાન્સફરની કરવાની અરજી નામંજુર કરી છે. આ કામમાં મૂળ દરખાસ્ત કરનાર વતી ધારાશાસ્ત્રી કિશન એમ. જોષી, ધર્મેન્દ્ર એમ. જરીયા, મયંક હર્ષ તથા સહાયક તરીકે ગૌરવ જરીયા રોકાયા હતા.

# જામનગર રેતીનો ઢગલો ખસેડવાના મામલે શ્રમિક યુવાન પર છરી વડે હુમલો

(નયના દવે દ્વારા) જામનગર તા.૮:

જામનગરમાં કોમલ નગર વિસ્તારમાં રહેતા અને મજૂરી કામ કરતા રમેશ કિશોરભાઈ નામના ૩૮ વર્ષના બાવરી યુવાને પોતાને ગળાના ભાગે તેમજ ખંભા ના ભાગે છરી વડે હુમલો કરી ઇજા પહોંચાડવા અંગે અંબર ચોકડી પાસે રહેતા ઇસ્માઇલ ઉર્ફે ચાચુ સામે સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદી અને આરોપી વચ્ચે રેતી નો ઢગલો ખસેડવા બાબતે તકરાર થઈ હતી, અને આ હુમલો કરી દેવાતાં ઈજાગ્રસ્ત યુવાનને લોહી નિતરતી હાલતમાં જી.જી. હોસ્પિટલના સારવાર આપવી પડી છે. પોલીસે હુમલાખોર આરોપી સામે ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.

# પ્રધાનમંત્રી જન ઔષધી કેન્દ્રની રાજકોટ ખાતે મુલાકાત લેતા સાંસદ રામભાઈ મોકરીયા




રાજકોટ તા.૮:

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૭ માર્ચ ૨૦૧૯ ના રોજ સમગ્ર દેશમાં પ્રધાનમંત્રી જન ઔષધી કેન્દ્ર ખોલીને શુભઆરંભ કરેલ પ્રધાનમંત્રી જન ઔષધી કેન્દ્ર દ્વારા કોઈપણ વ્યક્તિને આ કેન્દ્ર ઉપરથી પીસ્કીશન પ્રમાણે બજાર કિંમત કરતા ૫૦ થી ૮૦% જેટલી સસ્તા દરે દવાઓ ઉપલબ્ધ થાય છે તે માટે વ્યવસ્થા કરી છે માનનીય વડાપ્રધાન શ્રી એ આ ઉમદા યોજનાની સિદ્ધિઓનો પ્રચાર અને પ્રસાર કરવા આ યોજના ને વધુ વેગ આપવા માટે વર્ષ ૨૦૧૯ માં સાતમી માર્ચને સમગ્ર ભારતમાં જન ઔષધી દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી. ૨૦૨૫ ના રોજ ૭મી જન ઔષધી દિવસની ઉજવણી નિમિત્તે આ યોજનાઓ ના પ્રચાર કરવા માટે દેશભરમાં જન ઔષધી કેન્દ્રની સંખ્યા ૧૦,૦૦૦ થી વધારી ને પ્રભાવશાળી ૨૫ હજાર કેન્દ્રો કરવાની જાહેરાત કરી. ૭મી માર્ચ જન ઔષધી દિવસની ઉજવણી નિમિત્તે યોજનાઓની સિદ્ધિઓના પ્રચાર પ્રસાર કરવા માટે અને તેના લાભ વિશે લોકમાં જાગૃતિ લાવવા માટે આ યોજનાની પ્રવૃત્તિઓ માટે કેન્દ્રના માલિકો,લાભાર્થીઓ ,ડોક્ટર ,ફાર્માસિસ્ટ, એનજીઓ, સામાજિક કાર્યકરો અને મીડિયાના સંકલનમાં રહીને ગોઠવણી કરવામાં આવી છે . આ ઉમદા યોજનાઓને બહોળો પ્રચાર થાય તે માટે કેન્દ્રના મંત્રીઓ, માનનીય સાંસદો , ધારાસભ્યશ્રીઓ અને અન્ય મહાનુભાવોને તેમના મતવિસ્તારમાં ૭મીએ માર્ચ ()જન ઔષધી કેન્દ્ર ની મુલાકાત લેવા વિનંતી કરવામાં આવી છે.

# પ્રભાસ-પાટણના મુળ વતની પોલીસ કર્મી હર્ષદસિંહ જાડેજાને નિવૃત વિદાયમાન



(મીનાક્ષી ભાસ્કર દ્વારા)

પ્રભાસ-પાટણ, તા.૮

મુળ પ્રભાસ-પાટણના વતની અને અમદાવાદના મહેમદાવાદ પોલીસ વિભાગમાં કાર્યરત હર્ષદસિંહ અજીતસિંહ જાડેજા વયમર્યાદા નિવૃત થતા પોલીસતંત્ર અને ગ્રામ્યજનોએ ભવ્ય વિદાયમાન આપ્યું હતુ. ધોરાજી તાલુકાના નાનીમારડ ગામના વતની અને વર્ષોથી સોમનાથ ખાતે તેમનો પરિવાર સ્થાઈ એવા તેઓને વિદાયમાન આપવા પોલીસ તંત્રના અધિકારીઓ-ગ્રામજનો અને ખાસ કરીને આ પ્રસંગે તેમના ૮૫ વર્ષના માતૃશ્રી ખાસ હાજર રહ્યા હતા.

## તાત્કાલિક તેની ઈચ્છા કરાઈ પૂર્ણ!

# મોદીને જોઈ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો સુરતનો ઓમ ચૌધરી

સુરત, તા.૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસના સુરત પ્રવાસે હતા, હાલ તેઓ દિલ્હી જવા રવાના થઈ ચૂક્યા છે. પરંતુ પીએમ મોદીએ શુક્રવારે જાહેરસભાને સંબોધવા લિંબાયત વિસ્તારમાં પહોંચ્યા. જ્યાં સભા સ્થળ પરના પંડાલમાં પીએમ મોદી ખુલ્લી જીપમાં સ્ટેજ પર જઈ રહ્યા હતા.

આ દરમિયાન એક તસવીર સામે આવી. જેમાં એક યુવક પીએમ મોદીને એક તસવીર આપે છે. જેમાં પીએમ મોદીની માતા હીરાબા તેમને સ્નેહ કરતા જોવા મળે છે. પીએમને આ તસવીર આપતા યુવક ભાવુક થઈ ગયો હતો. તેમની આંખોમાં આંસુ હતા, જેને જોઈને પીએમ મોદીથી પણ રહેવાયું નહોતું.

જ્યારે આ તસવીર સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ત્યારે જાણવા મળ્યું કે આ યુવકનું નામ ઓમ ચૌધરી છે અને તે સુરતના ઉધના વિસ્તારનો રહેવાસી છે. ઓમ ચૌધરી B.A.C.નો વિદ્યાર્થી છે. પીએમ મોદીએ ઓમ ચૌધરીએ આપેલી તસવીર પર પ્રિય ઓમ, અભિનંદન લખ્યું હતું અને તેના પર હસ્તાક્ષર કર્યા પછી તેમને તે તસવીર પાછી આપી હતી.

જો પીએમ મોદી અને તેમની માતાની તસવીર બનાવનાર ઓમની વાત માનવામાં આવે તો આ તસવીર બનાવવા પાછળનો વિચાર એ હતો કે માતા હીરા બાએ પીએમ મોદીમાં કેવી રીતે સંસ્કારોનું સિંચન કર્યું હશે. તેણે કહ્યું કે જ્યારે મેં પીએમને સભા સ્થળ પર જોયા તો હું તેમના સિવાય બીજું કંઈ જોઈ શક્યો નહીં. તેમને જોયા પછી મારી આંખમાં આપોઆપ આંસુ આવી ગયા. ઓમનું કહેવું છે કે આ તસવીર તેના માટે સૌથી કિંમતી બની ગઈ છે.

# દીવ : કોહીનૂર હૉટેલ પાસે બે બાઈક વચ્ચે ગંભીર અકસ્માત : ચાર યુવાનો ઘાયલ



(શકીલ કાશમાણી દ્વારા)

દીવ, તા.૮

દીવના ગાંધીપરા એરિયા પાસે ક્રિષ્ના પાર્કની સામે કોહિનૂર હોટેલ પાસે રાત્રીના ૮ વાગ્યા બે બાઈક સામ સામે ટકરાતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ માર્ગ ઉપરથી પસાર થતા વાહન ચાલકોએ તાત્કાલિક ઈજાગ્રસ્તોને ૧૦૮ અને ઓટો રીક્ષાની મદદથી સરકારી હોસ્પિટલ ખસેડયા એક બાઈકમાં રોહિત બાબુ અને કાર્તીક બાબુ જે બંને ભાઈઓ ભીંગરોલ તા.ઉનાના છે અને બીજી બાઈકમાં દિપક ગુજા અને વિવેક ભામર જે તા.ખાંભા અમરેલી જીલ્લાના છે વધુ ઈજાગ્રસ્ત યુવાનોને વધુ સારવાર માટે ઉના ખસેડયા અકસ્માત એટલો ગંભીર હતો કે કોઈને માથામાં ઈજા ન થઈ અને દરેકનો બચાવ થયો હતો.

## ૪૫૦ કરોડની નાણાકીય સહાયનું વિતરણ કર્યું

# મોદીએ મહિલા દિવસના અવસરે લખપતિ દીદીઓ સાથે સંવાદ કર્યો

નવસારી, તા.૮

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે તેમના ગૃહ રાજ્ય ગુજરાતના નવસારીમાં લાખપતિ દીદીઓ સાથે વાતચીત કરી હતી. પીએમ મોદીએ વાંસી બોરસી ગામમાં લખપતિ દીદી સંમેલનમાં હાજરી આપી હતી. તેમણે ૨૫,૦૦૦ થી વધુ સ્વસહાય જૂથો (SHG) ની ૨.૫ લાખથી વધુ મહિલાઓને રૂ. ૪૫૦ કરોડની નાણાકીય સહાયનું વિતરણ પણ કર્યું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ગુજરાતના નવસારીમાં લખપતિ દીદીઓ સાથે સંવાદ કર્યો હતો. પીએમ મોદીએ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસરે વાંસી બોરસી ગામમાં ૨૫,૦૦૦ થી વધુ સ્વ-સહાય જૂથો (SHG) ની ૨.૫ લાખથી વધુ મહિલાઓને ૪૫૦ કરોડ રૂપિયાની નાણાકીય સહાયનું વિતરણ કર્યું. નવસારીના વાંસી-બોરસીમાં યોજાનારા કાર્યક્રમમાં તમામ વ્યવસ્થા મહિલા પોલીસ કર્મચારીઓ અને કર્મચારીઓને સોંપવામાં આવી હતી. કુલ ૨,૧૬૫ કોન્સ્ટેબલ, ૧૮૭ ઈન્સ્પેક્ટર, ૬૧ સબ-ઈન્સ્પેક્ટર, ૧૯ ડીએસપી, પાંચ ડીએસપી, પોલીસ ઈન્સ્પેક્ટર જનરલ અને એક એડિશનલ ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ રેન્કના અધિકારીએ આ સમગ્ર કાર્યક્રમની જવાબદારી લીધી હતી. સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર આ કાર્યક્રમ પોલીસિંગ ક્ષેત્રે એક નવો સીમાચિહ્ન સ્થાપિત કરશે, કારણ કે કાયદો અને વ્યવસ્થાના તમામ પાસાઓ તેમજ કાર્યક્રમની વ્યવસ્થા મહિલા પોલીસ અધિકારીના હાથમાં હતી.આ પહેલા પીએમ મોદીએ ગુજરાતને રૂ. ૨,૫૮૭ કરોડના પ્રોજેક્ટની ભેટ પણ આપી હતી. શુક્રવારે પીએમએ સિલ્વાસામાં ૪૫૦ બેડની નમો હોસ્પિટલનું ઉદ્ઘાટન કર્યું. તેમણે સાયલી સ્ટેડિયમમાંથી ૬૨ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ પણ કર્યો હતો

# વેરાવળ તાલુકાના કોડીદ્રા મુકામે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી



(દિનેશ જોશી દ્વારા) કોડીનાર તા ૮:

કોડીનાર સ્થિત અંબુજા ફાઉન્ડેશન દ્વારા વેરાવળ તાલુકાના કોડીદ્રા મુકામે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવા માં આવી હતી . અંબુજા ફાઉન્ડેશનનો ગ્રામીણ પરિવારોને સમૃદ્ધિની શ્રેષ્ઠ તક આપવા માટે દરેક દ્રષ્ટિકોણથી સમર્થન આપે છે. જેથી ગ્રામ્ય વિસ્તારના પરિવારો સામાજિક અને આર્થિક રીતે આગળ વધીને શ્રેષ્ઠ જીવન જીવી શકે .

અંબુજા ફાઉન્ડેશન ગ્રામીણ સમુદાયો સાથે જળ સંસાધન વ્યવસ્થાપન, કૃષિ અને કૌશલ્ય આધારિત આજીવિકા નિર્માણ, આરોગ્ય, શિક્ષણ, મહિલા સશક્તિકરણ અને ગ્રામીણ માળખાગત સુવિધાઓના મુદ્દાઓ પર વિશિષ્ટ રીતે કાર્ય કરે છે. વિકાસ કાર્યક્રમો લોકોની જરૂરિયાતોને અનુરૂપ છે, તેમની સાથે ભાગીદારીમાં અને સમાન વિચારધારા ધરાવતા અને સરકાર સાથે સહયોગમાં કાર્ય કરે છે . મહિલા સસક્ટિકરણ હેઠળ ગીર સોમનાથ જિલ્લાના ૧૩૮ ગામોમાં ૧૪૯૧૮ બહેનો સાથે કાર્યરત છે જેમાં બહેનોના સોસીયલ ઇસ્યુ,પરિવાર વઁદના,વિધવા સન્માન અને રક્ષા કવચ, આરોગ્ય અને સ્વચ્છતા ની જાળવણી માટે શેનીટેશન નું બાંધકામ , ઈન્કમ જનરેટિંગ, સેનેટરી પેડ તાલીમ અને વિતરણ,વ્યસન મુક્તિ, સરકારી વિવિધ પ્રકારની યોજનાઓ સાથે મહિલાઓ નું જોડાણ વેગેરે પ્રવૃત્તિ સાથે કાર્યરત છે વેરાવળ તાલુકાના કોડીદ્રા ગામે સુખનાથ મહાદેવ ના સાનિધ્ધમાં અને જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી મનોહરસિંહ જાડેજા , અબુજા સિમેન્ટ કમ્પનીના સી એમ ઓ શ્રી સંજય વસીષ્ઠ , સી. પી. એમ. શ્રી ઉમાશંકર ચૌધરી , અંબુજા ફાઉન્ડેશન ના રીઝનલ ડાયરેક્ટર શ્રી દલસુખભાઈ વઘાસીયા અને આજુબાજુ ના ગામોના સરપંચો, ઉપ સરપંચો અને પંચાયત સભ્યો, અને આગેવાનોની ઉપસ્થિતીમા આજુબાજુ ના રામપરા, કુકરાશ, આણંદપરા, ભેટાળી, પંડવા, કોડીદ્રા અને ગુણવંતપુર ના ગામોમાંથી આ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ની ઉજવણી મા ૬૦૦ થી વધારે મહિલાઓ એ ભાગ લીધો હતો.

# ધોરાજીના વેપારી સાથે મુંબઈના પિતા-પુત્રની રૂ. ૧૦.૯૨ લાખની ઠગાઈ

## વસઈ ખાતે પેઢી ધરાવતા ભેજાબાજોએ વેબિંગ બેલ્ટનો ઓર્ડર લઈ એડવાન્સ પેમેન્ટ મેળવી લીધા બાદ માલ મોકલ્યો જ નહિ

રાજકોટ

ધોરાજીના ઈમ્પોર્ટ - એક્સપોર્ટના વેપારી સાથે મુંબઈના પિતા-પુત્રએ રૂ.૧૦.૯૨ લાખની ઠગાઈ આચરી લીધાનો બનાવ સામે આવ્યો છે. મુંબઈના વસઈ ખાતે ગોરડીયા સેફ્ટી પ્રોડકટસ પ્રાઈવેટ લીમીટેડ નામે પેઢી ધરાવતા પિતા-પુત્રને વેબિંગ બેલ્ટનો ઓર્ડર આપી એડવાન્સ પેમેન્ટ આપ્યા બાદ માલ નહિ મોકલી ઠગાઈ આચરનાર પિતા-પુત્ર વિરુદ્ધ ધોરાજી પોલીસમાં છેતરપિંડીનો ગુનો નોંધાયો છે.

રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાના વઘાસીયા ચોરા પાસે રહેતા અમઝદભાઈ ઈકબાલભાઈ લુલાણીયા(ઉ.વ.૩૪)એ ધોરાજી પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં મુંબઈના વિલેપાર્લેમાં રહેતા નિહિર ભરત ગોરાડીયા અને ભરત મનસુખભાઇ ગોરાડીયા નામના પિતા-પુત્રનું નામ આપતાં જણાવ્યું હતું કે, ફરિયાદીએ જણાવ્યું હતું કે, વેપાર માટે વેબીંગ બેલ્ટની જરૂરીયાત હોઈ જેથી ગઈ તા. ૨૦/૦૭/૨૦૨૪ ના રોજ મે મારા લેપટોપમાં ગુગલ સર્ચ એન્જીનમાં જઈ વેબીંગ બેલ્ટ માટે અલગ-અલગ કંપની સર્ચ કરતો હતો ત્યારે ગોરાડીયા સેફ્ટી પ્રોડકટસ પ્રાઈવેટ લીમીટેડ નામની કંપની વિશે માહીતી મળેલ હતી. જેમાં કંપનીનું એડ્રેસ અને મોબાઈલ નંબર આપેલ હતા. જેથી આ પેઢીનો સંપર્ક કરતા મારી વાત ભરતભાઈ મનસુખભાઈ ગોરાડીયા સાથે થયેલ હતી. ત્યારે ભરતભાઈએ મને કહેલ કે, અમો અમારી કંપનીમાં વેબીંગ બેલ્ટ બનાવીએ છીએ તમારે કેટલો ઓર્ડર આપવો છે? ત્યારે મારે ૨૦ ટન વેબીંગ બેલ્ટ ઓર્ડર લખાવવો છે તેમ જણાવતા ભરતભાઈએ કહેલ કે, હું તમારી ઓર્ડર ઈન્કવાયરી લખી લઉં છુ, બાદ ફરીવાર મુક્ત પુરી થઇ ગયાં છતાં માલ નહિ મળતા બંને પિતા-પુત્રોએ તા.૨૨/૧૧/૨૦૨૪ ના રોજ ડિલિવરી મળી જશે તેવી ખાતરી આપી હતી. જે બાદ ફરિયાદી તા. ૨૨/૧૧ના રોજ વસઈ ખાતે રૂબરૂ જતાં લાલજી મુળજી ટ્રાસ્પોર્ટમાં ૩ ટન ૯૫૨ કીલો વેબીંગ બેલ્ટ જેની કિંમત રૂ.૭,૧૩,૮૧૯ માલ લોડ કરાવડાવી ધોરાજી ખાતે રવાના કરાવેલ હતો અને બાકીનો માલ ૨૩/૧૨/૨૦૨૪ સુધીમાં મળશે તેવી ખાતરી આપી હતી અને સાથે બે ચેકમાં સહી કરીને આપી હતી કે, જો ડિલિવરી ન મળે તો તમે ચેક નાખી પોતાના પૈસા પરત મેળવી લેજો અને બંને ચેકમાં ક રૂ. ૧૦.૯૨ લાખની રકમ ભરેલ હતી. બાદ માલ નહિ મળતા મેં તા. ૭/૦૧/૨૦૨૫ના રોજ ચેક નાખતા રિટર્ન થઇ ગયો હતો અને ચેકમાં સહી ખોટી છે તેવું કારણ બેંક દ્વારા આપવામાં આવ્યું હતું. આમ વારંવાર માલ મોકલવાનું જણાવતા કંપની માલિકો દ્વારા અલગ અલગ વાયદાઓ કરી રૂ. ૧૦,૯૨,૨૬૮ની ઠગાઈ આચરનાર પિતા-પુત્ર વિરુદ્ધ ધોરાજી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

# રાજકોટ રાષ્ટ્રીય મેગા લોક અદાલતમાં ૮૫૫૨૧ કેસનો નીકાલ

## મોટર અકસ્માત વળતરના -૩૨૮ કેસોનું સમાધાન રાહે નીકાલ કરી રૂા.૨૦૬૦૬૨૦૧૭ રકમનુ સમાધાન

રાજકોટ તા.૮

રાષ્ટ્રીય કાનૂની સેવા સતા મંડળ, ન્યુ દીલ્હી ના આદેશ મુજબ સમગ્ર રાષ્ટ્ર લેવલે કરવામા આવેલ તેમજ તેના ભાગરૂપે ગુજરાત રાજય કાનૂની સેવા સતામંડળ, અમદાવાદનાઓના ઉપક્રમે હાઈકોર્ટના ચીફ જસ્ટીસ સુનીતા અગ્રવાલ તથા એકઝીકયુટીવ ચેરમેન બી.એન.વૈષ્ણવ તથા ગુજરાત રાજય કાનૂની સેવા સતા મંડળ, મેમ્બર સેક્રેટરી આર.એ.ત્રીવેદી તથા જીલલા કાનૂની સેવા સતા મંડળ, જીલ્લા ન્યાયાલય રાજકોટ ના ચેરમેન અને પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ વી.બી.ગોહીલ માર્ગદર્શન તથા સબળ નેતૃત્વ હેઠળ આજ રોજ તા. ૮ને શનિવારે મેગા લોક અદાલતનુ ઉદઘાટન વી.બી.ગોહીલ ( પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ અને ચેરમેન, જીલ્લા કાનૂની સેવાસતા મંડળ), અન્ય એડી. ડીસ્ટ્રીકટ જજ તથા રાજકોટ બાર ના હોદેદારો દવારા કરવામા આવેલ છે. તમામ મહીલા જયુડીશ્યલ ઓફીસર્સ તથા મહીલા વકીલઓ દવારા દીપ પાગ્ટય કરવામાં આવેલ છે. જેમાં તમામ જયુડીશ્યલ ઓફીસર્સ, કોર્ટના સ્ટાફ મિત્રો, રાજકોટ બારના સભ્યો, એમએસીપી બારના સભ્યો, ઈન્સ.કંપનીના અધીકારીઓ,બેંકના અધીકારીઓ હાજર રહેલ છે. રાજકોટ જીલ્લાની તમામ આદાલતોમા આજ રોજ મેગા લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ.આજના દીવસે વિવિધ પ્રકારના પેન્ડીંગ કેસો તથા પ્રિ-લીટીગેશન કેસો મળી કુલ-૧૩૧૪૯૪ કેસો હાથ પર લેવામાં આવેલ. જેમાથી આજ રોજ મોટર અકસ્માત વળતરના કુલ-૩૨૮ કેસોનો સમાધાન રાહે નીકાલ થયેલ છે જેમા રૂા. ૨૦૬૦૬૨૦૧૭/- જેટલી રકમનુ સમાધાન થયેલ તેમજ ચેક રીર્ટનના કુલ-૨૯૯૮કેસોનો સમાધાન રાહે નિકાલ થયેલ. જેમા કુલ રૂ.૧૩૧૨૩૦૬૫૪ જેટલી રકમ નુ સમાધાન થયેલ. તેમજ લગ્ન વીષયક તકરાર અંગેના કુલ-૯૫ કેસોમા સમાન રાહે નીકાલ થયેલ. વધુમા આજ રોજ પ્રિ લીટીગેશન તથા ઈ-મેમો સાથેના કેસો કુલ-૬૫૩૯૨ કેસોનો પ્રિ-લીટીગેશનનમા નીકાલ થયેલ છે જેમા કુલ રૂા.૪૮૦૭૪૫૨૭ /- જેટલી રકમનુ સમાધાન થયેલ.

આજના દીવસે આ તમામ કેસો મળી કુલ- ૪૪૧૭ પેન્ડીંગ કેસો તથા પ્રિ લીટીગેશન કેસો કુલ - ૬૫૩૯૨ કેસોનો તથા સ્પે.સીટીગમા કુલ-૧૫૪૬૮ તથા ફેમીલી કોર્ટના કુલ - ૨૪૪ કેસોનો નીકાલ થયેલ છે. લોક અદાલતમાં કુલ ૮૫૫૨૧ કેસોનો નીકાલ કરવામાં આવ્યો હતો.

# રાજકોટથી લાલકુઆં વચ્ચે સ્પેશિયલ ટ્રેન દોડાવવામાં આવશે

રાજકોટ તા.૮:

મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવે એ રાજકોટ થી લાલકુઆં વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય કર્યો છે. જેની વિગતો નીચે મુજબ છે.

ટ્રેન નંબર ૦૫૦૪૬/૦૫૦૪૫ રાજકોટ-લાલકુઆં વીકલી સ્પેશિયલ ૧૬ ટ્રીપ્સ:ટ્રેન નંબર ૦૫૦૪૬ રાજકોટ-લાલકુઆં સ્પેશિયલ રાજકોટ થી દર સોમવારે ૨૨.૩૦ કલાકે ઉપડશે અને બુધવારે ૦૪.૦૫ કલાકે લાલકુઆં પહોંચશે. આ ટ્રેન ૧૦ માર્ચ, ૨૦૨૫ થી ૨૮ એપ્રિલ, ૨૦૨૫ સુધી ચાલશે. તેવી જ રીતે ટ્રેન નંબર ૦૫૦૪૫ લાલકુઆં-રાજકોટ સ્પેશિયલ દર રવિવારે લાલકુઆંથી ૧૩.૧૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૮.૧૦ કલાકે રાજકોટ પહોંચશે. આ ટ્રેન ૯ માર્ચ, ૨૦૨૫ થી ૨૭ એપ્રિલ, ૨૦૨૫ સુધી ચાલશે.

આ ટ્રેન બંને દિશામાં વાંકાનેર, સુરેન્દ્રનગર, વિરમગામ, મહેસાણા, પાટણ, ભીલડી, ધનેરા, રાણીવાડા, મારવાડ ભીનમાલ, મોદરન, જાલોર, મોકલસર, સમદડી, લુણી, જોધપુર, ગોટન, મેડતા રોડ, દેગાણા, મકરાણા, કુચમન સિટી, નાવા સિટી, ફુલેરા, જયપુર, દૌસા, ભરતપુર, મથુરા, મથુરા કેન્ટ, હાથરસ સિટી, કાસગંજ, સોરોન શુકર, બદાયું, બરેલી, બરેલી સિટી, ઇજ્જતનગર, ભોજીપુરા, બહેરી અને કિચ્છા સ્ટેશન પર રોકાશે.આ ટ્રેનમાં ફર્સ્ટ એસી, સેકંડ એસી, થર્ડ એસી અને સ્લીપર કલાસ ના કોચ હશે.ટ્રેન નંબર ૦૫૦૪૬ નું બુકિંગ ૧૦ માર્ચ, ૨૦૨૫ થી

# રાહુલ ગાંધીને પક્ષમાં રહીને નૂકશાન કરનારાઓને હાંકી કાઢવા આહવાન

## પક્ષની વિચારધારાને સમર્પિત હોય અને સમાજની સમસ્યા ઉજાગર કરે તેવાઓને જ આગળ લાવો

રાજકોટ, તા.૮

કોંગ્રેસપક્ષના નેતા રાહુલ ગાંધીએ આજે તેમના ૨ દિવસના ગુજરાત પ્રવાસના અંતે પક્ષના આગેવાનો તેમજ કાર્યકરોને સંબોધન કરતા પક્ષમાં રહી પક્ષને નૂકશાન કરતા આગેવાનો કે કાર્યકરોને પક્ષમાંથી હાંકી કાઢવા પ્રદેશ નેતાગીરીને આહવાન કરતા જણાવેલ કે ચૂંટણી સમયે જ નેતાઓનુ નાક દબાવી ધાર્યું કરાવતા લોકો માટે હવે પક્ષમાં કોઈ સ્થાન નહીં રહે!

ગુજરાતમાંથી કોંગ્રેસનો શરૂ થયેલ રકાસ ખાળવા કોંગ્રેસ નેતાગીરીએ આગામી સમયમાં આકરૂં વલણ અપનાવવા સલાહ આપતા રાહુલ ગાંધીએ પક્ષની વિચારધારાને વરેલા અને લોક સમસ્યાઓ ઉજાગર કરતા નેતાઓ અને કાર્યકરોને આગળ લાવવાના પ્રયાસો કરવા સલાહ આપી હતી. કોંગ્રેસપક્ષ પાસે નેતાઓ-કાર્યકરોની અછત નથી! પરંતુ પક્ષમાં રહી વિરોધીઓને મદદ કરતા રહેતા આગેવાનો કે કાર્યકરોને પક્ષમાંથી તુરંત જ દૂર કરવામાં આવશે તેવી ચિમકી રાહુલ ગાંધીએ તેમના સંબોધનમાં કરેલ હતી.

અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિની કારોબારી એકમાસ બાદ ગુજરાતમાં યોજનાર છે. તેના પૂર્વે ગુજરાતની મુલાકાતે આવેલ રાહુલ ગાંધીએ ગુજરાત કોંગ્રેસના સંગઠન અને ધારાસભ્યો ત્થા આગેવાનો સાથે યોજેલ બેઠકમાં પક્ષના રાજકીય દેખાવને મજૂબત બનાવવા કેટલાક આકરા પગલા ભરવા છૂટો દોર આપેલ છે.

# અંજાર : યુવતિના બે હત્યારા ઝડપાયા

રાજકોટ, તા.૮

કચ્છ જીલ્લાના અંજાર તાબાના મેઘપર ખાતે આવેલ પારસનગરમાં એક યુવતિની હત્યા કરાયાના બનાવની તપાસમાં અંજાર પોલીસ દ્વારા તુરત જ હાથ ધરવામાં આવેલ કામગીરીમાં હત્યા પ્રકરણમાં સંડોવાયેલા બે આરોપી કરણ અને વિશાલને ઝડપી પાડી હત્યાનું કારણ જાણવા વિસ્તૃત તપાસ હાથ ધરેલ છે.

# બેટદ્વારકાના પી.આઈ.એ મહિલા દિનની કરી ઉજવણી



મીઠાપુર, તા.૮

દેવભૂમી દ્વારકા જીલ્લાના ઓખા મંડળના બેટ દ્વારકા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા મહીલા કર્મચારીને બેટના પી.આઈ. કીરણ પટેલે મહિલા દિવસ નિમીતે મીઠાઈ આપીને મહિલા દિવસની ઉજવણી કરેલ તેમજ તેમને પોતાની ફરજ નીષ્ઠાપૂર્વક બજાવવા બદલ શુભેચ્છા પાઠવેલ હતી.

# માણાવદરમાં મૃત બળદને સમાધી અપાઈ



બળદોના સાચા રક્ષકો હજી પણ સંસારમાં કયાંક કયાંક જીવે છે તેમાં માણાવદરના એક ખેડૂત સુરેશભાઈ ગામી પણ છે. સુરેશભાઈ જમનાદાસ ગામીએ પોતાની ખેતી બળદો દ્વારા જ કરી છે. ૧૮ વર્ષથી જે બળદોએ આ ખેડુના પરિવારને ધન-ધાન્ય આપી જીવાડયા છે. તેનો બદલો સુરેશભાઈએ બળદના મૃત્યુ પછી તેને બ્રાહ્મણો દ્વારા વિધિવત મંત્રોચ્ચાર કરાવી પોતાના ખેતરમાં સમાધિસ્થ કર્યો હતો.

# સૌરાષ્ટ્રથી મહારાષ્ટ્ર સુધીના ૧૧ ગુનાના આરોપી બેલડીને ઝડપી લેતી રાજકોટ ક્રાઈમ બ્રાન્ચ

## બનાસકાંઠાના ચકચારી મફા પટેલ હત્યા, લીંબડી હત્યા અને એટીએમ ચોરી સહીતના ગુના આચરેલા

રાજકોટ

રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ દ્વારા ૧૧ ગુનામાં સંડોવાયેલી ગેંગસ્ટર બેલડીની ગેરકાયદે હથિયાર સાથે ધરપકડ કરી લેવામાં આવી છે. બનાસકાંઠાના ચકચારી મફાભાઈ પટેલ હત્યા, લીંબડી હત્યા, ભરૂચ અને નંદુરબારમાં એટીએમ ચોરી સહિતના ગુનાને અંજામ આપનારી બેલડી ધર્મેશ ઝેઝરીયા અને સમાધાન ગીરાસેની ધરપકડ કરી લેવામાં આવી છે.

ક્રાઈમ બ્રાંચના સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ ૨૦૨૧ની સાલમાં લીંબડી પોલીસ મથકની હદમાં મર્ડર થયું હતું. જેમાં આરોપી ધર્મેશ ઉર્ફે કાળુની ધરપકડ થઈ હતી. તેને સાબરમતી જેલ હવાલે કરવામાં આવ્યો હતો. જયાંથી તેને ગઈ તા.૧૦-૧-૨૦૨૪ થી તા.૧૮-૧-૨૦૨૩ સુધી વચગાળાના જામીન મળ્યા હતા. ત્યાર પછી તે જેલમાં હાજર થયો ન હતો અને ફરાર થઈ ગયો હતો.

૨૦૨૩માં બનાસકાંઠા જીલ્લામાં મફાભાઈ પટેલનું મર્ડર થયું હતું. જેમાં અનિલ કાઠી ગેંગના શૂટર તરીકે સાબરમતી જેલમાંથી ફરાર ધર્મેશ ઉર્ફે કાળુ અને સમાધાન ઉર્ફે અધિકારની સંડોવણી ખુલી હતી. આ બંને આરોપીઓ આ મર્ડર કેસમાં વોન્ટેડ હતા. બાદમાં આ બંને આરોપીઓએ ભરૂચના વાગરા પોલીસ મથક અને દહેજ પોલીસ મથકની હદમાં એટીએમમાંથી ચોરી કરી હતી. આ બંને ગુનામાં પણ વોન્ટેડ હતા. આ ઉપરાંત મહારાષ્ટ્રના નંદુરબારના ઉપનગર પોલીસ સ્ટેશનની હદમાં એટીએમમાંથી રૂા. ૨૬.૨૩ લાખની ચોરી કરી હતી. જેમાં પણ બંનેની સંડોવણી ખુલી છે. આ ગુનાનો ભેદ પણ ઉકેલાઈ ગયો છે. આ રીતે આ બંને આરોપીઓ બનાસકાંઠાના મફાભાઈ પટેલ મર્ડર કેસ અંગે માવસરી પોલીસ મથકમાં નોંધાયેલા ગુના ઉપરાંત ભરૂચના બે એટીએમ ચોરીના ગુના મળી કુલ ત્રણ ગુનામાં વોન્ટેડ હતા. જયારે નંદુરબાર એટીએમ ચોરીમાં સંડોવણી ખુલી છે. આરોપી ધર્મેશ સામે લીંબડી ઉપરાંત બનાસકાંઠા જીલ્લામાં ખુનનો ગુનો નોંધાયો છે. જયારે બીજા આરોપી સમાધાન ઉર્ફે અધિકાર સામે મહારાષ્ટ્ર અને ગુજરાતમાં હત્યા, હત્યાની કોશિષ, પ્રોહિબીશન સહિતના પાંચ ગુના નોંધાયેલા છે. આ બંને આરોપીઓ રાજકોટમાં હનુમાનમઢી પાસે રંગ ઉપવનના ગેઈટ પાસે હોવાની ક્રાઈમ બ્રાંચના એએસઆઈ રણજીતભાઈ પઢારીયા, અશોકભાઈ કલાલ અને જમાદાર સંજયભાઈ દાફડા વગેરેને બાતમી મળી હતી. જેના આધારે પીએસઆઈ એમ.કે. મોવલીયાએ ઝડપી લીધા હતા. બંને આરોપીઓ પાસેથી દેશી બનાવટની પિસ્તોલ મળી આવતા તે અંગે ક્રાઈમ બ્રાંચે આર્મ્સ એકટ હેઠળ ગુનો દાખલ કર્યો છે. બંને આરોપીઓના બે મોબાઈલ ફોન પણ કબજે કર્યા છે.







આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે નવસારીના વાંસી - બોરસી ખાતે આયોજિત લખપતિ દીદી સંમેલનમાં માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વરદ હસ્તે ૨૫ હજારથી વધુ સ્વ - સહાય જૂથની રૂ.૨.૫ લાખથી વધુ મહિલાઓને રૂ.૪૫૦ કરોડથી વધુની સહાય અર્પણ કરવામાં આવી હતી.

# હોળી પહેલા વતન જનારા મુસાફરો માટે સરકાર ૭૧૦૦ એસટી બસ દોડાવશે

અમદાવાદ,તા.૮

રાજ્યના નાગરિકોને આગામી હોળી ધુળેટીના તહેવારો દરમિયાન સરળતાથી અને સત્વરે યાતાયાતની સુવિધા મળી રહે એ આશયથી ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા સવિશેષ આયોજન કરાયું છે. આ તહેવારો દરમ્યાન વધારાની ૧૨૦૦જેટલી બસો વડે કુલ ૭૧૦૦ જેટલી ટ્રીપોનું એક્સ્ટ્રા સંચાલન કરાશે એમ ગુજરાત એસ.ટી.નિગમની યાદીમાં જણાવાયું છે. યાદીમાં વધુમાં જણાવાયાનુસાર નિગમ દ્વારા વિવિધ વાર-તહેવાર તથા ધાર્મિક મેળાઓમાં વધારાની બસોનું સંચાલન કરીને રાજ્યના નાગરિકો પોતાના પરિવાર સાથે તહેવાર ઉજવી શકે એ માટે વધારાની પરિવહન સેવા પુરી પાડે દર વર્ષે પુરી પાડે છે.રાજ્યના પંચ મહાલ, દાહોદ, ઝાલોદ, ગોધરા, સંત રામપુર, છોટાઉદેપુર વગેરે જિલ્લાના નાગરિકો રાજ્યના અન્ય જીલ્લાઓમાં નોકરી/ વ્યવસાય/ મજૂરી અર્થે આવન જાવન કરે છે. વતનથી બીજા જીલ્લામાં સ્થાયી થયેલ હોય તેવા પરિવારો હોળી- ધૂળેટી જેવા તહેવારોમાં માદરે વતન તરફ મુસાફરી કરતા હોય છે. જેથી, નાગરીકો પોતાના પરિવાર સાથે પોતાના વતનમાં તહેવારો ઉજવી શકે તે હેતુથી રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી જેવા કે અમદાવાદ, રાજકોટ, અમરેલી, જુનાગઢ, ભાવનગર અને ભુજ જેવા વિસ્તારમાંથી ગોધરા, દાહોદ, ઝાલોદ, છોટાઉદેપુર વિગેરે જગ્યાએ જવા માટે વધારાની ૧૨૦૦જેટલી બસો વડે કુલ ૭૧૦૦ જેટલી ટ્રીપો સંચાલિત કરવામાં આવશે. જે પૈકી ડાકોર અને દ્વારકા જવા માટે ૫૦૦ બસો દ્વારા ૪૦૦૦ જેટલી ટ્રીપો સંચાલિત કરાશે જ્યારે તારીખ ૧૦ માર્ચ ૨૦૨૫થી ૧૬ માર્ચ ૨૦૨૫ દરમ્યાન હોળી-ધૂળેટીના તહેવારો દરમિયાન પણ આ એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવશે.

ગત વર્ષે ગુજરાત એસ. ટી. દ્વારા ૧૦૦૦ જેટલી બસો દ્વારા ૬૫૦૦થી વધુ ટ્રીપોનું સંચાલન કરી મુસાફરોને વતન ભણી મોકલવામાં આવેલ. ઉપરાંત ડાકોર રણછોડરાયજી ફૂલડોલોત્સવ માટે ૪૦૦ બસો દ્વારા ૩૦૦૦ ટ્રીપોનું દર્શનાર્થીઓ માટે વ્યવસ્થા કરવામાં આવી હતી.

નિગમ દ્વારા કરવામાં આવનાર એક્સ્ટ્રા સંચાલન અન્વયેની સર્વિસનું ડેપો ખાતેથી તથા નિગમની વેબસાઈટ ઉપરથી અને નિગમની મોબાઈલ એપ્લીકેશન પરથી તમામ મુસાફરો એડવાન્સ અને કરંટ ઓનલાઈન બુકિંગનો લાભ મેળવી શકશે તથા મુસાફરોને સંચાલન સબંધિત પૂછપરછ માટે નિગમના તમામ ડેપો પરથી અને નિગમના ટોલ ફ્રી નં. ૧૮૦૦ ૨૩૩ ૬૬૬૬૬૬ ઉપર ૨૪ કલાક જાણકારી મેળવી શકશે. જેનો રાજ્યના નાગરિકો દ્વારા ખાસ લાભ લેવા નિગમ દ્વારા અનુરોધ કરાયો છે.

# ગુજરાતનો ભદ્રેશ પટેલ અમેરિકા-ભારત બંનેમાં વોન્ટેડ, એફબીઆઈએ કરોડોનું ઈનામ રાખ્યું

## સૂચના આપનારાને લગભગ ૨.૧૬ કરોડ રૂપિયાનું ઈનામ

અમદાવાદ,તા.૮

અમેરિકાની એફબીઆઈએ ભારતીય નાગરિક ભદ્રેશકુમાર ચેતનભાઈ પટેલને શોધવા માટે ચાર વર્ષથી આકાશ પાતાળ એક કરી રહી છે. મૂળ ગુજરાતનો રહીશ ભદ્રેશ પટેલ એફબીઆઈની ભાગેડુઓની યાદીમાં સામેલ છે અને એક દાયકાથી ધરપકડથી બચી રહ્યો છે.

જાન્યુઆરી મહિનામાં જ સોશિયલ મીડિયા પોસ્ટમાં એફબીઆઈએ કહ્યું કે "વોન્ટેડ- હથિયારબંધ અને ખુબ જ ખતરનાક ગણાય છે! અમારા દસ મોસ્ટ વોન્ટેડ ભાગેડુઓમાંથી એકને શોધવામાં એફબીઆઈની મદદ કરો. જો તમારી પાસે પટેલ વિશે કોઈ પણ જાણકારી હોય, જે તેની પત્નીની હિંસક હત્યા બદલ વોન્ટેડ ૩૪ વર્ષનો વ્યક્તિ છે, તો એફબીઆઈનો સંપર્ક કરો." અત્રે જણાવવાનું કે એફબીઆઈએ ભદ્રેશ પટેલની ધરપકડમાં મહત્વની સૂચના આપનારાને ૨૫૦,૦૦૦ ડોલર (લગભગ ૨.૧૬ કરોડ રૂપિયા)નું ઈનામ આપવા માટે પણ તૈયાર છે.

ગુજરાતમાં જન્મેલો ભદ્રેશ પટેલ મૂળ વિરમગામના કાંત્રોડી ગામનો રહીશ છે. ભદ્રેશ પત્ની પલક પટેલ સાથે અમેરિકાના મેરીલેન્ડમાં એક ડોનેટની દુકાને કામ કરતો હતો. એવું કહેવાય છે કે પટેલ છેલ્લે ન્યૂયોર્ક, ન્યૂજર્સીમાં જોવા મળ્યો હતો. તેના પર આરોપ છે કે તેણે ૧૨ એપ્રિલ ૨૦૧૫ના રોજ કોઈ મુદ્દે ઉગ્ર બોલાચાલી થતા પલક પર કામ દરમિયાન અનેકવાર કોઈક વસ્તુથી હુમલો કર્યો અને તેની હત્યા કરી નાખી. આ ઘટના રાતની શિફ્ટ દરમિયાન ઘટી જ્યારે ગ્રાહકો હાજર હતા અને સીસીટીવીમાં આ ઘટના કેદ થઈ હતી. ફૂટેજમાં કપલ રસોઈ તરફ જતું જોવા મળે છે અને પછી ગાયબ થઈ ગયું.

૧૨ એપ્રિલ ૨૦૧૫ના રોજ પલકની ધારદાર હથિયારથી હત્યા કરાયેલી હાલતમાં લાશ મળી આવી હતી. પત્નીની હત્યા કર્યા બાદ ભદ્રેશ ફ્લેટમાંથી પોતાની અગત્યની વસ્તુઓ લઈને નેવાર્ક એરપોર્ટ પાસે હોટલ પર ગયો હતો. ત્યારથી એફબીઆઈ તેને શોધે છે. ભદ્રેશ એક જગ્યાએથી બીજી જગ્યાએ નાસતો ફરતો હતો ત્યારથી તેનું નામ એફબીઆઈની ટોપ ૧૦ મોસ્ટ વોન્ટેડની યાદીમાં સામેલ કરાયું છે.

૨૦ એપ્રિલ ૨૦૧૫ના રોજ મેરીલેન્ડમાં એક ધરપકડ વોરન્ટ જાહેર કરાયું હતું. ભદ્રેશ પટેલ પર ફર્સ્ટ ડિગ્રી હત્યા, સેકન્ડ ડિગ્રી હત્યા, ફર્સ્ટ ડિગ્રી હુમલો, સેકન્ડ ડિગ્રી હુમલો અને ઈજા પહોંચાડવાના ઈરાદે ખતરનાક હથિયાર રાખવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. ૨૦૧૭ની એફબીઆઈની એક પ્રેસ વિજ્ઞપ્તિ મુજબ પટેલ અને તેની પત્ની પોતાના એક સંબંધીની ડોનેટની દુકાન પર રાતની શિફ્ટમાં કામ કરતા હતા. તપાસકર્તાઓનો આરોપ છે કે પટેલે ૧૨ એપ્રિલ ૨૦૧૫ના રોજ મધરાતની થોડી પળો પહેલા દુકાનના પાછલા રૂમમાં પત્નીની હત્યા કરી નાખી. તે સમયે તે ૨૧ વર્ષની હતી. પટેલે તેને અનેકવાર ચાકૂના ઘા ઝીંક્યા અને પછી પાછળના દરવાજેથી ભાગી ગયો. એફબીઆઈ પહેલા પણ ચેતવણી આપી ચૂક્યું છે કે પટેલ સશસ્ત્ર અને ખુબ જ ખતરનાક છે. હત્યા બાદ દુકાનમાં ઘૂસેલા એક ગ્રાહકને શક ગયો કે તેનો ઓર્ડર લેવા માટે કોઈ આવ્યું નથી. તેણે પોલીસ અધિકારીને સૂચના આપી અને પછી પલકનો મૃતદેહ મળી આવ્યો. ત્યારથી ભદ્રેશ પટેલ અમેરિકામાં વોન્ટેડ છે અને ભારતમાં પણ તે વોન્ટેડની યાદીમાં સામેલ છે.

# "કટ્ટરપંથી મૂર્ખોની પરવા ન કરો": ચેમ્પિયન ટ્રોફીમાં 'રોઝા વિવાદ' પર જાવેદ અખ્તર ગુસ્સે થયા





નવીદિલ્હી,તા.૮

ભારતીય ક્રિકેટ ટીમ હવે ચેમ્પિયન્સ ટ્રોફી જીતવાથી માત્ર એક ડગલું દૂર છે. ભારતીય ટીમ આવતીકાલે એટલે કે રવિવારે ન્યુઝીલેન્ડ સામે ફાઈનલ મેચ રમશે. ફાઈનલ મેચમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવનાર બોલર મોહમ્મદ શમી છેલ્લા કેટલાક દિવસોથી હેડલાઈન્સમાં છે. મોહમ્મદ શમીના ઉપવાસ ન રાખવા પર કેટલાક મૌલાનાઓએ પોતાની પ્રતિક્રિયા આપી હતી જેનો ઘણો વિરોધ થયો હતો. હવે જાવેદ અખ્તર પણ શમીના બચાવમાં કૂદી પડ્યા છે. એટલું જ નહીં, જાવેદ અખ્તરે કટ્ટરપંથીઓ પર પ્રહાર કરતા કહ્યું, 'શમી સાહેબ, ચિંતા ના કરો અને કટ્ટરપંથી મૂર્ખોની પરવા ના કરો.' તમે અમને અને સમગ્ર દેશને ગર્વ કરાવો છો.

તમને જણાવી દઈએ કે તાજેતરમાં જ્યારે ભારતીય ટીમ ઓસ્ટ્રેલિયા સામે સેમિફાઈનલ મેચ રમી રહી હતી, ત્યારે શમી જમીન પર પાણી પીતો જોવા મળ્યો હતો. તેનો વીડિયો વાયરલ થયો અને કેટલાક લોકોએ રમઝાન દરમિયાન રોઝા ન રાખવા બદલ શમી પર નિશાન સાધ્યું. આ મુદ્દો ફક્ત ચાહકો અને સોશિયલ મીડિયા વપરાશકર્તાઓ પૂરતો મર્યાદિત ન હતો, પરંતુ ઈસ્લામના કેટલાક મૌલાનાઓએ પણ આગળ આવીને તેને ખોટું ગણાવ્યું. આ પછી, ક્રિકેટ મેચની વચ્ચે મોહમ્મદ શમી માટે ઉપવાસ રાખવો કેટલો મહત્વપૂર્ણ છે તે અંગે ચર્ચા શરૂ થઈ. આ અંગે લોકોએ શમીને ઉપવાસ ન રાખવાની સલાહ પણ આપી હતી. તે જ સમયે, કેટલાક કટ્ટરપંથીઓએ શમીને ટ્રોલ કરવાનો પ્રયાસ કર્યો. હવે જાવેદ અખ્તરે પણ આ અંગે શમીનો બચાવ કરતી એક પોસ્ટ શેર કરી છે. જેમાં જાવેદ અખ્તર લખે છે, 'શમી સાહેબ, કટ્ટર મૂર્ખોની ચિંતા ના કરો, જેને તમારા પાણી પીવામાં સમસ્યા છે તેને તેની સાથે કોઈ લેવાદેવા ન હોવી જોઈએ.' તમે અમારી ગૌરવશાળી ભારતીય ટીમના સ્ટાર છો અને હું તમને ફાઈનલ મેચ માટે શુભકામનાઓ પાઠવું છું.તે જ સમયે, કેટલાક કટ્ટરપંથીઓએ મોહમ્મદ શમીને ઉપવાસ ન રાખી શકવા બદલ ટ્રોલ કરવાનું શરૂ કર્યું, અને લોકો પણ તેનો બચાવ કરવા માટે કૂદી પડ્યા. ભૂતપૂર્વ ક્રિકેટર હરભજન સિંહે પણ શમીનો બચાવ કર્યો અને કહ્યું કે મેચ દરમિયાન ઉપવાસ રાખવો જરૂરી નથી. હરભજન સિંહે કહ્યું હતું કે, 'તમે ઘરે બેઠા છો, તેથી જ તમે આવું વિચારી રહ્યા છો.' પણ મારો અંગત મત એ છે કે રમતગમતને ધર્મથી ઉપર જોવી જોઈએ. આ દેશનો મામલો છે અને અહીં આપણે આપણા લક્ષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ.

# ગાંધીનગરમાં ૨૭ મંદિર દૂર કરવા મ.ન.પા.ની નોટિસ: વિહિપ દ્વારા આંદોલનની ચિમકી






ગાંધીનગર,તા.૮

ગાંધીનગર મહા નગરપાલિકા દ્વારા ૨૭ મંદિરોને દૂર કરવાની નોટિસ આપવામાં આવી છે. મંદિરોને તોડવાની નોટિસને લઈને વિવાદ સર્જાયો છે, ત્યારે વિશ્વ હિન્દુ પરિષદમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વિહિપના પ્રમુખે જણાવ્યું છે કે, 'મંદિર દૂર કરવાની કાર્યવાહી થશે સંગઠન અને બજરંગદળ દ્વારા આંદોલન કરવામાં આવશે.'

ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં આવેલા ૨૭ જેટલાં મંદિરોને દૂર કરવાને લઈને મહા નગરપાલિકા દ્વારા નોટિસ આપવામાં આવી છે. જેને લઈને વિવાદના વંટોળ છવાયો છે, ત્યારે વિહિપના પ્રમુખે જણાવ્યું હતું કે, 'આગામી સોમવારે તમામ મંદિરના ટ્રસ્ટીઓ અને પૂજારીની હાજરીમાં એક બેઠક બોલાવાનું આયોજન કરવામાં આવ્યું છે. મંદિરો દૂર કરવાની નોટિસ મામલે મુખ્યમંત્રી અને રાજ્યગૃહ મંત્રીને રજૂઆત કરાશે. જેમાં આ મંદિરોને કાયમી માટે સ્વતંત્ર અને કેટલાક અડચણરૂપ અન્ય જગ્યાએ સ્થાળાંતર કરવા માટે જમીનની ફાળવણી કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવશે.'મળતી માહિતી મુજબ, ગાંધીનગરમાં અગાઉ ૨૨ મંદિરો દૂર કરવા નોટિસ આપવામાં આવી હતી. જ્યારે હવે ફરી ૨૭ મંદિરોને દૂર કરવાને લઈને મ.ન.પા. દ્વારા નોટિસ આપવામાં આવતા હિન્દુ સંગઠનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જ્યારે ફઉઁના પ્રમુખે જણાવ્યું હતું કે, 'રાજ્ય સરકાર દ્વારા અમારી માંગ સ્વીકારવામાં નહીં આવે તો બજરંગદળ દ્વારા આંદોલન કરવામાં આવશે. ૨૫ વર્ષથી સરકાર શાસનમાં છે તો એ ભ્રમણા દૂર કરવી જોઈએ કે, અમે ગમે તે કરીશું તો કઈ થશે નહીં. ઔરંગઝેબનું પણ શાસન ટકી શક્યું નથી.'

# ભાવનગરની મેડિકલ કોલેજમાં રેગિંગ: જુનિયર્સનું અપહરણ કરી સિનિયર્સે માર માર્યો, ગાંજા માટે ૧ લાખ માંગ્યા

ભાવનગર,તા.૮

શહેરની ગવર્મેન્ટ મેડિકલ કોલેજના ૨ જુનિયર ડૉક્ટરોનું તા.૬ માર્ચની રાત્રીના ૧૦.૩૦ કલાકે ૨ સિનિયર ડોકટર, ૪ સાથી ડોકટરો તેમજ ૨ અન્ય લોકોએ અપહરણ કરી શારીરિક અને માનસિક યાતના આપી ૫ કલાક સુધી ઢોર માર મારવાની ઘટના તેમજ માર માર્યો હતો. જેના બાદ ફરી મેડિકલ કોલેજની હોસ્ટેલમાં લાવી વધુ એક જુનિયર ડોકટરને તેના રૂમમાંથી ઉઠાવી લાવી ત્રણેય ડોકટરોને એકરૂમમાં રાખી માર મારવાની ઘટનાએ ભારે ચકચાર મચાવી છે. ભારે યાતનાનો ભોગ બનેલા ત્રણેય જુનિયર ડોકટરોને ગત રાત્રિના એટલે કે ૭ તારીખે સારવાર માટે આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યારે પોલીસે પણ આ ઘટનામાં ત્રણેય ડોકટરોની ફરિયાદ લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ભાવનગરની સર.ટી. હોસ્પિટલમાં તૈયાર થઈ રહેલા ૩ ભાવિ જુનિયર ડોકટરોનું તેના જ સિનિયર અને સાથી ડોક્ટરો દ્વારા અપહરણ અને રેગીંગ કરી ૫ કલાક સુધી ઢોર માર મારવાની ઘટના સામે આવી છે. આ ઘટનામાં ગત તા.૬ ના રોજ રાત્રીના ૧૦.૩૦ કલાકે મેડિકલ કોલેજમાં રહેલા જુનિયર ડો. આકાશ આનંદભાઈ કળથીયા તેમજ ડો.ઈશાન કીર્તિકુમાર કોટકને કોલેજની બહાર બોલાવી સિનિયર ડોકટર બલભદ્ર ગોહિલ તેમજ અભિરાજ પરમાર દ્વારા કારમાં અપહરણ કરી ઉઠાવી લઈ ગયા હતા. તેમજ શહેરના વિવિધ માર્ગો પર ૪૦ મિનિટ સુધી કારમાં ફેરવી ઢોર મારમારી બાદમાં શહેરના હિલડ્રાઈવ વિસ્તારની એક અવાવરું જગ્યા પર લઈ ગયા હતા. જ્યાં અન્ય એક કારમાં અન્ય સાથી ડોકટરો જેમાં નરેન ચૌધરી, મન પટેલ, મિલન કાકલોતર, પિયુષ ચૌહાણ તેમજ ૨ અન્ય ઈસમો જેડી અને કાનો નામના વ્યક્તિ હાજર હતા.

અપહરણ કરનાર ૨ સિનિયર, ૪ સાથી જુનિયર અને અન્ય ૨ ઈસમો ગાંજાના વ્યસની હોય ત્યાં જ ગાંજાનો નશો કરી આ બંને ડોકટરોને ઢોર માર માર્યો હતો તેમજ દુષ્કર્મ આચરવાની ધમકી આપી બીભત્સ ગાળો આપી હતી. ત્યાર બાદ ૫ કલાક સુધી રાત્રીના ૩.૩૦ સુધી માર માર્યો હતો. તેમજ બંને ડોક્ટરોના મોબાઈલ છીનવી તેમાંથી તેમના પર્સનલ વીડિયો ફોટા વાયરલ કરવાની ધમકી આપી હતી. આ ગંજેરી ડોકટરોએ તેમણે ખરીદી કરેલા ગાંજાના બાકી બિલ પેટે ૧ લાખ રૂપિયાની માંગ પણ કરી હતી. ધાકધમકી અને માર માર્યા બાદ બંનેને કાલુભા રોડ પરની બોયસ મેડિકલ હોસ્ટેલમાં લઈ ગયા અને ત્યાં ત્રીજા ડોક્ટર એવા અમન જોશીને તેના રૂમમાંથી સૂતો હતો ત્યાંથી ઉઠાવી લાવ્યા હતા. તેને પણ નિર્વસ્ત્ર કરી માર માર્યો હતો અને તેની મરજી મુજબ કામ કરવા ધમકી આપી મજબુર કર્યા હતા.

ડરી ગયેલા આ ત્રણેય ડોકટરોની વહારે અન્ય જુનિયર ડોકટરો પણ પહોંચ્યા હતા અને મેડિકલ કોલેજના ડિન સહિતના લોકો સાથે આ ઘટના અંગે વાતચીત કરી ત્રણેયને સર.ટી.હોસ્પિટલના આઈસીયુ વોર્ડમાં સારવાર માટે ખસેડાયા હતા. પોલીસને જાણ કરતા પોલીસે ત્રણેય ભોગ બનનાર જુનિયર ડોક્ટરોના નિવેદન લઈ ૨ સિનિયર, ૪ સાથી જુનિયર તેમજ અન્ય ૨ મળી કુલ ૮ લોકો સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

આ ઘટનાના પગલે રાત્રીના જુનિયર ડોક્ટરોના ટોળા હોસ્પિટલ ખાતે દોડી ગયા હતા અને તંત્ર અને સરકાર પાસે ન્યાયની માંગ કરી હતી. આમ સિનિયર અને સાથી ડોક્ટરો દ્વારા કરવામાં આવેલા અપહરણ, રેગીંગ, ધમકી તેમજ ઢોર માર મારવાની ઘટનાને પગલે ભાવનગર સરકારી મેડિકલ કોલેજ મેનેજમેન્ટ સામે પણ અનેક સવાલો ઉઠવા પામ્યા છે.

## મુદત લંબાવવા નિર્ણય

# જ્ઞાન સાધના સ્કોલરશીપ પરીક્ષા માટે ૧૧ માર્ચ સુધી ફોર્મ ભરી શકાશે

અમદાવાદ, તા.૮

મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશીપ માટે ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહી શરૂ કરાયા બાદ વિદ્યાર્થીઓને ૬ માર્ચ સુધીની મુદત અપાઈ હતી. જોકે, હજુ ઘણા વિદ્યાર્થીઓના ફોર્મ ભરવાના બાકી હોવાનું જણાતા રાજ્ય પરીક્ષા બોર્ડે જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશીપ માટે ફોર્મ ભરવાની મુદત લંબાવવાનો નિર્ણય લીધો છે. જે અનુસાર હવે આ પરીક્ષા માટે વિદ્યાર્થીઓ ૧૧ માર્ચ સુધી ફોર્મ ભરી શકશે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશીપ માટે ૨૯ માર્ચે પરીક્ષા લેવાશે. ધોરણ-૧થી ૮માં સરકારી અથવા ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમા સળંગ અભ્યાસ કરી ધોરણ-૮નો અભ્યાસ પૂર્ણ કરેલો હોય તેમજ રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત ખાનગી શાળામાં ધોરણ-૧માં પ્રવેશ મેળવી ધોરણ-૮ સુધીનો સળંગ અભ્યાસ પૂર્ણ કરેલો હોય તેવા વિદ્યાર્થીઓ પૈકી તેજસ્વી વિદ્યાર્થીઓ માટે શિક્ષણ વિભાગ દ્વારા મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશીપ શરૂ કરવામાં આવેલી છે. જેમાં ધોરણ-૯થી ૧૨ સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરી શકે તે માટે રાજ્યના ૨૫૦૦૦ તેજસ્વી વિદ્યાર્થીને દર વર્ષે પસંદ કરીને સ્કોલરશીપ આપવામાં આવે છે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આગામી સ્કોલરશીપ પરીક્ષાને લઈને જાહેરનામું બહાર પાડ્યું હતું. જેમાં પરીક્ષા માટેના રજિસ્ટ્રેશન ફોર્મ ભરવાની કાર્યવાહી ૨૫ ફેબ્રુઆરીથી શરૂ કરવામાં આવી હતી અને વિદ્યાર્થીઓ ૬ માર્ચ સુધી ફોર્મ ભરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી. જોકે, ૬ માર્ચ સુધી ફોર્મ ભરવાની મુદત પૂર્ણ થયા બાદ પણ ઘણા વિદ્યાર્થીઓના ફોર્મ ભરવાના બાકી રહી ગયા હોવાનું જણાતા ફોર્મ ભરવાની મુદતમાં વધારો કરાયો છે. જે મુજબ હવે જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશીપ માટે વિદ્યાર્થીઓ ૧૧ માર્ચ સુધી ફોર્મ ભરી શકશે. ફોર્મ ભરવાની કાર્યવાહી પૂર્ણ થયા બાદ ૨૯ માર્ચના રોજ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પરીક્ષા લેવામાં આવશે.

# અમિતાભ બચ્ચને અયોધ્યામાં રામ મંદિર પાસે બે વિઘા જમીન ખરીદી

અયોધ્યા,તા.૮:મેગાસ્ટાર અમિતાભ બચ્ચને રામનગરી અયોધ્યામાં બે વિઘા જમીન ખરીદી છે. તેની કિંમત લગભગ ૮૬ લાખ રૂપિયા છે. બિગ બી આ જમીન પર તેમના પિતા હરિવંશ રાય બચ્ચનના નામે એક સ્મારક ટ્રસ્ટ બનાવશે. આ સ્થળ રામ મંદિરથી ૨૦ મિનિટના અંતરે આવેલું છે. જેને મુંબઈના ડેવલપર 'ધ હાઉસ ઓફ અભિનંદન લોઢા' દ્વારા હરિવંશ રાય બચ્ચન મેમોરિયલ ટ્રસ્ટના નામે ખરીદવામાં આવ્યું છે.

મેગાસ્ટાર અમિતાભ બચ્ચને ખરીદેલી જમીન તિહુરા માંઝામાં આવેલી છે. આ સ્થળ રામ મંદિરથી લગભગ ૭ કિલોમીટર દૂર છે. અહીં પહોંચવામાં લગભગ ૨૦ મિનિટ લાગે છે. જો અહેવાલો પર વિશ્વાસ કરવામાં આવે તો, બિગ બી અહીં હરિવંશ રાય બચ્ચન મેમોરિયલ ટ્રસ્ટનું નિર્માણ કરશે.

તમને જણાવી દઈએ કે અમિતાભ બચ્ચન ગયા મહિને ૯ ફેબ્રુઆરીએ રામનગરી આવ્યા હતા. તેમણે અહીં રામ મંદિરમાં દર્શન કર્યા. આ સમય દરમિયાન તેમણે કહ્યું હતું કે તેઓ અયોધ્યાની મુલાકાત લેતા રહેશે. તે હંમેશા ગંગા કિનારે રહેતો છોકરો હોય છે. આ પહેલા પણ અમિતાભ બચ્ચને અયોધ્યામાં જમીન ખરીદી હોવાના સમાચાર પ્રકાશમાં આવ્યા હતા.

## ૨૦૨૭ની ચૂંટણી જીતવા માસ્ટર પ્લાન

# રાહુલ ગાંધી ગુજરાતના તમામ ૩૩ જિલ્લાઓમાં પ્રવાસ કરશે

અમદાવાદ, તા.૮

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી આવનારા મે અથવા જૂન મહિનાથી ગુજરાતમાં તંબુ તાણવાની તૈયારીમાં છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, રાહુલ ગાંધી ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને કોંગ્રેસનું સંગઠન પાયામાંથી મજબૂત કરવા માટે ગુજરાતના તમામ ૩૩ જિલ્લાઓમાં પ્રવાસ કરશે. રાજ્યના કોંગ્રેસ સંગઠનના એક વરિષ્ઠ નેતાએ જણાવ્યું હતું કે, "પાર્ટી અધિવેશન સમાપ્ત થયા બાદ તરત જ રાહુલ ગાંધી ગુજરાતમાં જોવા મળશે. તેઓ દરેક જિલ્લા સંગઠન સાથે સીધો સંવાદ કરશે અને આગામી ચૂંટણીઓની તૈયારીઓની સમીક્ષા કરશે."

માત્ર રાહુલ ગાંધી જ નહીં, પ્રિયંકા ગાંધી પણ આવનારા દિવસોમાં ગુજરાતમાં સક્રિય રહેશે. કેન્દ્રીય કમિટી સાથે મળીને ગુજરાત કોંગ્રેસ રાહુલ ગાંધીનો ગુજરાત પ્રવાસ ડિઝાઈન કરી રહી છે.અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિની ગુજરાત પ્રભારી સુહાસિની યાદવે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે, "રાહુલ ગાંધી ગુજરાતને ખૂબ મહત્વ આપી રહ્યા છે. તેઓ પાર્ટીના કાર્યકર્તાઓ સાથે સીધા સંપર્કમાં રહેવા માંગે છે અને સંગઠનને ગ્રામીણ સ્તર સુધી મજબૂત કરવા તેમનું લક્ષ્ય છે."

આ પ્રવાસનો મુખ્ય ઉદ્દેશ્ય ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી માટે સંગઠનને મજબૂત કરવાનો છે. ગુજરાતમાં છેલ્લા ત્રણ દાયકાથી ભાજપનું શાસન રહ્યું છે અને કોંગ્રેસ આ વખતે મજબૂત દાવેદારી પેશ કરવા માંગે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, રાહુલ ગાંધી ગુજરાતમાં કોંગ્રેસના સંગઠનને પાયામાંથી મજબૂત કરવા પર ભાર આપશે. તેઓ જિલ્લા સ્તરે કાર્યકર્તાઓને પ્રોત્સાહિત કરવા અને સ્થાનિક મુદ્દાઓને સમજવા માટે ખાસ ધ્યાન કેન્દ્રિત કરશે.

ગુજરાત કોંગ્રેસના પ્રવક્તાએ જણાવ્યું કે, "રાહુલ ગાંધીનો આ ગુજરાત પ્રવાસ ચૂંટણી જીતવા માટે એક મહત્વપૂર્ણ પગલું છે. આ પ્રવાસ દ્વારા કોંગ્રેસ કાર્યકર્તાઓને નવી ઊર્જા મળશે અને ૨૦૨૭ની ચૂંટણીમાં વિજય મેળવવા માટે પાર્ટી તૈયાર થઈ શકશે."રાહુલ ગાંધીના ગુજરાત પ્રવાસનો આજે બીજો દિવસ છે. આજે રાહુલ ગાંધીએ અમદાવાદમાં કાર્યકરોને સંબોધન કર્યું હતું. કાર્યકર્તા સંવાદમાં રાહુલ ગાંધીએ નિવેદન આપતા કહ્યું કે, કાલે હું આવ્યો અને સિનિયર નેતાઓને મળ્યો. મારો હેતુ હતો કે તમારા દિલની વાત સાંભળું અને સમજુ. મારી અને કોંગ્રેસની ગુજરાતમાં શું જવાબદારી બને છે. હું ગુજરાતમાં માત્ર કોંગ્રેસ પક્ષ માટે નથી આવ્યો.

# રૂડા દ્વારા ૧૯ આવાસો સીલ કરી કબજો પરત લેવાયો

રાજકોટ, તા.૮

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના-મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત પરિશ્રમ અને આદિત્ય-૭૯ હાઉસિંગ કો.ઓપરેટીવ સર્વિસ સોસાયટી ખાતે આવાસધારકો દ્વારા આવાસના દસ્તાવેજ-ભાડાકરાર કરાવેલ ન હોય તેવા ૧૯ લાભાર્થીઓના આવાસોને રૂડા દ્વારા સીલ મારી આવાસનો કબ્જો પરત લેવામાં આવેલ છે. તેમજ આદર્શ અને હાઉસિંગ કો-ઓપરેટીવ સર્વિસ સોસાયટીના ૧૫ આવાસધારકોને કબજો પરત લેવા માટેની નોટીસ પાઠવેલ છે.

# અવસાન નોંધઃ

**કોડીનાર:** દેવળી દેદાજી નિવાસી અરસીભાઈ અરજનભાઈ બારડ (નિવૃત તાલુકા પંચાયત સર્કલ ઇન્સ્પેક્ટર) (ઉ. વ. ૯૦) તે કરશનભાઈ (અંબુજા સિમેન્ટ) , કાદુભાઈ ના પિતા અને રિતેશભાઈ,પિન્ટુભાઈ ના દાદા નું તા.૭ ના રોજ દુ:ખદ અવસાન થયું છે.

**રાજકોટ:** ઝાલાવાડ સત્તર તાલુકા બ્રાહ્મણ, મૂળ લીંબડી નિવાસી, હાલ, રાજકોટ સ્થિત ઝાલાવાડ, સત્તર તાલુકા બ્રાહ્મણ વિનોદિનીબેન દિનેશકુમાર ભટ્ટ (ઉં.વ. ૮૧) તે ચૈતન્યભાઈ ભટ્ટ તથા સુધાબેન ભટ્ટના માતાનું તા.૭ ને શુક્રવારના રોજ કૈલાશવાસ થયેલ છે.સદગતનું બેસણું તા.૧૦-૦૩-૨૦૨૫, સોમવારે સાંજે ૪૩૦થી ૬૩૦ સુધી તેમના નિવાસ સ્થાન ''શિવ શક્તિ'', ૩, જંક્શન પ્લોટ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** રાજકોટ નિવાસી સ્વ.કરશનદાસ ગણાત્રા અને મુક્તાબેન ગણાત્રાના પુત્ર અશોકભાઈ ગણાત્રા (ઉ.વ.૫૭) તે સોનલબેન ગણાત્રા (કેકવાળા)ના પતિ, ભાગ્યેશ અને રાજના પિતા, સ્વ.ભરતભાઈ તથા કિરીટભાઈ ગણાત્રા (રીટાયર્ડ પ્રોફેસર, પી.ડી.એમ. કોલેજ), રાજશ્રીબેન પ્રકાશભાઈ રાચ્છ અને ચેતનભાઈ (એડીશનલ કલેકટર, ગાંધીનગર)ના ભાઈ, પ્રકાશકુમાર રાચ્છ (પી.ડી.એમ.કોલેજ)ના સાળા તથા ડો.પ્રીતિબેન ગણાત્રા (કુંડલીયા કોલેજના પ્રિન્સીપાલ)ના દિયર તથા સ્વ.બીપીનભાઈ દાસાણી(જુનાગઢ)ના જમાઈનું તા.૭ ના રોજ અવસાન થયેલ છે. જેમની પ્રાર્થનાસભા તથા સ્વસુરપક્ષની સાદડી તા.૮ ને શનિવારે સાંજે ૫ થી ૬ ગંગેશ્વર મહાદેવ મંદિર, યોગી પાર્ક, પરિશ્રમ સ્કૂલ સામે, રાજકોટ ખાતે રાખેલ છે.

### મહિલા દિવસની ઉજવણી થઈ રહી છે ત્યારે

# કચ્છના અંજારમાં ૨૩ વર્ષીય મહિલાની ક્રુર હત્યા

ભુજ,તા.૮

દેશ અને દુનિયાભરમાં મહિલા દિવસની ઉજવણી થઈ રહી છે. આ દરમિયાન, કચ્છના અંજારમાં ૨૩ વર્ષીય મહિલાની ક્રૂર હત્યાની ઘટના પ્રકાશમાં આવી છે. અંજારમાં, પાયલ ઉત્તરમચંદાણી નામની ૨૩ વર્ષીય મહિલાના પ્રેમીએ તેના ગુપ્તાંગ અને શરીરના વિવિધ ભાગો પર તીક્ષ્ણ હથિયારથી હુમલો કરીને તેની હત્યા કરી દીધી હતી. પોલીસે સમગ્ર મામલે કેસ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, અંજારના મેઘપર બોરીચીના પારસનગરમાં તેના પરિવાર સાથે રહેતી પાયલ ઉત્તમચંદાણી (સિંધી) નામની ૨૩ વર્ષીય યુવતીની તેના પ્રેમીએ હત્યા કરી હતી. પ્રેમીએ તીક્ષ્ણ હથિયાર વડે યુવતીની ક્રૂરતાથી હત્યા કરી દીધી. ક્રૂરતાની બધી હદો પાર કરીને, ખૂની પ્રેમીએ યુવતીના ગુપ્તાંગ, ગરદન, છાતી, પેટ, ડાબો હાથ અને શરીરના અન્ય ભાગો પર છ થી સાત વાર હુમલો કર્યો, જેના કારણે યુવતીનું આખું ઘર લોહીથી લથપથ થઈ ગયું અને અરાજકતા ફેલાઈ ગઈ. આ ઘટના શુક્રવારે (૭ માર્ચ) બપોરે બની હતી, જે રાત્રે ૮ વાગ્યે પ્રકાશમાં આવી હતી. ત્યાં સુધીમાં છોકરી તેના જ ઘરમાં લોહીથી લથપથ પડી હતી. સમગ્ર ઘટના પ્રકાશમાં આવ્યા બાદ, મૃતક છોકરીના ભાઈ કરણ પ્રકાશ ઉત્તમચંદાણીએ અંજાર પોલીસ સ્ટેશનમાં અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ કેસ નોંધાવ્યો છે.

મૃતક પાયલ આદિપુરમાં ડો. સલાટની હોસ્પિટલમાં રિસેપ્શનિસ્ટ તરીકે કામ કરતી હતી. પાયલ તેના ભાઈ કરણ, માતા નિશાબેન અને દાદી ભોપીબેન સાથે રહેતી હતી. કરણ ગાંધીધામમાં એક દુકાનમાં કામ કરે છે, પાયલ એક હોસ્પિટલમાં કામ કરે છે અને તેની માતા અને દાદીની સંભાળ રાખે છે. પરિવારના બધા સભ્યો સવારે નવ થી દસ વાગ્યે કામ પર જાય છે અને સાંજે આઠ થી નવ વાગ્યે ઘરે પાછા ફરે છે. મૃતક પાયલ સવારે દસ વાગ્યે કામ પર જતી અને બપોરે બે વાગ્યે ઘરે પાછી આવતી. ત્યારબાદ તે સાંજે પાંચ વાગ્યે કામ પર જતી અને રાત્રે નવ વાગ્યે ઘરે પાછી આવતી. પાયલ શુક્રવારે બપોરે ઘરે પરત ફર્યા બાદ તેના પ્રેમીએ તેની હત્યા કરી દીધી. જ્યારે તેની માતા રાત્રે ૮ વાગ્યે ઘરે પાછી આવી, ત્યારે તેણે પાયલને લોહીથી લથપથ હાલતમાં જોઈને તેમના પગ નીચેથી જમણી સરખી ગઈ હતી. હત્યાની ઘટના પ્રકાશમાં આવતા જ અંજાર પોલીસ સક્રિય થઈ ગઈ. પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ, માનવીય અને તકનીકી દેખરેખના આધારે યુવાન હત્યારાની ધરપકડ કરવામાં આવી છે. આ હત્યારો બીજું કોઈ નહીં પણ પાયલનો પ્રેમી છે. તે પાયલ સાથે લગ્ન કરવા માંગતો હતો, પરંતુ પાયલ લગ્ન કરવા માંગતી ન હતી, તેથી તેમની વચ્ચે વારંવાર ઝઘડા થતા હતા. આનાથી ગુસ્સે થઈને તેના પ્રેમીએ તેની હત્યા કરી દીધી. હાલમાં, અંજારના પોલીસ અધિક્ષક એ.આર. ગોહિલ આ કેસની વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજકોટમાં હિટ એન્ડ રનઃ આયસરની ઠોકરે મહિલાનું મોત

રાજકોટ તા.૮

રાજકોટ-અમદાવાદ હાઇવે પર કુચીયાદળ ગામ નજીક હિટ એન્ડ રનની ઘટના સર્જાઈ છે. પૂરપાટ ઝડપે ધસી આવેલ આયસરે અડફેટે લેતા ૪૫ વર્ષીય મહિલાનું મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જી નાસી ગયેલ આયસર ચાલકની એરપોર્ટ પોલીસે શોધખોળ શરૂ કરી છે.

મામલામાં વેલનાથપરામાં રહેતા રામજીભાઈ અશોકભાઈ છીપરીયા (ઉ.વ.૨૫)એ એરપોર્ટ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે,

ગઇ તા. ૦૫/૦૩/૨૦૨૫ ના રોજ સાંજના આશરે ચારેક વાગ્યા અરસામા મારા મામા મનોજભાઈનો ફોન આવેલ કે તમારા માતાનુ પોણા ચાર વાગ્યાના અરસામા રાજકોટ અમદાવાદ હાઈવે પર કુચીયાદડ ગામ પાસે આવેલ બોમ્બે સુપર કંપની સામે હાઈવે રોડ ઉપર એકસીડન્ટ થયેલ છે.ત્યા ભેગા થયેલ માણસોમાથી કોઇએ ૧૦૮ એમ્બ્યુલન્સમા ફોન કરેલ હતો. જેથી ત્યા ૧૦૮ એમ્બ્યુલન્સ આવેલ અને મારા માતા રંજનબેનને જોઈ તપાસીને મરણ ગયેલ જાહેર કરેલ હતા. બનાવ બાબતે પુછપરછ કરતા બોમ્બે સુપર કારખાનામાં કામ કરતા જનકપરી ગૌસ્વામી ત્યા હાજર હોય તેમણે જણાવેલ કે હું મારા કારખાનાથી રોડ ક્રોસ કરતો હતો. ત્યારે રાજકોટ બાજુથી એક આયસર પુરઝડપે આવેલ અને તે મારી માતાને હડફેટે લીધેલ જેના રજી નં. જીજે-૩૪-ટી-૬૫૭૫ જોવામાં આવેલ હતા. માતાની અંતિમ વિધિ પૂર્ણ થતાં પુત્રએ એરપોર્ટ પોલીસ મથકમાં આયસર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

### મોબાઈલની ચિલઝડપ કરી સમડી ફરાર

શહેરના મોચીનગર વિસ્તારમાં મોબાઈલની ચિલઝડપનો બનાવ સામે આવ્યો છે. ટ્રેડિંગ પેઢીમાં નોકરી કરતા યુવાન મોબાઈલમાં વાત કરી રહ્યો હતો ત્યારે પાછળથી મોટરસાયકલ લઈને ધસી આવેલ સમડી મોબાઈલ ઝુંટવી ફરાર થઇ જતાં ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

મામલામાં અક્ષરનગર મેઈન રોડ પર રહેતા મુકેશભાઇ દિનેશભાઈ પરમાર (ઉ.વ.૨૫)એ ગાંધીગ્રામ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તા. ૨૪/૦૨/૨૫ ના રોજ રાત્રીના નવેક વાગ્યા આસપાસ હું ઘરે જમીને મોચિનગર આર.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ પાસે ચાલવા માટે નિકળેલ હતો. ચાલતા ચાલતા હું રાત્રીના સાડા નવેક વાગ્યાના અરસામા મારા મિત્ર હિતાર્થ મોદી સાથે ફોનમાં વાત કરતો હતો. દરમિયાન એક અજાણ્યો શખ્સ પાછળથી મોટરસાયકલ લઈને ધસી આવ્યો હતો અને મારા હાથમાં રહેલ મોબાઈલ ખેંચી લઇ નાસી ગયો હતો.

મોબાઈલ ઝુંટવી જનાર શખ્સે કાળા રંગનું ટી શર્ટ અને માથે કાળા કલરની ટોપી પહેરી હતી. આ શખ્સ મારો મોબાઈલ જેની કિંમત રૂ. ૨૪,૫૦૦ થવા પામે છે તે ઝુંટવી ફરાર થઇ જતાં આજુબાજુમાં આ શખ્સ વિશે તપાસ કરી હતી પણ કોઈ ભાળ નહિ મળી આવતા અંતે ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. મામલામાં ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી ચીલ ઝડપ આચરી લેનાર સમડીની શોધખોળ શરૂ કરી છે. મામલાની તપાસ હેડ કોન્સ્ટેબલ એમ એન ભેટારીયા ચલાવી રહ્યા છે.

# પોરબંદરઃ પતિએ પત્નીની હત્યા કરી ફાંસો ખાધો

### માસૂમ બાળકોની સામે જ બની સમગ્ર ઘટના, અડધી રાત્રે ડરી ગયેલા ભાઈઓ દાદા-દાદીના ઘરે દોડી ગયા



પોરબંદર તા.૮:

પોરબંદરના બગવદર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પત્ની-પતિ વચ્ચેના ઝઘડાનો કરૂણ અંજામ આવ્યો હોય તેવી ઘટના સામે આવી છે. જ્યાં ફટાણા ગામે પોતાના બે બાળકોની નજર સામે જ પતિએ પત્નીને ગળેટૂંપો આપી હત્યા કર્યા બાદ પોતે પણ ગળેફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. જેથી ડરી ગયેલા બન્ને ભાઈઓ અડધી રાતે દાદા-દાદીના ઘરે દાડી ગયા હતા અને સમગ્ર ઘટનાની જાણ કરી હતી. પ્રાથમિક તારણ મુજબ બન્ને વચ્ચે અવારનવાર ઝઘડાઓ થતાં હતા. જેના પરિણામ સ્વરૂપ ગતરાત્રીના સમયે ગુસ્સામાં રહેલા પતિએ આ પગલું ભર્યું હતું, બનાવની જાણ થતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને વધુ તપાસ શરૂ કરી હતી.

બનાવ અંગેની મૃતક પતિ મેરામણના ભાઇ કરણ કેશુભાઇ સાદીયાએ પોલીસને માહિતી આપતા જણાવ્યું હતું કે, તેઓ ફટાણા ગામે નિવૃત જીવન ગાળતા ૬૫ વર્ષિય પિતા કેશુભાઈ અને ૬૦ વર્ષિય માતા જેઠીબેન સાથે રહે છે. તેમનો મોટો ભાઈ મેરામણ સાદીયા(૩૭), પત્ની મનીષાબેન(૩૩) અને ૧૩ વર્ષ તથા ૮ વર્ષની વયના બે બાળકો સાથે જ તેમની બાજુમાં જ રહે છે.

ગતરાત્રીના પોણા એક વાગ્યાના સમયે જોર-જોરથી ડેલીનો દરવાજો ખખડવાનો અવાજ આવ્યો. જે બાદ કેશુભાઈ (મૃતકના પિતા)એ દરવાજો ખોલતાં જોયું તો મેરામણ(મૃતક)ના બન્ને દિકરાઓ બહારે ઉભા-ઉભા રડતા હતા. તેમને પુંછતા ગભરાયેલા અવાજે તેમણે જણાવ્યું હતું કે, ‘‘મારા પપ્પાએ મારી મમ્મી સાથે મારા-મારી કરીને તેણે પંખા સાથે ચાદર બાંધીને ગળેફાંસો આપી દીધો છે. જે બાદ ઘરે જઇને તપાસ કરતા મેરામણ સીલીંગ ફેન સાથે ચાદર બાંધીને ગળેફાસોં ખાધેલી હાલતમાં લટકતો જોવા મળ્યો હતો. જ્યારે મનીષાબેન પણ મૃત હાલતમાં લોખંડના ખાટલા ઉપર પડેલા હતા. તેઓને નાકમાંથી લોહી પણ નિકળતું હતુ અને ગળાના ભાગે ઈજાઓ તથા ખરોચના નિશાનો જોવા મળ્યા હતા.

મૃતકના ભાઇ કરણ સાદીયાએ નોંધાવેલી ફરીયાદ મુજબ તેના ભાઈ મેરામણ તથા ભાભી મનીષાબેન વચ્ચે ક્યારેક-ક્યારેક ઝઘડા થતા. ગતરાત્રે બન્ને વચ્ચે કોઇ બાબતે ઝઘડો થતાં ભાઈ મેરામણે ભાભી મનીષાનું ગળું દબાવી અથવા ગળાના ભાગે મુઢ ઈજા પહોંચાડી મોત નિપજ્યું હતું. જે બાદ તેણે પોતે પોતાની મેળે ગળોફાસોં ખાઇ આપઘાત કરી લીધો હતો.

ફટાણાં ગામે બનેલી ઘટનાને પગલે પોરબંદરના ઉઢજાઃ ઋતુ રાબા સહિતના અધિકારીઓ સ્થળ પર પહોંચ્યા હતા. રહસ્યમય હત્યા અને આપઘાતના આ કેસમાં મૃતકના ભાઇની ફરીયાદ લઇને પોલીસે ઉંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે. નાના એવા ગામમાં બનેલી ઘટનાને પગલે ચર્ચાનો વિષય બન્યો છે પોલીસ તપાસ બાદ આ ઘટનાની સાચી હકીકત બહાર આવશે.

# અમરેલીઃ ગાંજાના વેપાર સાથે હત્યાનો આરોપી ઝડપાયો

અમરેલી તા.૮:

અમરેલી એસઓજી પોલીસે મહત્વપૂર્ણ સફળતા મેળવી છે. પોલીસે ચિતલ ગામમાંથી ૪.૪૧૯ કિલો ગાંજો જપ્ત કર્યો છે. આ કેસમાં બે આરોપીની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે એક આરોપી હજુ ફરાર છે. મુખ્ય આરોપી ધવલ રમેશભાઈ બથવાર ચિતલ ગામનો રહેવાસી છે. તે અગાઉ હત્યાના કેસમાં પણ સંડોવાયેલો હતો. બીજો આરોપી ગૌતમ ઉર્ફે નવાબ લક્ષ્મણભાઈ દાફડા મોણપુર ગામનો રહેવાસી છે. ત્રીજો આરોપી દિવાકરભાઈ ઓડિશાનો રહેવાસી છે, જે હાલ ફરાર છે. એસપી સંજય



ખરાતની સૂચના મુજબ એસઓજી ટીમે ચિતલ ગામમાં દરોડો પાડ્યો હતો. આરોપીઓ પાસેથી ૪.૪૧૯ કિલો ગાંજો અને બે મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૫૪,૧૯૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આરોપીઓ ઓડિશાથી ગાંજો મંગાવી સ્થાનિક વિસ્તારમાં વેચાણ કરતા હતા.આ કેસની વધુ તપાસ બાબરા પોલીસને સોંપવામાં આવી છે. પોલીસ હવે ગાંજાના સપ્લાય નેટવર્ક અને વિતરણ વ્યવસ્થાની તપાસ કરશે. પીઆઈ આર.ડી.ચૌધરીની ટીમના સંજયભાઈ પરમાર, યુવરાજસિંહ સરવૈયા, જયરાજભાઈ વાળા, રાઘવેન્દ્રભાઈ ધાધલ અને પ્રવીણસિંહ ચૌહાણ સહિતના પોલીસ કર્મચારીઓએ આ કામગીરી કરી છે.

# રાજકોટઃ મિકેનિકને જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી કાતર ભોંકી દેવાઈ

રાજકોટ તા.૮

શહેરના સાધુ વાસવાણી રોડ પર ઇલેક્ટ્રિક ઉપકરણ રીપેરીંગ કરતા મિકેનિક મોડો પહોંચતા રૈયાગામના મોઇન ચૌહાણ આણી ટોળકીએ યુવકને કાતર ઝીંકી દીધાનો બનાવ સામે આવ્યો છે. યુવકને જ્ઞાતિ પ્રત્યે હડધુત કરીને માર મારનાર ચાર શખ્સોં વિરુદ્ધ યુનિવર્સીટી પોલીસમાં હુમલો, એટ્રોસિટી એક્ટ સહીતની કલમો હેઠળ ગુનો નોંધાયો છે. રૈયા ગામના જુના વણકરવાસમાં રહેતા અને ઇલેક્ટ્રિક ઉપકરણ રીપેરીંગ કરતા ભાવેશભાઈ ભરતભાઈ રાઠોડ(ઉ.વ.૩૦)એ યુનિવર્સીટી પોલીસમાં નોંધાવેલી ફરીયાદમાં મોઇન ચૌહાણ અને આસિફ બેલીમનું નામ આપતાં જણાવ્યું હતું કે, રેલનગર ખાતે મુકેશભાઈ દંગીને ત્યાં ઇલેક્ટ્રિક પીઓપીનું કામ કરતો હતો ત્યારે મોઇન ચૌહાણનો ફોન આવેલ કે, મારી ઓફિસ સાધુ વાસવાણી રોડ ગંગોત્રી ડેરીની ઉપર આવે છે, બાદમાં હું આશરે પોણા ત્રણ વાગ્યે મોઇનની ઓફિસે પહોંચ્યો હતો.

